અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

09 JANUARY-2026 FRIDAY | Vol. : 17 | Issue : 189 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  66 આંતરરાષ્ટ્રીય સંગઠનોથી અલગ થયું અમેરિકા: ઇન્ટરનેશનલ સોલાર એલાયન્સ PM મોદીએ બનાવ્યું હતું

4  સુખ અને દુખની અનૂભૂતિ માટે મન, મગજ, અને હૃદય એ ત્રણ અવયવ જવાબદાર છે

6  ક્રિતી સેનન નાની બહેનના લગ્ન માટે ઉદયપુર પહોંચી

7  ચાંદીના ભાવ ઊંધા માથે પટકાયા: ઓલટાઇમ હાઇ થયા પછી કડાકો, એક કિલોના ₹2.36 લાખ, સોનું પણ સસ્તું થયું

## મમતા બોલ્યા- મોદી જી... અમિત શાહને કંટ્રોલમાં રાખો

# TMCના IT સેલ ઇન્ચાર્જના ઘર-ઓફિસ પર EDના દરોડા, એક્શન વચ્ચે ફાઈલ લઈને નીકળી ગયા દીદી

**કોલકાતા, તા.08**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ગુરુવારે આરોપ લગાવ્યો કે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કથિત કોલસા તસ્કરી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દરોડા દરમિયાન અવરોધ ઉભો કર્યો. તેઓ કોલકાતામાં પોલિટિકલ કન્સલ્ટન્ટ ફર્મ I-PACના ડિરેક્ટર પ્રતીક જૈનના ઘરમાં બળજબરીપૂર્વક ઘૂસ્યા અને પોતાની સાથે ઘણા ફિઝિકલ ડોક્યુમેન્ટ્સ અને ઈલેક્ટ્રોનિક ડિવાઈસ લઈ ગયા.



ED અનુસાર, આ પછી મુખ્યમંત્રી સોલ્ટ લેક સ્થિત I-PAC કાર્યાલય પણ પહોંચ્યા. અહીં પણ રાજ્ય પોલીસની મદદથી મહત્વના પુરાવા બળજબરીપૂર્વક પોતાની સાથે લઈ ગયા. પ્રતીક જૈન મમતાની પાર્ટી TMCના IT સેલના વડા પણ છે.

મમતાએ આ કાર્યવાહીને રાજનીતિથી પ્રેરિત ગણાવી અને કહ્યું- મને માફ કરશો પ્રધાનમંત્રીજી, કૃપા કરીને તમારા ગૃહમંત્રીને નિયંત્રિત કરો. આ કાર્યવાહીના વિરોધમાં મમતા આવતીકાલે બપોરે 2 વાગ્યે માર્ચ કાઢશે. પુરાવા સાથે ચેડા કરવાના મામલે EDએ કલકત્તા હાઈકોર્ટનો દરવાજો ખખડાવ્યો છે. બીજી તરફ, I-PACએ પણ સર્ચની કાયદેસરતાને પડકારી છે. મામલાની સુનાવણી શુક્રવારે જસ્ટિસ સુવરા ઘોષની બેન્ચમાં થશે.

જ્યારે, પ્રતીક જૈનના પરિવારે શેક્સપીયર સરણી પોલીસ સ્ટેશનમાં ED અધિકારીઓ વિરુદ્ધ મહત્વપૂર્ણ દસ્તાવેજોની ચોરીનો આરોપ લગાવતા ફરિયાદ નોંધાવવાનો નિર્ણય કર્યો છે.

EDએ ગુરુવારે મની લોન્ડરિંગ કેસમાં પ્રતીક જૈનના ઘર અને ઓફિસ પર દરોડા પાડ્યા. આ કાર્યવાહી સવારે 6 વાગ્યે શરૂ થઈ હતી, પરંતુ લગભગ 11:30 વાગ્યા પછી મામલો વધ્યો. સૌથી પહેલા કોલકાતા પોલીસ કમિશનર, પ્રતીકના નિવાસસ્થાને પહોંચ્યા. થોડા સમય પછી CM મમતા બેનર્જી પોતે લાઉડન સ્ટ્રીટ સ્થિત તેમના ઘરે પહોંચી ગયા. મમતા ત્યાં થોડીવાર રોકાયા. જ્યારે તેઓ બહાર નીકળ્યા, ત્યારે તેમના હાથમાં એક લીલી ફાઈલ દેખાઈ. આ પછી તેઓ I-PACની ઓફિસે પણ ગયા. તેમણે કહ્યું- ગૃહમંત્રી મારી પાર્ટીના દસ્તાવેજો ઉઠાવી રહ્યા છે. EDએ કહ્યું કે પશ્ચિમ બંગાળમાં 6 અને દિલ્હીમાં 4 ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવ્યા. CM મમતાએ દરોડાને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા અને તેની પાછળ BJPના ષડયંત્રનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે શું ED અને અમિત શાહનું કામ પાર્ટીની હાર્ડ ડિસ્ક અને ઉમેદવારોની યાદી જપ્ત કરવાનું છે? આ એક ખોટા અને તોફાની ગૃહમંત્રી છે, જે દેશની સુરક્ષા કરી શકતા નથી. મારી પાર્ટીના તમામ દસ્તાવેજો ઉઠાવીને લઈ ગયા છે. એક તરફ તેઓ પશ્ચિમ બંગાળમાં SIR દ્વારા મતદારોના નામ હટાવવાનું કામ કરી રહ્યા છે. બીજી તરફ આ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહી છે. મને માફ કરજો પ્રધાનમંત્રીજી, કૃપા કરીને તમારા ગૃહમંત્રીને નિયંત્રિત કરો. જો તમે (BJP) અમારી સાથે લડી શકતા નથી, તો તમે બંગાળ શા માટે આવી રહ્યા છો? અમને લોકતાંત્રિક રીતે હરાવો. તમે અમારી એજન્સીઓનો ઉપયોગ અમારા કાગળો, અમારી રણનીતિ, અમારા મતદારો, અમારા ડેટા, અમારા બંગાળને લૂંટવા માટે કરી રહ્યા છો. આ બધું કરીને, તમને જેટલી બેઠકો મળી રહી હતી, તે ઘટીને શૂન્ય થઈ જશે. EDએ કહ્યું કે કોલકાતામાં I-PACના ઠેકાણાઓ પર દરોડા સંપૂર્ણપણે પુરાવાના આધારે પાડવામાં આવી રહ્યા છે. આ કોઈ રાજકીય પક્ષ કે ચૂંટણી સાથે જોડાયેલો મામલો નથી. આ કાર્યવાહી હવાલા, ગેરકાયદેસર કોલસાની તસ્કરી અને મની લોન્ડરિંગ સાથે જોડાયેલા કેસમાં થઈ રહી છે. EDએ જણાવ્યું કે કાર્યવાહી 2020માં CBIએ નોંધેલા તે કેસ સાથે સંબંધિત છે, જે અનુપ માજી ઉર્ફે લાલાના કોલસા તસ્કરી સિન્ડિકેટ સાથે જોડાયેલો છે. આરોપ છે કે સિન્ડિકેટે પૂર્વીય કોલફિલ્ડ્સના આસનસોલ અને આસપાસના (પશ્ચિમ બર્ધમાન) વિસ્તારોમાં કોલસાની ચોરી અને ગેરકાયદેસર ખોદકામ કર્યું.

ED દાવો કરે છે કે કોલસાની તસ્કરી સાથે સંકળાયેલા એક હવાલા ઓપરેટરે Indian PAC Consulting Pvt Ltd (I-PAC) ને કરોડો રૂપિયાના વ્યવહારો કરાવ્યા. એજન્સી અનુસાર, I-PAC પણ હવાલાના નાણાં સાથે સંકળાયેલી એકમોમાં સામેલ છે.

EDએ કહ્યું કે કાર્યવાહી શાંતિપૂર્ણ અને વ્યાવસાયિક રીતે ચાલી રહી હતી, પરંતુ મમતા બેનર્જી મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ સાથે પહોંચ્યા પછી તપાસમાં અવરોધ ઊભો થયો. ભાજપ નેતા સુવેન્દુ અધિકારીએ કહ્યું, 'હું દરોડા પર કોઈ કમેન્ટ નહીં કરું. ED વિગતો આપી શકે છે.

## ભારત પર લાગશે 500% ટ્રમ્પ ટેરિફ? : આવતા અઠવાડિયે US સંસદમાં મતદાન

### રશિયા પર 500% ટેરિફવાળા બિલને ટ્રમ્પની લીલીઝંડી, હવે ભારત, ચીન પર નિશાન

**વોશિંગ્ટન, તા.08**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા વિરુદ્ધ કડક પ્રતિબંધો સંબંધિત એક બિલને મંજૂરી આપી દીધી છે. ઈકોનોમિક ટાઈમ્સ અનુસાર, આ બિલમાં રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા દેશો, ખાસ કરીને ભારત, ચીન અને બ્રાઝિલ પર 500% સુધી ટેરિફ લગાવવાની જોગવાઈ છે.



રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામએ જણાવ્યું હતું કે બુધવારે વ્હાઈટ હાઉસમાં તેમની ટ્રમ્પ સાથે મુલાકાત થઈ, જેમાં રાષ્ટ્રપતિએ બિલને લીલી ઝંડી આપી દીધી. આ બિલ છેલ્લા ઘણા મહિનાઓથી તૈયાર કરવામાં આવી રહ્યું હતું. એને આવતા અઠવાડિયે સંસદમાં વોટિંગ માટે લાવવામાં આવી શકે છે.

આ બિલનું નામ 'સેન્ક્શનિંગ ઓફ રશિયા એક્ટ 2025' છે. એનો હેતુ એવા દેશો પર દબાણ બનાવવાનો છે, જે યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યા છે. અમેરિકાનો આરોપ છે કે એનાથી રશિયાને યુદ્ધ લડવામાં મદદ મળી રહી છે.

અમેરિકાએ રશિયન ઓઈલની ખરીદી પર પહેલેથી જ 25% વધારાનો ટેરિફ લગાવ્યો છે. જો આ બિલ પસાર થશે તો દિલ્હી માટે નવી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. અત્યારસુધીમાં ભારત પર કુલ 50% ટેરિફ લાગુ થઈ ચૂક્યો છે.

આના કારણે ભારતને અમેરિકામાં પોતાનો સામાન વેચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેની અસર ભારતના નિકાસ પર પડી રહી છે. બંને દેશો વચ્ચે ટેરિફ વિવાદનો ઉકેલ લાવવા માટે ટ્રેડ ડીલ પર વાતચીત પણ ચાલી રહી છે.

ભારત ઈચ્છે છે કે એના પર લાદવામાં આવેલી કુલ 50% ટેરિફ ઘટાડીને 15% કરવામાં આવે અને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર જે વધારાની 25% પેનલ્ટી લગાવવામાં આવી છે એને સંપૂર્ણપણે ખતમ કરવામાં આવે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી આ વાટાઘાટોથી નવા વર્ષમાં કોઈ નક્કર નિર્ણય આવવાની આશા છે.

લિન્ડસે ગ્રેહામ (Lindsay Graham)એ 5 જાન્યુઆરીએ જણાવ્યું હતું કે તેઓ લગભગ એક મહિના પહેલાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાના ઘરે ગયા હતા. એ મુલાકાતમાં ભારત દ્વારા રશિયન ઓઈલની ખરીદી ઘટાડવા અંગે સૌથી વધુ ચર્ચા થઈ હતી.

તેમણે જણાવ્યું હતું કે ભારતીય રાજદૂતે તેમને રાષ્ટ્રપતિ ટ્રમ્પ સુધી આ સંદેશ પહોંચાડવા કહ્યું હતું કે ભારત પર લાદવામાં આવેલી વધારાની 25 ટકા ટેરિફ હટાવવામાં આવે.

ભારતે 2021 પછી પહેલીવાર રશિયાથી ક્રૂડ ઓઈલની આયાત ઘટાડી છે. રોઈટર્સના રિપોર્ટ અનુસાર, ભારતની રશિયન ઓઈલ આયાત નવેમ્બરમાં લગભગ 17.7 લાખ બેરલ પ્રતિદિન હતી, જે ડિસેમ્બરમાં ઘટીને લગભગ 12 લાખ બેરલ પ્રતિદિન રહી ગઈ છે. આવનારા સમયમાં એ 10 લાખ બેરલ પ્રતિદિનથી પણ નીચે જઈ શકે છે.

જાન્યુઆરીમાં આવનારા આંકડાઓમાં ભારતની રશિયન ઓઈલ આયાતમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. નવેમ્બર 21થી રશિયાની બે મોટી ઓઈલ કંપનીઓ રોસનેફ્ટ અને લુકોઈલ પર અમેરિકી પ્રતિબંધો લાગુ થયા છે. આ પછી ભારતની રશિયાથી ઓઈલ આયાત ઘટવા લાગી છે.

## સુપ્રીમ કોર્ટે કહ્યું, કૂતરાં માનવના ડરને ઓળખે છે એટલે કરડે: દેશમાં માત્ર 5 સરકારી શેલ્ટર, ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર

**નવી દિલ્હી, તા.08**

સુપ્રીમ કોર્ટ રખડતાં કૂતરાં સંબંધિત કેસોની સુનાવણી કરી રહી છે. કોર્ટે કૂતરાંના વર્તનની ચર્ચા કરી. જસ્ટિસ નાથે કહ્યું, કૂતરાં માનવના ડરને અનુભવે છે અને તેથી કરડે છે. એક વકીલે (કૂતરાંની તરફેણમાં) આ વાતનો ઈનકાર કર્યો. પછી જસ્ટિસે જવાબ આપ્યો, 'માથું હલાવો નહીં, હું મારા પર્સનલ અનુભવથી બોલી રહ્યો છું.' અરજદારના વકીલે કહ્યું- રાજ્યોએ ડેટા આપ્યો છે, એમાંથી કોઈએ એવું દર્શાવ્યું નથી કે નગરપાલિકાઓ અથવા સરકારો દ્વારા કેટલાં શેલ્ટર ચલાવવામાં આવે છે. દેશમાં ફક્ત પાંચ સરકારી શેલ્ટર છે. આમાં દરેકમાં 100 કૂતરાં રાખી શકાય છે. દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર છે.



એનિમલ વેલફેર વતી દલીલ કરી રહેલા એડવોકેટ સીયુ સિંહે કહ્યું હતું કે કૂતરાંને હટાવવાથી ઉંદરોની વસતિ વધશે. આના પર કોર્ટે મજાકમાં કહ્યું, તો શું આપણે બિલાડીઓ લઈ આવીએ?

છેલ્લા સાત મહિનામાં આ કેસની પાંચ વખત સુનાવણી થઈ છે. ગયા વર્ષે નવેમ્બરમાં સુપ્રીમ કોર્ટે સ્કૂલો, હોસ્પિટલો, બસ સ્ટેન્ડ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને રેલવે સ્ટેશનો પરથી રખડતાં કૂતરાંને હટાવવાનો આદેશ આપ્યો હતો. આ સાથે કોર્ટે કહ્યું હતું કે આ પ્રાણીઓને નિયુક્ત શેલ્ટરમાં ટ્રાન્સફર કરવાં જોઈએ. વકીલ: રાજ્યોએ ડેટા આપ્યો છે. તેમાંથી કોઈએ એવું દર્શાવ્યું નથી કે નગરપાલિકાઓ અથવા સરકારો દ્વારા કેટલા શેલ્ટર ચલાવવામાં આવે છે. દેશમાં ફક્ત પાંચ સરકારી શેલ્ટર છે. અને આ ફક્ત બીમાર અને ઘાયલ કૂતરાઓ માટે છે. આ દરેકમાં 100 કૂતરાઓ રાખી શકાય છે. કોર્ટે શેલ્ટર હોમ માટે જે નિર્દેશ આપ્યા છે, તેના માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ નથી. જસ્ટિસ નાથ: કૂતરો હંમેશા કૂતરાથી ડરતી વ્યક્તિને ઓળખી શકે છે. જ્યારે તેને આનો અહેસાસ થાય છે, ત્યારે તે હંમેશા હુમલો કરે છે. અમે વ્યક્તિગત અનુભવથી વાત કરી રહ્યા છીએ. જસ્ટિસ નાથ: માથું હલાવો નહીં. જો તેમને લાગે કે તમે ડરી ગયા છો, તો તેઓ તમારા પર હુમલો કરે તેવી શક્યતા વધુ છે. તમારો પાલતુ કૂતરો પણ એવું જ કરશે. એડવોકેટ નકુલ દીવાને સુપ્રીમ કોર્ટને ટ્રેપ, ન્યુટર અને રિલીઝ મોડેલ સૂચવ્યું. તેમણે કહ્યું કે કૂતરાઓના સ્વભાવને ધ્યાનમાં રાખીને, તેમને તે જ નિવાસસ્થાનમાં પાછા છોડવા જરૂરી છે.

## JNUમાં મોદી-શાહ વિરુદ્ધ નારા, FIR નોંધાઈ: JNUના મુખ્ય સુરક્ષા અધિકારીએ કહ્યું કે વિદ્યાર્થીઓની ઓળખ કરી લેવાઈ

**નવી દિલ્હી, તા.08**

દિલ્હી પોલીસે બુધવારે રાત્રે દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU)માં સાબરમતી હોસ્ટેલની બહાર પીએમ મોદી અને ગૃહમંત્રી અમિત શાહ વિરુદ્ધ લગાવવામાં આવેલા વિવાદાસ્પદ નારાના મામલે FIR નોંધી. ફરિયાદ JNU ના મુખ્ય સુરક્ષા અધિકારી (CSO) દ્વારા નોંધાવવામાં આવી હતી.



રિપોર્ટમાં જણાવાયું છે કે ઘટનાસ્થળે 30-35 વિદ્યાર્થીઓ હાજર હતા. શરૂઆતમાં કાર્યક્રમ શાંતિપૂર્ણ હતો, પરંતુ ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન ન મળતા ઉશ્કેરણીજનક નારા લગાવવામાં આવ્યા. આ બંને 2020 ના દિલ્હી રમખાણોના ષડયંત્ર કેસમાં આરોપી છે. CSOએ કેટલાક વિદ્યાર્થીઓની ઓળખ પણ કરી છે. ખરેખરમાં, 6 જાન્યુઆરીએ 35 સેકન્ડનો એક વીડિયો વાયરલ થયો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે JNU ના વિદ્યાર્થીઓએ 5 જાન્યુઆરીની રાત્રે 'મોદી-શાહની કબર ખોદાશે, JNU ની ધરતી પર' ના નારા લગાવ્યા હતા. JNU પ્રબંધને પણ આ મામલે FIR ની માંગ કરી હતી.

BJP પ્રવક્તા પ્રદીપ ભંડારીએ દાવો કર્યો હતો કે JNU માં આ પ્રદર્શન ઉમર ખાલિદ-શરજીલના સમર્થનમાં થયું હતું. આ વિરોધ પ્રદર્શન નહીં, પરંતુ રાષ્ટ્રવિરોધી વિચારધારાનો પ્રસાર છે. જ્યારે કોંગ્રેસે તેને ગુસ્સો વ્યક્ત કરવાની રીત ગણાવી હતી.

2020ના દિલ્હી રમખાણોના ષડયંત્ર કેસમાં 5 જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ ચાર આરોપીઓ ગુલફિશા ફાતિમા, મીરાન હૈદર, શિફા-ઉર-રહેમાન બુધવારે રાત્રે દિલ્હીની તિહાર જેલમાંથી મુક્ત થયા. જ્યારે, મોહમ્મદ સલીમ ખાન મંડોલી જેલમાંથી મુક્ત થયો.

પાંચમા આરોપી શાદાબ અહેમદને પણ સુપ્રીમ કોર્ટે જામીન આપ્યા છે, પરંતુ તેનો જામીન બોન્ડ દાખલ કરવા માટે તે કોર્ટમાં હાજર થયો ન હતો. જ્યારે, કોર્ટે ઉમર ખાલિદ અને શરજીલ ઈમામને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. અન્ય એક આરોપી સલીમ મલિક ઉર્ફે મુન્નાએ સમાન આરોપોનો હવાલો આપીને નવી જામીન અરજી દાખલ કરી છે. મોહમ્મદ સલીમ ખાનના સમાન આધારે રાહત માંગી છે.

આ મામલે JNU મેનેજમેન્ટે કહ્યું છે કે અમે આ મામલે કડક કાર્યવાહી કરીશું. યુનિવર્સિટીને નફરત ફેલાવતી પ્રયોગશાળા નહીં બનવા દઈએ. યુનિવર્સિટીએ કહ્યું કે આ મામલે પહેલાથી જ FIR નોંધવામાં આવી છે. હિંસા, ગેરકાયદેસર આચરણ કે રાષ્ટ્રીય એકતાને નબળી પાડતી પ્રવૃત્તિઓને સહન કરવામાં આવશે નહીં. આરોપી વિદ્યાર્થીઓ સસ્પેન્ડ થશે.

JNU સ્ટુડન્ટ્સ યુનિયનના અધ્યક્ષ અદિતિ મિશ્રાએ કહ્યું છે કે દર વર્ષે વિદ્યાર્થીઓ 5 જાન્યુઆરી 2020ના રોજ કેમ્પસમાં થયેલી હિંસાની નિંદા કરવા માટે વિરોધ પ્રદર્શન કરે છે. વિરોધ પ્રદર્શનમાં લગાવવામાં આવેલા તમામ નારા વૈચારિક હતા અને કોઈના પર વ્યક્તિગત હુમલો કરતા ન હતા. તેઓ કોઈના માટે નિર્દેશિત ન હતા. કોંગ્રેસ નેતા ઉદિત રાજ- આ ગુસ્સો વ્યક્ત કરવાની એક રીત છે. JNUમાં 2020ના દિલ્હી રમખાણોના મોટા ષડયંત્ર કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય વિરુદ્ધ ગુસ્સો છે. ઉમર ખાલિદ અને શરજીલ ઈમામ સાથે આવું એટલા માટે કરવામાં આવી રહ્યું છે કારણ કે તેઓ મુસલમાન છે.



# સાબરમતી જેલના હાઈ સિક્યુરિટી ઝોનમાં રખાયેલા કેદી પાસેથી આઈફોન મળ્યો.....

## વિશાલ ગોસ્વામી ફાયરિંગ અને ખંડણી કેસનો આરોપી, જેલમાં બેસી કોની સાથે વાત કરી?





**અમદાવાદ, તા.08**

સાબરમતી સેન્ટ્રલ જેલમાં પાક કામના કેદી અને કુખ્યાત ગુનેગાર વિશાલ ગોસ્વામી પાસેથી આઈફોન અને એક કીપેડ ફોન મળી આવ્યો છે.જ્વેલર્સ પર ફાયરિંગ અને ખંડણી જેવા ગંભીર ગુનાના ફૂખે આરોપી પાસેથી મોબાઈલ મળી આવતા જેલ પ્રશાસન પર સવાલ ઉભા થયા છે. વિશાલ ગોસ્વામીને હાઈ સિક્યુરિટી જેલમાં રાખ્યો હોવા છતાં વિશાલ ગોસ્વામી પાસેથી 2 ફોન અને એક સીમકાર્ડ મળી આવ્યું છે.આ અંગે રાણીપ પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે. સાબરમતી સેન્ટ્રલ જેલના ઈન્ચાર્જ જેલર મોહસીન ખાન પઠાણ જુની જેલમાં હાઈ સિક્યુરિટી વિભાગમાં તપાસ કરવા ગયા હતા ત્યારે ખોલી નંબર 1માં વિશાલ ગોસ્વામીની ખોલી તપાસી હતી ત્યારે છતનો ભાગ તૂટેલી હાલતમાં હતો જેથી શંકા જતા ખોલી સીલ કરીને વિશાલ ગોસ્વામીને અન્ય જગ્યાએ શિફ્ટ કરવામાં આવ્યો હતો.જે બાદ ઝડતી સ્ક્વોડ દ્વારા તપાસ કરવામાં આવી ત્યારે છતના તૂટેલા ભાગમાંથી બાખું પડેલું હતું. બાખામાં તપાસ કરતા બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા જેમાં એક આઈફોન અને એક કીપેડ ફોન મળી આવ્યો હતો.આ ઉપરાંત VI અને એરટેલ કંપનીનું સીમકાર્ડ પણ મળી આવ્યું હતું.તપાસ દરમિયાન મોબાઈલ,સીમકાર્ડ સહિત મેમરી કાર્ડ,ચાર્જર મળી આવ્યું હતું.આ તમામ વસ્તુઓ કબ્જે કરીને રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મહત્વનું છે કે સાબરમતી સેન્ટ્રલ જેલમાં એ પણ હાઈ સિક્યુરિટી બેરેકમાંથી કુખ્યાત ગુનેગાર પાસેથી મોબાઈલ મળી આવ્યા તેને લઈને જેલ પ્રશાસન પર અનેક સવાલ ઊભા થઈ રહ્યા છે.વિશાલ ગોસ્વામી પાસે મળી આવેલા ફોનમાંથી જેલ બહાર કોના કોના સંપર્કમાં હતો,મોબાઈલ ફોન પહોચાડવામાં જેલના કયા કર્મચારીએ મદદ કરી છે તે તમામ તપાસના વિષય છે.

અગાઉ અતિક અહમદે સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી બેઠા બેઠા હત્યા કરાવી હતી.આ ઉપરાંત જેલમાંથી ગાંજો ઝડપાયો છે.જેલમાં આતંકીની પણ અન્ય કેદીઓએ આંખ ફોડી નાખી હતી.જેલમાંથી અનેક વખત મોબાઈલ ફોન મળી આવ્યા છે.આમ જેલ અનેક વિવાદમાં આવી ચૂકી છે ત્યારે કુખ્યાત ગુનેગાર પાસેથી 2 મોબાઈલ ફોન મળી આવતા વધુ વિવાદ થયા છે. વિશાલ ગોસ્વામીએ વર્ષ 2011માં બેંક લૂંટ સાથે રાજ્યમાં પ્રવેશ કર્યો હતો. તેણે ભુજમાં બેન્ક ઓફ ઈન્ડિયાને લક્ષ્ય બનાવ્યું અને 12 લાખ રૂપિયા લૂંટી લીધા. 13 માર્ચ, ભાનુ જ્વેલર્સના માલિક પર હુમલો કર્યો. વિશાલે લગભગ છ મહિના અગાઉ તેની પાસે ખંડણી માંગી. પરંતુ જ્યારે માલિકે તેને ઈન્કાર કર્યો તે તેના સાગરિતે માલિક પર ગોળીબાર કર્યો હતો. ગુજરાતમાં ગુજસીટોક કાયદો અમલમાં આવ્યા બાદ પહેલીવાર આ કાયદા હેઠળ વિશાલ ગોસ્વામી ગેંગ સામે ગુનો નોંધવામાં આવ્યો હતો. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કુખ્યાત ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગના ચાર શખસની મેઘાણીનગરમાંથી ધરપકડ કરી ગુજસીટોક એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. ધરપકડ કરાયેલા ચારેય આરોપીઓ પાસેથી મોટીમાત્રામાં હથિયારો મળી આવ્યા હતા. શહેરમાં ખંડણીખોર વિશાલ ગોસ્વામી ગેંગ સક્રિય થઈ હતી. ગોસ્વામી ગેંગ દ્વારા શહેરના મોટા વેપારીઓને ધમકી ભર્યા ફોન કરવામાં આવી રહ્યાં હતા અને ખંડણી માગવામાં આવી રહી હતી.

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચના અધિકારીની ખોટી ઓળખ આપી 40 હજાર પડાવ્યા

## દારૂના કેસમાં ફીટ કરવાની ધમકી આપી, પૈસા ઉપાડવા ભોગ બનનારને 3 ATMમાં લઈ ગયો



**અમદાવાદ, તા.08**

નરોડા વિસ્તારમાં એક યુવકને રીક્ષામાં આવેલા ગઢીયાએ પોતે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાની ઓળખ આપી હતી અને આજીવન કેદ થાય તેવા ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. જેથી યુવકે ડરના કારણે ગઠિયાને અસલી પોલીસ અધિકારી સમજીને પૈસા આપ્યા હતા.ગઠિયો યુવકને ત્રણ અલગ અલગ ATMમાં લઈ ગયો હતો. જેમાંથી યુવક પાસેથી કુલ 40,000 રૂપિયા ખંખેરી લીધા હતા.ગઠિયો પોલીસ તરીકે એટીએમમાં રોફ જમાવતા હતો જેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.હાલ નરોડા પોલીસે બની બેઠેલા નકલી પોલીસ અધિકારીની ધરપકડ કરી છે.

નરોડામાં રહેતો ગણેશ મદ્રાસી નામનો યુવક બાઈક લઈને જઈ રહ્યો હતો ત્યારે એક શખ્સ રીક્ષામાં આવ્યો હતો. રીક્ષામાં આવેલા શખ્સે પોતે ક્રાઈમ બ્રાન્ચના અધિકારી હોવાની ઓળખ આપી હતી. અધિકારી બનીને આવેલા શખ્સે યુવકની તપાસ કરી હતી.યુવકને દારૂના કેસ ખોટી રીતે ફસાવી આજીવન કેદ થશે તેવી ધમકી આપી હતી જેથી યુવક ડરી ગયો હતો.

ગઠિયો યુવકને લઈને અલગ અલગ ATM માં ગયો હતો જ્યાંથી યુવક પાસેથી 3 અલગ અલગ ATM માં લઈ જઈને 25 હજાર અને યુવક પાસે રહેલા રોકડા 15 હજાર પડાવ્યા હતા. યુવક પાસે કુલ 40 હજાર લઈને યુવકને જવા દીધો હતો.જે બાદ યુવક ઘરે ગયો હતો.યુવકે આ અંગે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

નરોડા પોલીસે ગુનો નોંધી તપાસ કરી હતી ત્યારે ATMના સીસીટીવી ફૂટેજ સામે આવ્યા હતા જેના આધારે પોલીસે શાહરૂખ અંસારી નામના આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે આરોપી પાસેથી 40 હજાર રૂપિયા પણ રિકવર કર્યા છે.આરોપીએ અગાઉ પણ 2018માં મણિનગર અને 2025માં ખોખરામાં નકલી પોલીસ બની પૈસા પડાવ્યા ધરપકડ કરવામાં આવી હતી. આરોપી વિરુદ્ધ મારામારી,ચેન સ્નેચિંગ સહિતના ગુના નોંધાઈ ચૂક્યા છે.હાલ પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# અમદાવાદથી 1292 યાત્રાળુઓ સોમનાથ જવા રવાના: સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણીમાં સામેલ થશે, જય સોમનાથના નાદ સાથે સ્પે. ટ્રેન રવાના



**અમદાવાદ, તા.08**

બાર જ્યોતિર્લિંગમાંથી એક સોમનાથ જ્યોતિર્લિંગ ખાતે આજે 8 જાન્યુઆરીથી સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવણીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન ખાતેથી વેરાવળની સ્પેશિયલ ટ્રેનને સોમનાથ ખાતે જવા રવાના થઈ હતી. આ સ્પેશિયલ ટ્રેન મારફતે કુલ 1292 યાત્રાળુઓ સોમનાથ ખાતે પહોંચીને મહાદેવના દર્શન કરશે. ઢોલ-નગારા, શંખનાદ અને 'હર હર મહાદેવ', 'જય સોમનાથ'ના નાદ સાથે આ ટ્રેનને રાત્રે સાબરમતી રેલવે સ્ટેશનથી સાંસદ દિનેશ મકવાણા, ભાજપ પ્રમુખ પ્રેરક શાહ અને મેયર પ્રતિભા જૈન દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સોમનાથ જવા માટે રાત્રે 10:00 વાગ્યે યાત્રાળુઓ સાબરમતી રેલવે સ્ટેશન ખાતે પહોંચ્યા હતા. ભાજપના સંગઠનના હોદ્દેદારો અને કોર્પોરેટરો સહિતના કાર્યકર્તાઓ સોમનાથ જઈ રહ્યા હતા જે પહેલા સાબરમતી રેલવે સ્ટેશન ઢોલ-નગારા, શંખનાદ અને 'હર હર મહાદેવ' તથા જય સોમનાથના નાદથી ગુંજી ઉઠ્યું હતું અને ભક્તિભાવનો માહોલ સર્જાયો હતો. સોમનાથ સ્વાભિમાન પર્વ ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસતના ગૌરવની ઉજવણીરૂપ કાર્યક્રમ છે. જે રાષ્ટ્રીય સ્વાભિમાનની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. સોમનાથ મહાદેવના મંદિર સાથે જોડાયેલી ઐતિહાસિક ગાથાઓ, ભારતની અડગ શ્રદ્ધા, આક્રમણો સામે અવિચલ રહેલી સંસ્કૃતિ અને રાષ્ટ્રના સ્વાભિમાનની પ્રતીકરૂપ ઓળખને આ પર્વ દ્વારા પુનઃસ્મરણ કરવામાં આવી રહી છે. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય દિનેશસિંહ કુશવાહ, હર્ષદ પટેલ, જીતુ ભગત, કૌશિક જૈન, પૂર્વ ધારાસભ્ય ભૂષણ ભટ્ટ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણી, પ્રાંત અધિકારીશ્રી સહિતના અધિકારીઓ-પદાધિકારીઓ તથા યાત્રાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડિજિટલ પેમેન્ટને પ્રમોટ કરવાના નામે અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીનો નવો ફતવો

## પાર્કિંગ ચાર્જનું પેમેન્ટ રોકડમાં કરશો તો અલગથી 100 રૂપિયા ચૂકવવા પડશે!, વિવાદનાં એંધાણ

**અમદાવાદ, તા.08**



અમદાવાદ એરપોર્ટ પર પાર્કિંગ ચાર્જના પેમેન્ટને લઈ એરપોર્ટ ઓથિરિટી દ્વારા કરાયેલા એક નિર્ણયને લઈ વિવાદ સર્જાવાનાં એંધાણ છે. એરપોર્ટ પર જે પાર્કિંગ ચાર્જ વસૂલાય છે એનો વાહનચાલક જો કેશમાં પેમેન્ટ કરે તો અલગથી 100 રૂપિયા વસૂલવાનો નિર્ણય કરાયો છે. ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય કરાયો હોવાનું અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું છે, એટલે કે જો કોઈ ટૂ-વ્હીલરચાલક પોતાનું વાહન અડધો કલાક પાર્ક કરે છે અને રોકડમાં પેમેન્ટ કરે છે તો તેને પાર્કિંગના 50 રૂપિયા અને રોકડ પેમેન્ટ કરવા બદલ રૂપિયા 100 મળી કૂલ 150 રૂપિયા ચૂકવવા પડશે. અમદાવાદ ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટિક એરપોર્ટ પર દરરોજ હજારો મુસાફરોની આવનજાવન રહે છે. મુસાફરને લેવા-મૂકવા માટે તેમનાં પરિવારજનો આવતાં હોય છે અને પોતાનું વાહન પાર્કિંગમાં પાર્ક કરતાં હોય છે. અમદાવાદ એરપોર્ટ ઓથોરિટી દ્વારા પહેલાંથી જ સમય મુજબ પાર્કિંગના દર નક્કી કરાયેલા છે, પરંતુ હવે ડિજિટલ પેમેન્ટને પ્રમોટ કરવાના નામે રોકડ પેમેન્ટ કરવા પર અલગથી રૂપિયા 100 વસૂલવાનો નિર્ણય કરાયો છે.

જો તમે અમદાવાદ એરપોર્ટ પર એક કલાક સુધી કાર પાર્ક કરો છો તો તમારે પાર્કિંગ ચાર્જના રૂ. 150 ચૂકવવા પડશે. આ પેમેન્ટ તમે ડિજિટલ મોડથી કરો છો તો રૂ. 150 જ ચૂકવવાના રહેશે, પરંતુ જો તમે રોકડમાં પમેન્ટ કરશો તો અલગથી રૂ. 100 એટલે કે કૂલ રૂ. 250 ચૂકવવા પડશે.

જો તમે અમદાવાદ એરપોર્ટ પર 30 મિનિટ સુધી તમારું ટૂ-વ્હીલર પાર્ક કરો છો તો પાર્કિંગ ચાર્જના રૂ. 50 ચૂકવવાના રહે છે. હવે જો તમે આ ચાર્જનું પેમેન્ટ રોકડમાં કરો છો તો તમારે અલગથી 100 રૂપિયા ચાર્જ આપવો પડશે, એટલે કે કુલ રૂ. 150ની ચૂકવણી કરવી પડશે.

અમદાવાદ એરપોર્ટ ખાતે પાર્કિંગ કર્યા બાદ તેમને પાર્કિંગની એક કૂપન આપવામાં આવતી હોય છે, જેને ટિકિટ કહેવામાં આવે છે. જો ભૂલથી મુસાફરો આ ટિકિટ ગુમાવી દે છે તો તેમને તેના 500 રૂપિયા ચાર્જ આપવો પડતો હોય છે. ત્યાર બાદ જ તેમને તેમનું વાહન પરત મળે છે. અમદાવાદ એરપોર્ટ ઓથોરિટીએ 'દિવ્ય ભાસ્કર' સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે આ પાર્કિંગનો ચાર્જ જે પણ મુસાફર લોકો કેશમાં પેમેન્ટ કરશે તેમની પાસેથી 100 વધારાના વસૂલ કરીશું, કારણકે ડિજિટલ પેમેન્ટને પ્રમોટ કરવા માટે અમે આ પ્રકારનો રૂલ્સ હવે એરપોર્ટ પર લાગુ કર્યા છે. ઓથોરિટીએ વધુમાં જણાવ્યું હતું કે પહેલાં જ્યારે કેશમાં પેમેન્ટ થતું હતું ત્યારે 2થી 3 મિનિટનો સમય બગડતો હતો. હવે ડિજિટલ પેમેન્ટને કારણે 30 સેકન્ડમાં પૂરી પ્રોસેસ થઈ જાય છે.

અમદાવાદ એરપોર્ટ પર નોકરી કરનાર અંકિતભાઈએ જણાવ્યું હતું કે અમારી પાસેથી મહિનાના 250 રૂપિયા ચાર્જ લેવામાં આવે છે. જે લોકો પોતાના પરિવારજનને મૂકવા આવે તેમની પાસેથી ડિજિટલ પેમેન્ટ સ્વીકારવામાં આવે છે, પરંતુ જો તેઓ કેશમાં પેમેન્ટ કરે તો તેમની પાસેથી 100 રૂપિયા વધારાના વસૂલ કરવામાં આવે છે.

# સિંધરોટ ઉમેટા બ્રિજ પર પોલીસે બેરિકેડ હટાવી ટેમ્પો જવા દીધો



**આણંદ, તા.08**

કાયદાનું પાલન કરાવવાની જવાબદારી જેમના ખભે છે, એ જ ખભે આજે નિયમોના લીરેલીરા ઉડાડવાનું કામ કર્યું છે. ગંભીરા બ્રિજની હોનારત બાદ તંત્રએ ઉમેટા બ્રિજ પર ભારે વાહનો માટે નો-એન્ટ્રીના બોર્ડ અને લોખંડની એંગલો મારી હતી. પરંતુ આ એંગલો પોલીસની નીતિ સામે ટૂંકી પડી રહી હોય તેમ જણાય છે.

મંગળવારે રાત્રે 8 વાગ્યાની આસપાસ સિંધરોટ ચેકપોસ્ટ પર જે દ્રશ્યો જોવા મળ્યા તે કાયદાના શાસક માટે શરમજનક છે. માર્ગ પ્રતિબંધિત હોવા છતાં એક આઈસર ચાલક માટે પોલીસ કર્મીએ જાતે બેરિકેડ હટાવી આપી બ્રિજ પસાર કરાવ્યો હતો. આ સમગ્ર ઘટનાનો વીડિયો વાયરલ થતા પોલીસની કામગીરી સામે અનેક સવાલોના ઊભા થયા છે. તંત્રએ બ્રિજને ભારે વાહનો માટે જોખમી ગણાવ્યો હોય, ત્યારે તેને પસાર કરાવવો એ માત્ર બેદરકારી નથી પણ ગુનાહિત કૃત્ય છે. આ મામલે જવાબદારો સામે કડક પગલાં નહીં લેવાય, તો આવનારા સમયમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાશેની ભીતિ સર્જાશે.

# ખેડામાં 'MY Bharat' વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ: 10 વિજેતા યુવા વક્તાઓ રાજ્ય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

**નડિયાદ, તા.08**




ખેડા જિલ્લાના નડિયાદ સ્થિત ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી ખાતે 'વિકસિત ભારત યુવા સંસદ' કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાની વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. ભારત સરકારના રમતગમત અને યુવા બાબતોના મંત્રાલય દ્વારા આયોજિત આ સ્પર્ધાનો હેતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત @2047' ના વિઝનને સાકાર કરવાનો અને રાષ્ટ્રીય નીતિ ઘડતરમાં યુવાનોનો અવાજ બુલંદ બનાવવાનો છે. આ પહેલ MY Bharat પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવી છે.

આ સ્પર્ધામાં ખેડા જિલ્લાની વિવિધ કોલેજોના 18થી 25 વર્ષની વયના 125થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધાનો મુખ્ય વિષય '50 Years of Energy Lessons for Indian Democracy' હતો. યુવા વક્તાઓએ ભારતીય લોકશાહી, ઊર્જા ક્ષેત્રના પડકારો અને ભવિષ્યની તકો વિશે પોતાના મૌલિક વિચારો રજૂ કર્યા હતા.

કાર્યક્રમમાં નડિયાદ APMC ના ચેરમેન અપૂર્વભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, યુવા સંસદ વિકસિત ભારતના નિર્માણ માટે એક સચોટ પ્લેટફોર્મ છે, જે યુવાનોમાં નેતૃત્વના ગુણો ખીલવે છે. તેમણે યુવાનોને રાષ્ટ્રીય મુદ્દાઓ પર જાગૃત બની નીતિવિષયક ચર્ચાઓમાં સક્રિય ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે ડી.ડી. યુનિવર્સિટીના રજિસ્ટ્રાર એમ.આર. ભાવસાર અને પ્રોફેસર વી.એ. શાહ પણ હાજર રહ્યા હતા. યુનિવર્સિટીના NSS (નેશનલ સર્વિસ સ્કીમ) વિભાગ દ્વારા આ સમગ્ર સ્પર્ધાનું સુવ્યવસ્થિત સંચાલન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા અને આવા આયોજનોથી નાગરિક ભાગીદારી વધશે તેવી આશા વ્યક્ત કરી હતી.

જિલ્લા કક્ષાની આ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરનાર પ્રથમ 10 સ્પર્ધકોની રાજ્ય કક્ષાની 'યુથ પાર્લામેન્ટ' માટે પસંદગી કરવામાં આવી છે. આ યુવા પ્રતિભાઓ રાજ્ય કક્ષાએ ખેડા જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે અને ત્યાં પણ લોકશાહીના મૂલ્યો તથા દેશના વિકાસ લક્ષી વિઝન પર ચર્ચા-વિચારણા કરશે. આ આયોજનથી સ્થાનિક યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# બોરસદ વિસ્તારમાં પાર્સિંગ વગરના ડમ્પરોમાં માટી, રેતી-કપચીની હેરાફેરી

**આણંદ, તા.08**



માટી અને રેતી ડમ્પરમાં મોટા પ્રમાણમાં ભરવા મા આવતી હોય બમ્પ ઉપર થી પસાર થતા વાહનોની માટી અને રેતી રોડ ઉપર ઢોળાય છે જેથી વાહનચાલકો ને અકસ્માત નો જોખમ વધી ગયું છે. ગેરકાયદેસર રીતે રેતી, માટી અને કપચીની હેરાફેરી કરતા ડમ્પર માં મોટાભાગના ડમ્પર ઉપર આર ટી ઓ પાર્સિંગ ના નંબર હોતા જ નથી હોય તો દેખાય નહીં તે રીતે તેને માટી ચોપડી દેવામાં આવી હોય છે ત્યારે અમુક વાહનોના તો એકના એક નંબરો હોય છે પરંતુ આ તંત્રને નજરમાં આવતું નથી. બોરસદના સૂર્યમંદિર માર્ગ પર અને આણંદ ચોકડી થી વહેરા આણંદ તરફ જવાનો માર્ગ પર અવારનવાર માટીના ઢગલે ઢગલા રોડ ઉપર પથરાયેલા જોવા મળે છે ડમ્પર ચાલકો દ્વારા તેમના વાહનમાં વધુ પ્રમાણમાં માટી અને રેતી ભરવામાં આવતી હોય જે રોડ પરના બમ્પ આવતા ઠેક ઠેકાણે માટી અને રેતી રોડ ઉપર ઢોળાયેલા હોય છે ત્યારે વાહનચાલકો ખાસ કરીને ટુ-વ્હીલર ચાલકો આ રેતે અને માટીના કારણે સ્લીપ ખાઈ પડી જવાના બનાવો અવારનવાર બની રહ્યા છે પરંતુ આજ રોડ પરથી પસાર થતા સરકારી અધિકારીઓ કે કર્મચારીઓને આ નજરમાં આવતું નથી મોટાભાગના રાત્રિ દરમિયાન વહેલી સવાર સુધી માટી અને રેતીનું વહન થતું હોય છે ત્યારે આ ડમ્પર ચાલકો બેફામ રીતે પોતાના વાહનો રોડ ઉપર હંકાળતા હોય છે જે બમ્પ આવતા બ્રેક માર્યા વગર ફુલ સ્પીડમાં પસાર થતા હોય તેઓની રેતી અને માટી અવારનવાર રોડ ઉપર પડેલી હોય છે આખી રાત આ માટી રેતી અને કપચી ના વાહનો મુખ્ય હાઈવે ઉપરથી પસાર થતા હોય છે.

# અમદાવાદ મ્યુ. કમિશનરે અધિકારીઓનો ઉધડો લીધો: શહેરમાં વધતી પ્રદૂષિત પાણીની સમસ્યા પૂર્વ ઝોનના એડિશનલ અધિકારીને શો-કોઝ નોટિસ

**અમદાવાદ, તા.08**

અમદાવાદ શહેરમાં પ્રદૂષિત પાણીની વધતી જતી ફરિયાદો અને એર ક્વોલિટીને લઈને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ અધિકારીઓનો ઉધળો લઈ લીધો હતો. પ્રદૂષિત પાણી મામલે નક્કર કાર્યવાહીના પગલે માત્ર સ્ટાફને સૂચના આપી છટકી જતા પૂર્વ ઝોનના એડિશનલ અધિકારીને શો- કોઝ નોટિસ આપવામાં આવી છે. શહેરમાં આવેલી ચાલીઓ અંગે 6 મહિનાથી લિસ્ટ આપવા માટેની સૂચના છતાં પણ લિસ્ટ ન આપવા બદલ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરોને શો-કોઝ નોટિસ આપવા સૂચના આપી હતી. શહેરમાં ચાલીઓ સ્લમ વિસ્તારોમાં ખાનગી બોર પર ડોઝર મશીન લગાવીને ક્લોરિનેશનની વ્યવસ્થા કરવા સૂચના આપી હતી.

7 જાન્યુઆરીના રોજ મળેલી રીવ્યુ મીટિંગમાં મ્યુનિસિપલ કમિશનરે શહેરના પૂર્વ વિસ્તારમાં વટવા, લાંભા, બહેરામપુરા, સરસપુર, અમરાઈવાડી, વસ્ત્રાલ વગેરે વિસ્તારોમાં પેટને લગતી



બીમારીના કેસોમાં વધારો અને પાણીમાં ક્લોરિન નિલ આવવાની બાબતને ગંભીરતાથી લઈને યોગ્ય પગલાં નહીં લેવા બદલ અધિકારીઓનો ઉધડો લીધો હતો. શહેરમાં પ્રદૂષિત પાણી અને પાણીજન્ય રોગો ધરાવતા 26 જેટલા હાઈરિસ્ક એરિયા માટે કેમ કોઈ પગલાં લેવાતા નથી? તેવો પ્રશ્ન કરીને ચાલીઓ, સ્લમ વિસ્તારોમાં આવેલા પ્રાઈવેટ બોર તેમજ સોસાયટીઓના બાર પર ક્લોરિનેશન માટે ડોઝર મશીન લગાવવા સૂચના આપી હતી.

તાજેતરમાં સુરત કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા પાણીપુરીના સેમ્પલ લેવા મામલે શહેરમાં કેટલાં પાણીપુરીના ઉત્પાદકો, વેપારીઓ છે? તેવો પ્રશ્ન કરતાં અધિકારીએ જવાબ આપ્યો હતો કે, એક હજાર જેટલા પાણીપુરી વેચનાર હશે. પાણીપુરીના કેટલાં સેમ્પલ લેવાયા? તેવા સવાલો કર્યા હતા. કમિશનરે પાણીપુરીના સેમ્પલ લેવા તાકીદ કરી હતી. પાણીના કેરબા જગમાં ક્લોરિનેશન થતું નથી અને પાણીના જગ- કેરબામાં પ્રદૂષિત પાણી જોવા મળે તો તેને કાયમી ધોરણે બંધ કરી દેવા તાકીદ કરી હતી. કોમનવેલ્થ ગેમ્સના આયોજનના ભાગરૂપે શહેરમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ સુધારવા ખાસ ધ્યાન આપવા અને ડસ્ટ ફ્રી રોડ બનાવવા સહિત પગલાં લેવા સૂચના આપી હતી.

# મૃતક મહિલાની જમીન બોગસ દસ્તાવેજથી વેચાઈ નડિયાદમાં 33 વર્ષ પહેલાં મૃત્યુ પામેલાના નામે 2014માં સોદો

**નડિયાદ, તા.08**

ખેડા જિલ્લાના નડિયાદમાં એક મોટા જમીન કૌભાંડનો પર્દાફાશ થયો છે. જેમાં 1981માં મૃત્યુ પામેલા એક મહિલાની ખેતીની જમીન 2014માં બોગસ પાવર ઓફ એટર્ની બનાવી વેચી દેવામાં આવી હતી. જિલ્લા જમીન તકેદારી સમિતિની તપાસ બાદ સબ રજીસ્ટ્રાર દ્વારા આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે. નડિયાદના ડભાણ ગામની સીમમાં આવેલી સર્વે નંબર 162 વાળી ખેતીની જમીન કાશીબેન ઉર્ફે કમુબેન



પાંચાભાઈના નામે હતી. તપાસમાં સામે આવ્યું છે કે કાશીબેનનું મૃત્યુ 3 ડિસેમ્બર 1981ના રોજ થયું હતું. તેમ છતાં, આરોપીઓએ આર્થિક લાભ મેળવવાના ઈરાદે 10 એપ્રિલ 2014ના રોજ મૃતક મહિલા હયાત હોવાનું દર્શાવી બોગસ પાવર ઓફ એટર્ની તૈયાર કરી હતી. આ કૌભાંડમાં મૃતક મહિલાના પુત્ર બાબુભાઈ શનાભાઈ પરમાર અને જમીન ખરીદનાર પરેશકુમાર ભાનુપ્રસાદ પટેલ મુખ્ય આરોપી છે. તેમણે નડિયાદ નગરપાલિકાના પૂર્વ કાઉન્સિલર વસંતભાઈ ખ્રિશ્ચિયન અને બુટલેગર માસુમભાઈ મહીડા સાથે મળીને કાવતરું રચ્યું હતું. કોઈપણ પ્રકારનો અવેજ ચૂકવ્યા વગર જ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નંબર 3586/2014 તૈયાર કરી લેવાયો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# 66 આંતરરાષ્ટ્રીય સંગઠનોથી અલગ થયું અમેરિકા: ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ PM મોદીએ બનાવ્યું હતું

**વોશિંગ્ટન, તા.08**



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે (7 જાન્યુઆરી 2026) એક મહત્વપૂર્ણ મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કરતા અમેરિકાને 60થી વધુ આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સંસ્થાઓથી અલગ કરવાનો નિર્ણય લીધો છે. આ યાદીમાં ભારતની આગેવાની હેઠળનું ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) પણ સામેલ છે. વ્હાઈટ હાઉસનું કહેવું છે કે આ સંગઠનો અમેરિકાના હિતોની વિરુદ્ધ કામ કરી રહ્યા છે અને અમેરિકી કરદાતાઓના પૈસાનો દુરુપયોગ કરી રહ્યા છે.

વ્હાઈટ હાઉસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે 35 બિન-સંયુક્ત રાષ્ટ્ર નિકાયો અને 31 સંયુક્ત રાષ્ટ્ર સાથે જોડાયેલા સંગઠનોમાંથી અમેરિકાને બહાર કાઢવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય અમેરિકાની તમામ આંતરરાષ્ટ્રીય સભ્યપદ અને કરારોની વ્યાપક સમીક્ષા કર્યા પછી લેવામાં આવ્યો છે.

ISAને ગણાવ્યું અમેરિકા વિરોધી સંગઠન ટ્રમ્પ વહીવટીતંત્રે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ અને અન્ય સંગઠનોને અમેરિકા વિરોધી, બિનઅસરકારક અને ફિઝૂલખર્ચી કરનારા ગણાવ્યા છે. વ્હાઈટ હાઉસનો આરોપ છે કે આ સંસ્થાઓ કટ્ટર આબોહવા નીતિઓ, ગ્લોબલ ગવર્નન્સ અને વૈચારિક એજન્ડાને પ્રોત્સાહન આપે છે, જે અમેરિકી સાર્વભૌમત્વ અને આર્થિક હિતો સાથે ટકરાય છે. જોકે, અસરગ્રસ્ત સંગઠનોની સંપૂર્ણ યાદી જાહેર કરવામાં આવી નથી, પરંતુ વહીવટી સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતના નેતૃત્વ હેઠળનું ISA આ નિર્ણયની ઝપેટમાં આવી ગયું છે.

ટ્રમ્પના બીજા કાર્યકાળમાં UNથી અંતર જાન્યુઆરી 2025માં બીજો કાર્યકાળ શરૂ કર્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્ર અને તેની સાથે જોડાયેલી સંસ્થાઓમાંથી અમેરિકાની ભાગીદારી સતત ઘટાડી છે. આ પહેલા અમેરિકા સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાંથી બહાર નીકળી ચૂક્યું છે, પેલેસ્ટિનિયન રાહત એજન્સી UNRWAનું ફંડિંગ રોકી ચૂક્યું છે, UNESCOથી અલગ થઈ ચૂક્યું છે અને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) તથા પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી બહાર નીકળવાની જાહેરાત કરી ચૂક્યું છે.

શું છે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ? ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ એક વૈશ્વિક પહેલ છે, જેના 120થી વધુ દેશો સભ્યો છે. તેનો ઉદ્દેશ્ય સૌર ઊર્જાને પ્રોત્સાહન આપીને અશ્મિભૂત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાનો છે. આ સંગઠનની કલ્પના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવેમ્બર 2015માં લંડનના વેમ્બલી સ્ટેડિયમમાં તેમના ભાષણ દરમિયાન રાખી હતી. ISAની ઔપચારિક શરૂઆત 2016માં મોરોક્કોના મારાકેશમાં થઈ હતી. અમેરિકા નવેમ્બર 2021માં આમાં 101મું સભ્ય બન્યું હતું.

# બાંગ્લાદેશને JF-17 ફાઈટર જેટ વેચવાની તૈયારીમાં પાકિસ્તાન

## ચીન સાથે મળીને બનાવ્યું, ઈસ્લામાબાદમાં બંને દેશોના એરફોર્સ ચીફે વાતચીત કરી

**ઢાકા, તા.08**



પાકિસ્તાન બાંગ્લાદેશને JF-17 થંડર ફાઈટર જેટ વેચવાની તૈયારીમાં છે. આ અંગે બંને દેશોના એરફોર્સના પ્રમુખો વચ્ચે ઈસ્લામાબાદમાં વાતચીત થઈ છે. પાકિસ્તાની સેનાએ આ વાતચીતની પુષ્ટિ કરી છે.

બાંગ્લાદેશી અખબાર ડેઈલી સ્ટાર મુજબ, પાકિસ્તાન એરફોર્સના પ્રમુખ એર ચીફ માર્શલ ઝહીર અહેમદ બાબર સિધુ અને બાંગ્લાદેશ એરફોર્સના પ્રમુખ હસન મહમૂદ ખાન વચ્ચે બેઠક થઈ. વાતચીતમાં JF-17 થંડર ફાઈટર પ્લેનના સંભવિત વેચાણ અને સંરક્ષણ સહયોગ પર ચર્ચા કરવામાં આવી.

JF-17 થંડર એક મલ્ટી-રોલ કોમ્બેટ એરક્રાફ્ટ છે, જેને પાકિસ્તાને ચીન સાથે મળીને વિકસાવ્યું છે. આ વિમાન હવા થી હવા અને હવા થી જમીન પર હુમલો કરવામાં સક્ષમ માનવામાં આવે છે અને પાકિસ્તાન વાયુસેનામાં પહેલાથી સેવામાં છે.

રિપોર્ટ અનુસાર, પાકિસ્તાને બાંગ્લાદેશને 'સુપર મુશશક' ટ્રેનર વિમાનની ફાસ્ટ-ટ્રેક ડિલિવરીનું આશ્વાસન પણ આપ્યું છે. આ સાથે પાયલટ ટ્રેનિંગ અને લોંગ-ટર્મ સપોર્ટ સિસ્ટમ ઉપલબ્ધ કરાવવાની વાત કહેવામાં આવી છે.

પાકિસ્તાની સેના અનુસાર, બંને દેશો વચ્ચે સંરક્ષણ, વેપાર અને કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની સંભાવનાઓ પર પણ ચર્ચા ચાલી રહી છે.

બાંગ્લાદેશ તરફથી આ સંભવિત સોદા પર હજુ સુધી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. હાલના મહિનાઓમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રાજદ્વારી સંપર્કો વધ્યા છે.

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના સરકારના ઉથલપાથલ બાદથી ભારત અને બાંગ્લાદેશના સંબંધોમાં સતત તણાવ જોવા મળી રહ્યો છે. જ્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશના સંબંધોમાં સતત સુધારો આવ્યો છે. મોહમ્મદ યુનુસ ઓગસ્ટ 2024 પછી પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે બે વાર મુલાકાત કરી ચૂક્યા છે.

નવેમ્બર 2024માં, 1971 પછી પહેલીવાર એક પાકિસ્તાની કાર્ગો જહાજ ચટગાંવ બંદરગાહે પહોંચ્યું હતું. આ ઉપરાંત એપ્રિલ 2025માં ઢાકામાં 15 વર્ષ પછી બંને દેશોના વિદેશ સચિવોએ મુલાકાત કરી હતી.

પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે પણ 27-28 એપ્રિલે ઢાકાની મુલાકાત લીધી હતી, જે 2012 પછીની પ્રથમ ઉચ્ચ-સ્તરીય મુલાકાત હતી. આ દરમિયાન બંને દેશોએ પરસ્પર સહયોગ વધારવા માટે કરારો પર ચર્ચા કરી હતી.

# કુદરતના કરિશ્માનો અચરજ પમાડતો, બરફના પહાડ વચ્ચેથી નીકળતો લાવા

**ઈટાલી, તા.08**



અગ્નિ અને પાણી એકબીજાના દુશ્મન છે અને જ્યાં બરફ જામેલો હોય છે ત્યાં આગનો તો કોઈ પ્રશ્ન જ નથી હોતો, જોકે યુરોપના પર્વત માઉન્ટ એટના પર આવી જ અચરજ પમાડતી ઘટના જોવા મળી છે.

જ્યાં બરફથી ઢંકાયેલી ટેકરીઓ આગ લાગી હોય એવો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે. ઈટાલીના સિસિલી ટાપુ પર માઉન્ટ એટના એક સક્રિય જ્વાળામુખી છે. એક વિસ્ફોટ થયો, લાવા સેંકડો ફૂટ ઊંચો ઊઠ્યો અને પછી બરફથી ઢંકાયેલી ટેકરીઓમાંથી વહેતો થયો. લાવા એટલો ગરમ અને જ્વલનશીલ હતો કે તેણે બરફ જ ઓગાળી નાખ્યો અને એને પાણીમાં ફેરવી દીધું. આ અદ્ભુત દૃશ્ય કેમેરામાં પણ કેદ થયું. ઈટાલીના સિસિલીમાં આ જ્વાળામુખીને વિશ્વના સૌથી ખતરનાક જ્વાળામુખીમાંનો એક માનવામાં આવે છે.

ઈટાલીના સિસિલીના માઉન્ટ એટનામાં આ જ્વાળામુખી 2026ના પહેલા દિવસે જ ફાટ્યો હતો. ધુમાડા અને લાવાએ હજુ પણ આખા વિસ્તારને બાનમાં લીધેલો છે. જ્વાળામુખીની આગના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહ્યા છે. આ અનોખી અને ચમત્કારિક ઘટના જોઈને, દરેક વ્યક્તિ આશ્ચર્યચકિત થઈ જાય છે કે લાલ ઊકળતો લાવા બરફથી ઢંકાયેલી ટેકરીઓને કેવી રીતે બાળી રહ્યો છે.

ઘણા લોકો કુદરતના આ ચમત્કારને પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરતા જોવા મળ્યા. આ મનમોહક ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. એમાં શિખર પરના તાજા બરફમાંથી લાવાની જેમ ચમકતા નારંગી રંગના અંગારા પડતા દેખાય છે. અંગારા સાથે રાખનો ધુમાડો પણ નીકળી રહ્યો છે. સફેદ બરફ પર લાગેલી આ આગ એક અદભુત દૃશ્ય છે.

ઈટાલીની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ જીઓલોજી એન્ડ વોલ્કેનોલોજી (INGV)એ માઉન્ટ એટનાના પૂર્વ ઢોળાવ પર તિરાડોમાંથી લાવા નીકળવા અંગે ચેતવણી જારી કરી હતી.

# બાંગ્લાદેશમાં BNP નેતાની ગોળી મારીને હત્યા: બાઈક સવાર હુમલાખોરોએ નિશાન બનાવ્યા, અન્ય એક ગંભીર રીતે ઘાયલ થતા હોસ્પિટલમાં દાખલ

**ઢાકા, તા.08**



બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં બુધવારે રાત્રે બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના નેતા અઝીઝુર રહેમાન મુસબ્બીરની ગોળી મારીને હત્યા કરવામાં આવી. આ હુમલામાં તેમની સાથે અબુ સુફિયાન મસૂદ ગંભીર રીતે ઘાયલ થયા. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, ઘટના રાત્રે લગભગ 8:40 વાગ્યે કારવાન બજારના તેજતુરી બજાર વિસ્તારમાં બની હતી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, બાઈક પર સવાર અજાણ્યા હુમલાખોરોએ સ્ટાર કબાબ પાસે અચાનક ગોળીબાર શરૂ કર્યો અને સ્થળ પરથી ફરાર થઈ ગયા. ગોળી વાગવાથી મુસબ્બીર અને મસૂદ બંને ગંભીર રીતે ઘાયલ થયા.

મુસબ્બીરને તરત જ BRB હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું. તેજગાંવ ડિવિઝનના વધારાના પોલીસ કમિશનર ફઝલુલ કરીમે મુસબ્બીરના મોતની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે બંને પર એક સાંકડી ગલીમાં હુમલો કરવામાં આવ્યો હતો.

ઘાયલ મસૂદને ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, મસૂદના પેટના ડાબા ભાગમાં ગોળી વાગી છે અને તેની સારવાર ચાલી રહી છે. (પ્રતિકાત્મક તસવીર)

ઘાયલ મસૂદને ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, મસૂદના પેટના ડાબા ભાગમાં ગોળી વાગી છે અને તેની સારવાર ચાલી રહી છે. (પ્રતિકાત્મક તસવીર)

અઝીઝુર રહેમાન મુસબ્બીર, BNPના સ્વયંસેવક યુનિટ ઢાકા સિટી નોર્થ સ્વેચ્છાસેવક દળના પૂર્વ મહાસચિવ હતા. તે શરિયતપુરના રહેવાસી હતા અને કારવાન બજાર વિસ્તારમાં પરિવાર સાથે રહેતા હતા. તેઓ અગાઉ પણ અનેક રાજકીય કેસમાં જેલ જઈ ચૂક્યા હતા. તેમણે 2020ની નગરપાલિકા ચૂંટણીમાં તેજગાંવના વોર્ડ-26માંથી BNP સમર્થિત ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. ઘટના બાદ વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો. BNP કાર્યકર્તાઓએ સોનારગાંવ ચોકડી પાસે વિરોધ પ્રદર્શન કર્યું. 12 ફેબ્રુઆરીએ યોજાનારી રાષ્ટ્રીય ચૂંટણી પહેલાં આ ઘટનાએ બાંગ્લાદેશમાં કાયદો અને વ્યવસ્થા તથા રાજકીય હિંસા અંગે ચિંતા વધારી દીધી છે. આ પહેલા ગયા મહિને 18 ડિસેમ્બરે વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીનું ગોળી વાગવાથી મૃત્યુ થયું હતું. હાદીને રાજધાની ઢાકામાં 12 ડિસેમ્બરે ગોળી મારવામાં આવી હતી, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેઓ રિક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે બાઈક સવાર હુમલાખોરે તેમને ગોળી મારી હતી. હાદીને તરત જ ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, બાદમાં સારવાર માટે તેમને સિંગાપોર રિફર કરવામાં આવ્યા હતા. જ્યાં 18 ડિસેમ્બરે તેમનું મૃત્યુ થયું હતું. તેમને 20 ડિસેમ્બરે સંસદ ભવનમાં દફનાવવામાં આવ્યા હતા.

હાદી ઈસ્લામી સંગઠન 'ઈન્કલાબ મંચ' ના પ્રવક્તા હતા અને ચૂંટણીમાં ઢાકાથી સ્વતંત્ર ઉમેદવાર હતા. ઈન્કલાબ મંચ ઓગસ્ટ 2024 ના વિદ્યાર્થી આંદોલન પછી એક સંગઠન તરીકે ઉભરી આવ્યું. તેણે તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાની અવામી લીગની સરકારને પાડી દીધી હતી.

આ સંગઠન અવામી લીગને આતંકવાદી જાહેર કરીને સંપૂર્ણપણે ખતમ કરવા અને યુવાનોની સુરક્ષાની માગને લઈને સક્રિય રહ્યું. આ સંગઠન રાષ્ટ્રીય સ્વતંત્રતા અને સાર્વભૌમત્વના રક્ષણ પર ભાર મૂકે છે. મે 2025માં અવામી લીગને ભંગ કરવા અને ચૂંટણીઓમાં ગેરલાયક ઠેરવવામાં આ સંગઠનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી.

# અમેરિકાએ રશિયાનું જહાજ જપ્ત કર્યું : નામ બદલીને વેનેઝુએલા તેલ ખરીદવા જઈ રહ્યું હતું, રશિયન સબમરીન પણ બચાવવા પહોંચી ન શકી

**મોસ્કો, તા.08**



અમેરિકાએ શનિવારે વેનેઝુએલા પાસેથી તેલ ખરીદનારાં 2 ટેન્કરને પકડી પાડ્યા હતા. બીબીસી અનુસાર, એમાંથી એક રશિયાનું જહાજ મેરીનેરા છે, જ્યારે બીજાનું નામ સોફિયા છે. સોફિયા પનામાનું જહાજ માનવામાં આવે છે.

આ બંને જહાજો થોડા કલાકોના અંતરે પકડાયા. અમેરિકાએ રશિયન ધ્વજવાળા તેલ ટેન્કર મેરીનેરાને ઉત્તર એટલાન્ટિકમાં જપ્ત કર્યું, જ્યારે બીજું જહાજ કેરેબિયન સીમાં પકડાયું. અમેરિકા આ જહાજનો પીછો બે અઠવાડિયાંથી કરી રહ્યું હતું.

કહેવાય છે કે આ જહાજ વેનેઝુએલાથી તેલ લઈ જવા માટે જઈ રહ્યું હતું, જેથી એને ચીન કે અન્ય દેશોમાં પહોંચાડી શકાય. રશિયાએ પોતાના જહાજની સુરક્ષા માટે સબમરીન અને અન્ય નૌસૈનિક જહાજો મોકલ્યા હતા, પરંતુ તેઓ એને બચાવવામાં સફળ થઈ શક્યા નહીં.

અમેરિકાએ જે રશિયન જહાજને પકડ્યું છે, પહેલા એનું નામ બેલા-1 હતું. અમેરિકાએ એને પ્રતિબંધિત જહાજોની યાદીમાં મૂક્યું હતું. ડિસેમ્બર 2025માં એ વેનેઝુએલા તરફ જઈ રહ્યું હતું, પરંતુ અમેરિકી કોસ્ટ ગાર્ડે એને રોકવાનો પ્રયાસ કર્યો.

એ સમયે જહાજના ક્રૂ-મેમ્બરની હોશિયારીથી આ જહાજ બચી ગયું હતું. ત્યાર બાદ આ જહાજનું નામ બદલીને 'મેરીનેરા' કરી દેવામાં આવ્યું હતું. ત્યાર બાદ એના પર રશિયન ધ્વજ લગાવીને એને દેશની ઓફિશિયલ રજિસ્ટ્રેશન યાદીમાં સામેલ કરી દેવામાં આવ્યું.

ત્યાર બાદ આ જહાજ વેનેઝુએલા તરફ જઈ રહ્યું હતું, પરંતુ અમેરિકી બ્લોકના ડરથી તેણે રસ્તો બદલીને એટલાન્ટિક તરફ વાળી લીધો હતો, પરંતુ અમેરિકા અને બ્રિટન સહિત ઘણા દેશો આ જહાજ પર નજર રાખી રહ્યા હતા.

હવાઈ અને દરિયાઈ દેખરેખ દ્વારા એના દરેક પગલાં પર નજર રાખવામાં આવી હતી. અમેરિકી જહાજ USCGC મુનરોએ એનો પીછો કરીને એને પકડ્યું.

જ્યારે અમેરિકી દળોએ એને ઉત્તર એટલાન્ટિકમાં બોર્ડ કર્યું, ત્યારે તેની પાસે રશિયાની એક સબમરીન અને અન્ય નૌકાદળનાં જહાજો હાજર હતાં, જોકે કોઈ સીધો સંઘર્ષ થયો ન હતો. રશિયાએ અત્યારસુધી આ અંગે કોઈ સત્તાવાર ટિપ્પણી કરી નથી, પરંતુ રશિયન મીડિયાએ જહાજ પાસે હેલિકોપ્ટરની તસવીરો જાહેર કરી છે.

હકીકતમાં ડિસેમ્બર 2025માં અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ માદુરોની સરકાર પર દબાણ વધારવા માટે 'શેડો ફ્લિટ' પર નાકાબંધી લગાવી હતી, જેથી તેઓ અમેરિકાની શરતો માને અને તેલ ઉદ્યોગમાં અમેરિકી કંપનીઓને જગ્યા આપે.

વેનેઝુએલા પરના અમેરિકી પ્રતિબંધોને કારણે ઘણાં ટેન્કરો સીધાં તેલ લઈ જઈ શકતાં ન હતાં, તેથી વેનેઝુએલા અને તેના ગ્રાહકો (જેમ કે ચીન) 'શેડો ફ્લિટ'નો ઉપયોગ કરી રહ્યા હતા.

# અમેરિકામાં અધિકારીએ કારમાં સવાર મહિલાને ગોળી મારી, મોત: ટ્રમ્પે કહ્યું- આ ભયાનક, પરંતુ અધિકારીનો બચાવ કર્યો

**વોશિંગ્ટન, તા.08**



અમેરિકાના મિનિયાપોલિસ શહેરમાં બુધવારે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ના એક એજન્ટે કારમાં સવાર મહિલાને ગોળી મારી દીધી, જેનાથી તેનું મોત થયું. મહિલાની ઓળખ રેની ગુડ (37) તરીકે થઈ છે. તે ત્રણ બાળકોની માતા હતી.

અમેરિકન ગૃહ સુરક્ષા વિભાગ (DHS) મુજબ મહિલાએ અધિકારીઓને કારથી ટક્કર મારવાનો પ્રયાસ કર્યો હતો, જેના પછી એજન્ટે કાર્યવાહી કરી.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ICE એજન્ટનો બચાવ કર્યો છે. તેમણે દાવો કર્યો કે મહિલાએ જાણીજોઈને અધિકારીને નિશાન બનાવ્યા. શૂટિંગના વીડિયો પર પ્રતિક્રિયા આપતા ટ્રમ્પે કહ્યું, 'વીડિયો ખૂબ જ ભયાનક છે.''

ઘટનાના તરત જ પછી સેંકડો લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા અને ICE વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ થઈ ગયા. સાંજ સુધી ત્યાં શ્રદ્ધાંજલિ સભા (વિજિલ) પણ થઈ, જેમાં લોકોએ ઈમિગ્રેશન એજન્સીઓનો વિરોધ કર્યો.

હોમલેન્ડ સિક્યુરિટી સચિવ ક્રિસ્ટી નોએમે દાવો કર્યો કે મહિલાએ અધિકારીઓને ગાડીથી કચડવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આ ઘટનાને ICE અધિકારીઓ પર થયેલો "ઘરેલું આતંકવાદી હુમલો" ગણાવ્યો.

જોકે, મિનેસોટાના મેયર જેકબ ફ્રેએ પ્રેસ કોન્ફરન્સ કરીને સરકારના દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા. જેકબે કહ્યું કે ઈમિગ્રેશન એજન્ટો શહેરમાં અરાજકતા ફેલાવી રહ્યા છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, "અમે માંગ કરીએ છીએ કે ICE તરત જ શહેર અને રાજ્ય છોડે. અમે અમારા પ્રવાસી અને શરણાર્થી સમુદાયો સાથે મજબૂતીથી ઊભા છીએ."

તેમણે કહ્યું કે સુરક્ષાના નામે અરાજકતા ફેલાવવામાં આવી રહી છે. પરિવારો તોડવામાં આવી રહ્યા છે અને હવે લોકો માર્યા પણ જઈ રહ્યા છે.

ત્યારે ગાડી આગળ વધે છે અને સામે ઉભેલા બીજા ICE અધિકારીએ તરત જ પિસ્તોલ કાઢીને ખૂબ નજીકથી ઓછામાં ઓછી બે ગોળી મારી દીધી.

એ સ્પષ્ટ થયું નથી કે ગાડીએ અધિકારીને ટક્કર મારી કે નહીં. ગોળી વાગ્યા પછી SUV નજીકમાં ઉભેલી બે ગાડીઓ સાથે અથડાઈને અટકી ગઈ. પછીથી મેડિકલ ટીમે મહિલાને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેનું મૃત્યુ થયું.

# ભારતના સત્ય સાંઈ વેનેઝુએલામાં ઘરે-ઘરે પ્રખ્યાત કેવી રીતે થયા: રાષ્ટ્રપતિ માદુરો પણ ભક્ત હતા

**કારાકાસ, તા.08**

ગયા અઠવાડિયે જ્યારે વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોને ન્યૂયોર્કની એક અદાલતમાં રજૂ કરવામાં આવ્યા, ત્યારે તેમણે ઘણી વાર ભગવાનનું નામ લીધું. માદુરોએ કહ્યું, 'હું ભગવાનનો માણસ છું. હું આઝાદ થઈ જઈશ' મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અદાલતમાં જોવા મળેલા આ વર્તન પાછળ માદુરોની આધ્યાત્મિક આસ્થા છે, જે રોમન કેથોલિક ચર્ચ સાથે નહીં, પરંતુ ભારતના એક એવા ગુરુ સાથે જોડાયેલી છે, જેમને કરોડો લોકો 'ચમત્કારોના પુરુષ' માને છે. માદુરોનો જન્મ એક કેથોલિક પરિવારમાં થયો હતો અને વેનેઝુએલા પણ કેથોલિક બહુમતી ધરાવતો દેશ છે. તેમ છતાં, માદુરો તે મુખ્ય વેનેઝુએલાના નેતાઓમાં સામેલ હતા, જેમને દિવંગત ભારતીય ગુરુ શ્રી સત્ય સાંઈ બાબાના ભક્ત તરીકે ઓળખાવવામાં આવે છે. માદુરો જ નહીં, પરંતુ તેમની પત્ની સિલિયા ફ્લોરેસ, વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગેઝ સહિત ઘણા હાઈ-પ્રોફાઈલ લોકો સત્ય સાંઈ બાબાના ભક્ત છે. આ જ કારણ છે કે ભારતથી 15 હજાર કિમી દૂર વેનેઝુએલામાં સત્ય સાંઈ બાબા પ્રખ્યાત છે. માદુરોને સત્ય સાંઈ બાબા સાથે જોડવામાં સૌથી મોટો રોલ તેમની પત્ની સિલિયા ફ્લોરેસનો માનવામાં આવે છે.

સિલિયા ફ્લોરેસ પોતે એક વકીલ અને નેતા છે અને નેશનલ એસેમ્બલીના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. તેઓ માદુરો સાથે લગ્ન પહેલાં જ સત્ય સાંઈ બાબાના ભક્ત હતા. તેમના દ્વારા જ માદુરો પહેલીવાર બાબાના સંપર્કમાં આવ્યા અને ધીમે ધીમે તેમની આસ્થા પણ ઊંડી થતી ગઈ. વર્ષ 2005માં જ્યારે સિલિયા ફ્લોરેસ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ હ્યુગો ચાવેઝ માટે વકીલ તરીકે કામ કરી રહ્યા હતા અને માદુરો સંસદના સ્પીકર હતા, ત્યારે બંને ભારત આવ્યા હતા. આ યાત્રામાં તેઓ આંધ્ર પ્રદેશ સ્થિત પ્રશાંતિ નિલયમ આશ્રમ પહોંચ્યા, જ્યાં તેમણે સત્ય સાંઈ બાબા સાથે મુલાકાત કરી. તે



સમયની તસવીરોમાં માદુરો અને ફ્લોરેસ બાબાની સામે જમીન પર બેઠેલા દેખાય છે. 2024માં વેનેઝુએલાના વર્તમાન કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગેઝ ભારત પ્રવાસે આવ્યા હતા, ત્યારે તેમણે સત્ય સાંઈ આશ્રમમાં દર્શન કર્યા હતા. માદુરોના નજીકના લોકો જણાવે છે કે સત્ય સાંઈ બાબાની એક મોટી તસવીર તેમની ઓફિસમાં પણ લાગેલી હતી. 2011માં જ્યારે સત્ય સાંઈ બાબાનું અવસાન થયું હતું, ત્યારે વેનેઝુએલાએ એક દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો. જોકે, ત્યારે માદુરો વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો નહોતા, પરંતુ તેઓ વિદેશ મંત્રી હતા અને સત્તાની ખૂબ નજીક હતા. તેમ છતાં, વેનેઝુએલા સરકારે તેમના નિધનને માત્ર એક ધાર્મિક ઘટના નહીં, પરંતુ રાષ્ટ્રીય મહત્વની ઘટના તરીકે લીધું. વેનેઝુએલા સરકારે સત્તાવાર શોક પ્રસ્તાવ જારી કર્યો. સરકારી સ્તરે રાષ્ટ્રીય શોક દિવસ જાહેર કરવામાં આવ્યો. સરકારી સંસ્થાઓ અને નેતાઓ તરફથી સાંઈ બાબા માટે ઔપચારિક સંવેદના સંદેશા આપવામાં આવ્યા. આ પગલું એટલા માટે પણ ચોંકાવનારું હતું કારણ કે સત્ય સાંઈ બાબા વેનેઝુએલાના નાગરિક નહોતા, વેનેઝુએલામાં ક્યારેય કાયમી રૂપે રહ્યા નહોતા, તેમ છતાં સરકારે તેમને આટલું સન્માન આપ્યું. ધાર્મિક સમાચારો સાથે સંકળાયેલી વેબસાઈટ 'રિલિજન ન્યૂઝ સર્વિસ (RNS)' અનુસાર વેનેઝુએલામાં સત્ય સાંઈ બાબા સંગઠનની શરૂઆત કોઈ મોટા મિશન કે પ્રચારથી થઈ નહોતી. તેની શરૂઆત એક મહિલાના વ્યક્તિગત આધ્યાત્મિક અનુભવથી થઈ. આ મહિલાનું નામ એના એલેના ડિયાઝ-વિયાના હતું, જેમને વેનેઝુએલાના પ્રથમ સાંઈ ભક્ત માનવામાં આવે છે. NS અનુસાર જ્યારે ડિયાઝ-વિયાના લગભગ 25 વર્ષના હતા, ત્યારે તેમણે એક વિચિત્ર સ્વપ્ન જોયું. સ્વપ્નમાં તેમણે એક વ્યક્તિને સફેદ કપડાંમાં જોયા, જેમના મોટા અને ઘનઘોર વાંકડિયા વાળ હતા. તે સમયે તેઓ તે વ્યક્તિને ઓળખી શક્યા નહોતા, પરંતુ તે સ્વપ્ન તેમના મનમાં વસી ગયું. સ્વપ્ન પછી ઘણા વર્ષો સુધી તે તે ચહેરા વિશે વિચારતી રહી. તેણે કોઈ ગુરુની શોધ કરી ન હતી, પરંતુ તેના મનમાં આધ્યાત્મિક પ્રશ્નો, સેવા ભાવના અને અન્યને મદદ કરવાની ઈચ્છા વધતી ગઈ. લગભગ પાંચ વર્ષ પછી, તેણે એક આંતરરાષ્ટ્રીય ડોક્યુમેન્ટરી 'ધ લોસ્ટ યર્સ ઓફ જીસસ' જોઈ. તેમાં જ્યારે તેણે સત્ય સાંઈ બાબાને જોયા, ત્યારે તે ચોંકી ગઈ. તેના મતે, તે જ ચહેરો હતો જે તેણે સ્વપ્નમાં જોયો હતો.

તંત્રી લેખ

# યુવતી સમજીને લઈ જાય, પણ નીકળે ટ્રાન્સજેન્ડર!'

વિદેશ ફરવા જવા ઈચ્છુક ભારતીયો માટે થાઈલેન્ડ અને દુબઈ સસ્તામાં સિદ્ધપુરની જાત્રા જેવું છે. ખાસ કરીને થાઈલેન્ડ ત્યાંના કલ્ચર અને નાઈટ લાઈફને કારણે લોકોને આકર્ષે છે, જોકે આ વખતે થાઈલેન્ડ પોતાની ગ્લેમરસ નાઈટ લાઈફ માટે નહીં, પણ અન્ય એક કારણથી ચર્ચામાં આવ્યું છે. એક વીડિયો વાઈરલ થયો છે, જેમાં ભારતીય વ્યક્તિને ટ્રાન્સજેન્ડરનું ગ્રુપ માર મારી રહ્યું છે. આ વીડિયો વાઈરલ થતાં જ થાઈલેન્ડની નાઈટ લાઈફ, લેડી બોય અને ત્યાં થતી છેતરપિંડી અંગે ચર્ચા શરૂ થઈ છે. દિવ્ય ભાસ્કરે એક દાયકાથી થાઈલેન્ડમાં સ્થાયી થયેલા ગુજરાતી રેસ્ટોરન્ટ માલિક સુરેશ સાવલિયા સાથે વાત કરીને આ વીડિયો પાછળનું સત્ય અને થાઈલેન્ડમાં ભારતીયો સાથે કેવી-કેવી રીતે છેતરપિંડી થાય છે એ જાણ્યું હતું. સુરેશ સાવલિયા સ્થાનિક ભારતીય સમાજના અગ્રણી છે અને થાઈલેન્ડમાં કોઈ ભારતીય મુશ્કેલીમાં ફસાય તો તેને મદદ પણ કરે છે. વર્ષ 2024માં 21 લાખ ભારતીયો થાઈલેન્ડ ગયા હતા, જે એક રેકોર્ડ હતો. જ્યારે 2025માં જૂન મહિના સુધીમાં જ આ આંકડો 10 લાખથી વધુનો થઈ ગયો હતો. થોડા દિવસ પહેલાં ભારતીય વ્યક્તિને માર મારતા હોવાનો જે વીડિયો વાઈરલ થયો હતો, એ પતાયાના બીચ રોડ પરનો છે. આ ભારતીય ટૂરિસ્ટ એક બારમાં બેઠા હતા. તેમની અને ટ્રાન્સજેન્ડર વચ્ચે બારમાં સાથે બેસવાની ડીલ થઈ હશે. અંદાજે અડધો કલાક સાથે બેઠા હતા અને પછી ઓચિંતા ત્યાંથી નીકળી ગયા હતા. ત્યારે ટ્રાન્સજેડરે રૂપિયા માગ્યા હતા. ભારતીય ટૂરિસ્ટે રૂપિયા આપવાનો ઈનકાર કર્યો હશે, જેના પછી બોલાચાલી થઈ અને ટ્રાન્સજેડરનું ગ્રુપ એકઠું થઈ ગયું. પહેલા તો ટૂરિસ્ટની આંખમાં સ્પ્રે છાંટ્યો અને પછી એકઠા થઈને તેને માર માર્યો હતો. સુરેશ સાવલિયા આવી ડીલ વિશે માહિતી આપતાં કહે છે કે રેસ્ટોરન્ટમાં બેસવાનું ફ્રી હોય છે, ત્યાં ટ્રાન્સજેન્ડર અને યુવતીઓ આવે છે. તેમને સાથે બેસવાની ઓફર કરો તો તે કહે કે મને કેટલા રૂપિયા આપશો? જેના પછી 500-1000 બાથ (થાઈલેન્ડની કરન્સી)ની ડીલ થાય. કોઈને સાથે ડ્રિન્ક કરવા બેસાડો તો તેને રૂપિયા આપવા પડે છે. ડીલ થયા પછી એ તમને છોડીને ક્યાંય ન જાય, તમારી સાથે બેસે, પાર્ટી કરે. જો તમે ઊભા થઈને અચાનક ચાલતા થાઓ એટલે આવી ઘટના તો થવાની જ છે. પતાયાના બીચ રોડ પર આવી ઘટનાઓ તો સામાન્ય છે અને દરરોજ બનતી રહેતી હોય છે. બીચ રોડ પર જેને ઓળખતા ન હો તેની સાથે વાત ન કરો, કેમ કે અહીં અમુક પ્રકારની છેતરપિંડી થાય છે. આવી સલાહ આપતા સાવલિયાએ આગળ કહ્યું, અમે લોકોને કહીએ છીએ કે તમે પ્રોપર સ્પામાં જાઓ. પ્રોપર ક્લબમાં જાઓ. રોડ પરથી કોઈ વસ્તુ ના લો. સુરેશ સાવલિયાએ કહ્યું, માથાકૂટ એ થાય છે કે લોકો લેડીઝ સમજીને પોતાની સાથે હોટલમાં લઈ ગયા હોય અને પછી એ ટ્રાન્સજેન્ડર નીકળે. ગ્રાહક પૈસા ન આપે એટલે રૂમમાં બબાલ થાય. ગ્લાસ ફૂટે, ટીવીના રિમોટ તૂટે. માથામાં બોટલ કે ગ્લાસ મારે એ હદ સુધી જાય છે. આ બધા રૂપિયા ટૂરિસ્ટે આપવા પડે છે, કેમ કે હોટલમાં એ આવ્યો હોય છે. ટ્રાન્સજેન્ડરને કોઈ ક્લબમાં એલાઉડ નથી. ક્લબમાં ફક્ત લેડીઝ જ હોય છે.

# સુખ અને દુખની અનૂભૂતિ માટે મન, મગજ, અને હ્રદય એ ત્રણ અવયવ જવાબદાર છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. માનવીનાં શરીરનાં ત્રણ અવયવ ખૂબ જ મહત્વનાં છે, અને એ અવયવમાં સમતા અથવા તો સ્થિરતા આવે તો, જીવન પ્રમાણમાં સમ રહે! કે પ્રગતિ ન થાય તો કંઈ નહીં પણ તોય પતન તો થાય જ નહીં! માનવીય શરીરનાં બે અવયવ આપણે વૈજ્ઞાનિક રીતે પણ સિદ્ધ કરી શકીએ છીએ, અને એક સિદ્ધ થઈ શકતું નથી. માનવીનું મગજ, માનવીનું હ્રદય, અને માનવીનું મન, આ ત્રણ અવયવોને કારણે જ આપણે સારા ખરાબ ભાવ અનુભવી શકતા હોઈએ છીએ. મગજની અંદર બુદ્ધિનું સ્થાન દર્શાવ્યું છે, પરંતુ મગજ ઈચ્છા કરતું નથી, ઈચ્છા તો મન જ કરે છે. એટલે મન દ્વારા કોઈ પ્રકારની ઈચ્છા કે ઝંખના થાય, એટલે મગજ ઈચ્છા પૂરી કરવાં અન્ય ઈન્દ્રિયોને કાર્યરત કરે છે, જે ઈન્દ્રિયો દ્રશ્યમાન છે. દરેકની ક્રિયાઓ આ રીતે જ થતી હોય છે, એટલે એ સમજી શકાય એવી વાત છે. ક્યારેક હ્રદયની ભાવનાને ઉજ્જવળ ભવિષ્ય માટે ઈગ્નોર પણ કરવી પડે છે! આવું બધું દરેક સાથે થાય જ છે. કોઈની ભાવના દુભાય કે દિલ દુખાય, તો એ દુઃખની લાગણી અનુભવે, અને કોઈ સાથે વારંવાર આવું બને તો એનાં મનમાં વિદ્રોહ જાગે, અને પછી, અન્યને કંઈ રીતે હેરાન પરેશાન કરવા એનાં ષડયંત્રોની શરૂઆત થાય,અને આમ જીવન પતન તરફ ગતિ કરે છે. પણ કરુણા એક એવી ભાવના છે, જેને મહેસુસ કરવા માટે હ્રદયમાં અમુક પ્રકારના ભાવ હોવાં બહુ જરૂરી છે, તો જ તે અનુભવી શકાય, અથવા અન્ય તરફ વહાવી શકાય, એ વિશે આજે આપણે ચિંતનમાં વાત કરીશું.

ભાવ નાં બે મુખ્ય સ્વરૂપ છે, એક ખુશીનો એટલે કે સુખનો ભાવ અને બીજો દુઃખનો ભાવ. લગભગ દરેકના જીવન આ બે મુખ્ય ભાવો ની વધઘટની આસપાસ જ ભમતા હોય છે, જેમાં ક્યારેક શારીરિક ઘાત પ્રત્યાઘાતનું પણ યોગદાન હોય છે, તો ક્યારેક માત્ર શબ્દોથી સુખ દુઃખનો ભાવ ઉદ્ભવતો હોય છે, તો ક્યારેક અન્યના વગર બોલે થતાં વ્યવહારથી પણ સુખ દુઃખનો ભાવ થાય છે, અને આવું જેની સાથે થાય એ પછી એનાં નિજ અનુભવ તરીકે સિદ્ધ થાય છે. કોઈનું આવવું, કોઈનું જવું, કોઈનું બોલવું, કોઈનું મૌન રહેવું, આ બધી જ ક્રિયા અને પ્રતિક્રિયાથી ભાવનો જન્મ થતો હોય છે. કોઈની એક નજરથી કામ થઈ જતું હોય છે, તો કોઈનું એક મોહક સ્મિત કામ કરી જતું હોય છે, બસ આ પ્રેમ નામની લાગણી બધા જ પ્રત્યે આટલી જ તીવ્રતાથી અનુભવાય ત્યારે જ કરુણા સમજાય.

પ્રેમ હોય ત્યાં સમર્પણ થાય, કોઈ માટે ત્યાગ કરવાથી વધુને વધુ આનંદ આવતો જાય, એમ પ્રેમ વધુ છે એવું સાબિત થાય. પ્રેમની સાવ સીધી સાદી કોઈ વ્યાખ્યા કરવી હોય તો,એને પોતા પણું કહેવાય! આપણે ત્યાં એટલે જ કહેવાય છે કે પોતાના ના માટે તો સૌ કરે, પારકા માટે કંઈક કરે, તો કહેવાય! અને પારકા માટે કંઈ થતું નથી, આ એક સત્ય હકીકત છે. જ્યારે પણ કંઈક થાય



ત્યારે પારકા પણાનો ભાવ ઓછો થતો જાય તો જ સાચું. ક્યાંક સ્વર્ગ નર્ક નાં ભયને કારણે થતું હોય, કે ધાર્મિક પરંપરાઓનાં નામે થતું હોય! બાકી તો જ્યાં સુધી પોતાપણાનો ભાવ આવે નહીં, ત્યાં સુધી પ્રેમ અધૂરો છે, અથવા તો સંસારી છે એમ કહી શકાય!

હમણાં એક કથામાં બાપુએ પ્રેમ પંચકની વાત કરી હતી! એની પર ફરી કોઈવાર વાત, પણ આપણે ત્યાં પ્રેમ આગળ પરમપ્રેમ અથવા તો અમર પ્રેમ એવો શબ્દ પણ લગાડવામાં આવે છે, અને એ પ્રેમની પરાકાષ્ઠાની અવસ્થા છે, જ્યાં એની માટે કોઈ પારકું નથી, બધા જ પોતાના છે!: અને આવો પ્રેમ હતો રાધા ક્રિષ્નનો કે જેને આપણે આજે પણ યાદ કરીએ છીએ. પરંતુ આપણામાં બહુ સ્વાભાવિક રીતે જ આવો ભાવ આવે નહીં, કારણ કે આપણે તો મારું મારું કરવા વાળા! પણ જો ઈચ્છીએ તો વેદ ઉપનિષદથી શરૂ કરીને રામચરિત માનસ સુધીનાં તમામ વૈદિક ગ્રંથોમાં કહ્યા મુજબ દરેક જીવાત્મા માં ઈશ્વરનો વાસ છે, અને અચેતન વિશ્વમાં પણ ઈશ્વર સચરાચર વ્યાપેલ છે!

માનવી અન્ય પાસેની વસ્તુ, પોતાની આસપાસની વ્યક્તિ, અને અન્ય સાથેનાં વ્યવહારથી સુખ દુઃખની પ્રતીતિ કરતો હોય છે. સારાં ખરાબ કોઈ પણ ભાવની પ્રતીતિ થાય એટલે આપણું હ્રદય એ દિશામાં કામ કરે છે એવું સાબિત થાય. આપણે આ પ્રતીતિનો ભાવ નકારાત્મક એટલે કે દુઃખ આપનારો હોય તો ત્યાં હકારાત્મક ભાવ એટલે કે સુખની પ્રતીતિ કરવાની છે, કારણકે પહેલા આપણે આપણા જીવનથી સંતુષ્ટ હોઈએ તો બીજાને કરી શકીએ! સર્વ પ્રથમ તો આપણી કરતાંયે દુનિયામાં કેટલાય દુઃખી છે! જેની આગળ મારું દુઃખ તો કંઈ નથી! એમ કરી દુઃખને ઈગ્નોર કરતાં જવાનું! અને હકીકત એ જ છે, કે આપણને આપણા દુખડા રડવાની ટેવ પડી ગઈ છે, એટલે જ બીજાનાં દુઃખ દર્દ દેખાતા નથી! આ વિશ્વમાં કેટલાય એવા છે, જેને રહેવાં છત નથી, જમવા માટે આહાર નથી, પહેરવા માટે કપડાં નથી! ચપ્પલ નથી, માંદગી માં દવા નથી, ત્યાં મનોરંજન તો ક્યાંથી હોય! અને તોય દુનિયાભરનું દુઃખ તો આપણને જ હોય એમ આમ થયું! તેમ થયું! એમ કરીને આ કિંમતી સમય વેડફી રહ્યા છીએ.

માનવીની પ્રાથમિક જરૂરિયાતોનું લિસ્ટ બનાવી અને આપણી પાસે જે જે વસ્તુઓ ઉપલબ્ધ છે, એની સામે ખરાની નિશાની કરતાં જઈએ, તો આપણને જોઈએ એની કરતાં વધુ આપણી પાસે છે, એ સાબિત થશે! એટલે સ્થૂળ વસ્તુનો અભાવો આ રીતે દૂર કરી શકાય! હવે વ્યક્તિ પર આવીએ! તો માનવી મોટે ભાગે અંદરો અંદરના વ્યવહારથી પરેશાન હોય, અને એને કારણે હ્રદયમાં સુખ દુઃખની પ્રતીતિ થતી હોય છે, તો એનો જેમ સ્વભાવ છે, એમ મારો પણ કંઈક સ્વભાવ છે, અને મને જેમ એના સ્વભાવથી દુઃખ થાય છે, તેમ મારી અમુક માનસિકતાને કારણે અન્યને પણ દુઃખ થતું હશે! એવું વિચારી શકાય, અને આ રીતે અન્યના સ્વભાવને સ્વીકારવાની શરૂઆત કરી શકાય, એ રીતે ત્યાં આગળ હઠાગ્રહ, પૂર્વગ્રહ, કે દુર્વાગ્રહ, કે પોતાનો કોઈ આગ્રહ હોય તો એ ગ્રંથિ છોડી અને એ ભાવને હકારાત્મક બનાવી શકાય! અને આ એક જ રસ્તો છે, કે જે રીતે સુધારો થાય! બાકી સુધારવા માટે જ્યાં સુધી અન્યની રાહ જોઈશું અથવા સુધરે કેમ નહીં એમ વિચારી કોઈ ને સુધારવામાં ક્યાં સુધી સમય વેડફી શું ? આપણો સમય કીમતી છે! બસ પછી વાત આવે છે વ્યવહારની તો સ્વભાવમાંથી કર્કશતા દૂર થતાં જ આપણો મૂળ સ્વભાવ એટલે કે માનવતા ઉજાગર થશે! જ્યાં અન્યનાં દુઃખ દર્દ માત્ર સ્પર્શશે નહીં! પણ અનુભવાશે અને એ રીતે સરખી વેદના એટલે કે સંવેદનાનો ભાવ આપણાં હ્રદયમાં વહેશે, જ્યાં પછી કોઈ પારકું ન્હોય, બધાં જ પોતાનાં ! અને આ ભાવને કરુણાનો ભાવ કહેવાય કે જે એકવાર પ્રગટે પછી જન્મોજન્મ સાથે ચાલે છે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએ કે પેલા બેન તો બહુ દયાળુ છે, અને પેલા ભાઈ એ તો પોતાની બધી મિલકત આવાં દિન દુખીયા માટે વાપરી નાખી! તો કરુણા કોને કહેવાય, અને એ કંઈ રીતે પ્રગટે એ જાણ્યા પછી , ઈશ્વરે આપણી હેસિયત કરતાં આપણને વધુ આપ્યું છે! એ સત્યને સ્વીકારી, સમાજનાં તરછોડાયેલા વર્ગ તરફ કરુણા વહાવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# વિરમગામ અને ધોળકામાં NDRF દ્વારા વિધાર્થીઓ અને ગ્રામજનોને અપાઈ જીવનરક્ષક તાલીમ

અમદાવાદ, તા. 08

અમદાવાદ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર અને 6J 6BN NDRFની ટીમ દ્વારા સંયુક્ત રીતે તાજેતરમાં વિરમગામ અને ધોળકા તાલુકાના વિવિધ વિસ્તારોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેના વિશેષ તાલીમ કાર્યક્રમો સફળતાપૂર્વક યોજાયા હતા. આ અભિયાન અંતર્ગત ગત તા. 02 થી 04 જાન્યુઆરી, 2026 દરમિયાન વિરમગામ તાલુકામાં અને તા. 05 થી 07 જાન્યુઆરી, 2026 દરમિયાન ધોળકા તાલુકામાં શાળા સલામતી પ્રોગ્રામ અને જનજાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ સમયે નાગરિકો અને વિદ્યાર્થીઓ પોતાની સુરક્ષા જાતે કરી શકે તે માટે સજ્જ કરવાનો હતો. વિરમગામ તાલુકાની પ્રાથમિક શાળા ધાનેતા, નાની કિશોલ અને રૂપાવટી તેમજ ધોળકાની પ્રાથમિક શાળા સરોડા અને ચંડીસર ખાતે NDRFની ટીમ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વિરમગામના હઠીલાવાડી વોર્ડ નં. 07 અને નીચાણવાળા વિસ્તારોમાં ગ્રામજનો માટે ખાસ કેમ્પનું આયોજન કરી આપત્તિના સમયે લેવાતા સાવચેતીના પગલાંઓનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. NDRFના ટીમ કમાન્ડર શ્રી અરૂણકુમાર શર્મા અને તેમની ટીમ દ્વારા આ દરમિયાન ભૂકંપ સુરક્ષા, સી.પી.આર. (CPR) અને શ્વાસ રોકાવાની સ્થિતિ (FBAO) માં જીવનરક્ષક સારવાર કેવી રીતે આપવી તેનું પ્રાયોગિક જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું. વધુમાં, રક્તસ્ત્રાવ નિયંત્રણ, અસ્થિભંગ સમયે સ્પ્લિન્ટ્સનો ઉપયોગ, ઈમ્પોવાઈઝ્ડ સ્ટ્રેચરની મદદથી દર્દીનું સ્થળાંતર, પૂર જેવી સ્થિતિમાં ઘરગથ્થુ વસ્તુઓથી ફ્લોટિંગ ડિવાઈસ બનાવવા અને આગ લાગે ત્યારે અગ્નિશામક સાધનોના ઉપયોગ વિશે ઝીણવટભરી સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌને સરકારની 'આપત્તિ એપ્લિકેશન' વિશે માહિતગાર કરી ટેકનોલોજીના માધ્યમથી સુરક્ષિત રહેવા અપીલ કરવામાં આવી હતી. ગ્રામજનો અને શાળા પરિવારે NDRFની આ કામગીરીને બિરદાવી હતી અને આપત્તિ સમયે ગભરાવાને બદલે સમજદારીપૂર્વક કાર્ય કરવાની પ્રેરણા મેળવી હતી.આ તાલીમ શિબિરોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સ્થાનિક ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત, વિરમગામના હઠીલાવાડી વોર્ડ નં. 07 અને નીચાણવાળા વિસ્તારોમાં ગ્રામજનો માટે ખાસ કેમ્પનું આયોજન કરી આપત્તિના સમયે લેવાતા સાવચેતીના પગલાંઓનું જીવંત પ્રદર્શન કરવામાં આવ્યું હતું. NDRFના ટીમ કમાન્ડર શ્રી અરૂણકુમાર શર્મા અને તેમની ટીમ દ્વારા આ દરમિયાન ભૂકંપ સુરક્ષા, સી.પી.આર. (CPR) અને શ્વાસ રોકાવાની સ્થિતિ (FBAO) માં જીવનરક્ષક સારવાર કેવી રીતે આપવી તેનું પ્રાયોગિક જ્ઞાન પૂરું પાડવામાં આવ્યું હતું. વધુમાં, રક્તસ્ત્રાવ નિયંત્રણ, અસ્થિભંગ સમયે સ્પ્લિન્ટ્સનો ઉપયોગ, ઈમ્પોવાઈઝ્ડ સ્ટ્રેચરની મદદથી દર્દીનું સ્થળાંતર, પૂર જેવી સ્થિતિમાં ઘરગથ્થુ વસ્તુઓથી ફ્લોટિંગ ડિવાઈસ બનાવવા અને આગ લાગે ત્યારે અગ્નિશામક સાધનોના ઉપયોગ વિશે ઝીણવટભરી સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌને સરકારની 'આપત્તિ એપ્લિકેશન' વિશે માહિતગાર કરી ટેકનોલોજીના માધ્યમથી સુરક્ષિત રહેવા અપીલ કરવામાં આવી હતી. ગ્રામજનો અને શાળા પરિવારે NDRFની આ કામગીરીને બિરદાવી હતી અને આપત્તિ સમયે ગભરાવાને બદલે સમજદારીપૂર્વક કાર્ય કરવાની પ્રેરણા મેળવી હતી.આ તાલીમ શિબિરોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સ્થાનિક ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# દરેક સમસ્યાનો ઉકેલ ધીરજ અને સાચા પ્રયાસમાં છે. અંધકાર ગમે તેટલો ગાઢ હોય મન શાંત હોય તો ઉકેલ ચોક્કસ મળી જ જાય છે.



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ઠંડીના પ્રકોપ કે આશીર્વાદ વચ્ચે આજે આપણે જોઈએ તો એક વેપારી ખૂબ સારી સ્થિતિમાં હતો તેનો ધંધો પણ ખૂબ જ સારો ચાલતો હતો.તેની પાસે પુષ્કળ પૈસા હતા,પણ તેમાં કેટલીક સમસ્યા પણ હતી.એક દિવસ,તે શાંતિથી ઊંઘી શકતો ન હતો.તે સતત બેચેન અને બેચેન રહેતો તેની પત્ની સરસ્વતીએ બધુંજોયું અને પૂછ્યું કે શું થયું છે.'શું છે?' વારંવાર પૂછવા છતાં,તે કંઈ જ ન કહેતો.બીજા દિવસે,તેની સ્થિતિ એવી જ રહી. તેની પત્નીએ હઠાગ્રહ કર્યો,'તમારે મને કહેવું પડશે.' ત્યારે વેપારીએ કહ્યું,તમે મને 'પૂછશો નહીં,જો તમે સાંભળશો, તો તમે મારા જેવા જ થશો.' છેવટે તેની પત્નીના આગ્રહ પર,તેણે જવાબ આપ્યો, 'એક દિવસ,મને વિચાર આવ્યો, 'જો બધો ધંધો બંધ થઈ જાય, તો મારી સ્થિતિ શું થશે?'પછી મેં બધું ગણતરી કરી.જો આજે ધંધો બંધ થઈ જાય,તો મારી પાસે નવ પેઢીઓ સુધી ચાલે તેટલા પૈસા હશે,પરંતુ તે પછી, કંઈ જ બચશે નહીં.બાળકો શું ખાશે?તે પછી તેઓ કેવી રીતે સમય ગુજારશે?હું આ વિશે દુઃખી અને ચિંતિત છું.'

સમજદાર પત્નીએ કહ્યું,'ઠીક છે, હવે ચિંતા કરશો નહીં.કાલે આપણે એક સંત પાસે જઈશું અને તેમની પાસેથી આપણી સમસ્યાનો ઉકેલ માંગીશું.આજે તમે સૂઈ જાઓ.'

પત્નીએ કોઈક રીતે તેને સૂવડાવી દીધા બીજા દિવસે,જ્યારે તેઓ કારમાં બેસી રહ્યા હતા,ત્યારે તેણે સંતને આપવા માટે કારમાં ખોરાક ફળો અને અન્ય વસ્તુઓ મુકવાનું શરૂ કર્યું.આ જોઈને પતિએ પૂછ્યું, 'તમે આ બધું કેમ ભરી રહ્યા છો? મેં ગઈકાલના ખાતા પણ ઉમેર્યા નથી.'પતિએ કહ્યું,'આપણે રોજ જવાની જરૂર નથી;આપણે ફક્ત આજે જ લઈ જવાની જરૂર છે.'વેપારીએ સંમતિ આપી અને તેઓ બંને સંતના આશ્રમમાં પહોંચ્યા. વેપારીની પત્ની તેને બધો સામાન આપવા માંગતી હતી,પરંતુ સંતે તેને રોકી અને તેના શિષ્યને અંદર જઈને ગુરુને પૂછવા કહ્યું કે કેટલું ભોજન બાકી છે.શિષ્યએ પૂછ્યું અને કહ્યું 'બધું આજ રાત માટે પૂરતું છે.'

'તે કાલ સવાર માટે નથી.'સંતે જવાબ આપ્યો,'અમે તમારી ભેટ સ્વીકારી શકતા નથી કારણ કે તેની જરૂર નથી.'પત્નીની ખાસ વિનંતી પર,સંતે કહ્યું,'ઠાકુરજી કાલનું ધ્યાન રાખશે.હા,જો આજ માટે પૂરતું ન હોત,તો હું તે રાખી લેત.'

વેપારી પતિએ તેની પત્નીને કહ્યું, 'ચાલો હવે જઈએ.તમે હજી સુધી તમારા પ્રશ્નનો ઉકેલ પણ માંગ્યો નથી.'વેપારીએ જવાબ આપ્યો,'મને હવે તેની જરૂર નથી મેં ઉકેલ શોધી કાઢ્યો છે.' સંતને આવતી કાલની ચિંતા નથી,પણ મને આવનારી નવ પેઢીઓની ચિંતા છે.આ ત્યારે જ થાય છે જ્યારે ભગવાનમાં શ્રદ્ધા ન હોય.

રઘુનાથજીએ લંકામાં પ્રવેશ કર્યો. પછી અંગદને વિષ્ટિ કરવા મોકલ્યો પણ મદાંધ રાવણ કશું સાંભળતો નથી.યુદ્ધ થયું લક્ષ્મણે ઈન્દ્રજીતનું મસ્તક કાપ્યું. સુલોચના સતી થવા તૈયાર થઈ સુલોચનાએ રાવણ પાસે ઈન્દ્રજીતનું મસ્તક માગ્યું,ત્યારે રાવણે કહ્યું કે, તેનું મસ્તક તો રામજી પાસે છે, તેની પાસે જા! સુલોચનાએ કહ્યું, મને શત્રુ પાસે



કેમ મોકલોછો?હું અતિ સુંદર છું. હું ત્યાં જઈશ તો કાંઈક અનર્થ થશે ત્યારે રાવણે રામજીનાં ખૂબ વખાણ કર્યાં. તે કહે છે, હું જાણું છું, રામ તને માતાનો જેમ માનશે. હું રામ સાથે વેર રાખું છું પણ રામ મને શત્રુ માનતા નથી. તું રામને શરણે જા. જરૂર તે તને મસ્તક આપશે. સુલોચના રામજી પાસે આવ્યા.

પછી કહે, યુદ્ધમાં વધ થતાં મારા પતિનો હાથ કપાઈ ઊડીને મારા આંગણામાં પડ્યો અને તેણે પત્ર લખ્યો. ત્યારે પ્રશ્ન થયો કે, મરેલો કપાયેલો હાથ કેમ કરી લખી શકે? તારા પતિનું આ કપાયેલું ડોકું જો હસે તો અમે તારી વાત સાચી માનીએ!સુલોચના મસ્તકને વીનવે છે,પણ મસ્તક હસતું નથી ત્યારે સુલોચના પોતાના પિતા શેષનાગને યાદ કરે છે.તેજ વખતે કપાયેલું મસ્તક ખડખડ કરી હસે છે અને કહે છે કે,તારા પિતા શેષ નાગ એ જ લક્ષ્મણ છે અને તેમણે જ મને માર્યો છે! લક્ષ્મણ-ઈન્દ્રજીતનું યુદ્ધએ સસરા-જમાઈનું યુદ્ધ હતું, પણ આજે તો બે પતિ વ્રતાઓ ઊર્મિલા અને સુલોચના પતિવ્રતાના યુદ્ધમાં હતી. તેમાં સુલોચનાની હાર થઈ. સુલોચના લક્ષ્મણજીને કહે છે કે, જીત તમારી નથી, પણ જીત તમારી ઊર્મિલાની છે. ઊર્મિલાનું પતિવ્રત મારા કરતાં ચઢે છે. મારા પતિ પરસ્ત્રીનું હરણ કરનાર રાવણને મદદ કરતા હતા તેથી તેની હાર થઈ છે. સુલોચના સતી થઈ. રામજીએ પણ સુલોચનાનાં ખૂબ વખાણ કર્યાં છે.

રામ-રાવણનું ભયંકર યુદ્ધ થયું. રાવણની દૂંટીમાંનું અમૃત રામે અગ્ન્યાસ્ત્ર દ્વારા સૂકવી નાખ્યું. રાવણનો વિનાશ કર્યો. સીતાજીને હનુમાનજીએ વિજયની ખબર આપી.પ્રભુએ લંકાનું રાજ્ય વિભીષણને આપ્યું.વાનરોનું ખૂબ સન્માન કર્યું પછી પુષ્પકવિમાનમાં રામ-સીતા એ ત્યાંથી પ્રયાણ કર્યું.

પ્રયાગરાજ પાસે વિમાન આવ્યું. હનુમાનજીને રામે આગળ જવા આજ્ઞા કરી. હનુમાનજી ભરતપાસે આવ્યા. ભરતે રામપાદુકાની પૂજા કરી, સીતારામનો જપ કરે છે. હનુમાનજી બોલ્યા, ભરતજી રામપાદુકાની પૂજા કરી સીતારામ નો જપ કરે છે.હનુમાનજીબોલ્યા ભરતજી, રામજી પધારે છે.ભરત ને અતિશય આનંદ થયો. ભગવાને ભરતજીને ઊઠાવીને આલિંગન આપ્યું.રામ અને ભરત જ્યારે મળે છેત્યારે લોકોને ખબર નથી પડતી કે, આમાં રામ કોણ?બંને વર્ણશ્યામ છે.વલ્કલ સરખાં છે શરીર સરખાં કૃશ છે.

વસિષ્ઠ ઋષિ મુહૂર્ત આપે છે તે પ્રમાણે વૈશાખ માસ શુક્લ પક્ષ અને સપ્તમીને દિવસે રામનો રાજ્યાભિષેક થયો.સીતાજીસાથે કનક સિંહાસન ઉપર રામચંદ્રજી બિરાજ્યા.રામરાજ્યમાં કોઈ દરિદ્રી નહીં,રોગી નહીં,લોભીનહીં ક્યાંય ઝઘડોનહીં.રામરાજ્યમાં પ્રજા સર્વ રીતે સુખી છે.કેટલાક લોકો કહે છે કે,ધર્મ મર્યાદા પાળવાથી શું થવાનું છે,પણજ્ઞાની પુરુષોને પણ જ્ઞાનની ચરમકક્ષા એ પહોંચ્યા પછી ધર્મની મર્યાદા ની જરૂર રહેતી નથી.છતાંયે લોકો ને ધર્મ મર્યાદાનો બોધ આપવા તેઓ હંમેશાં મર્યાદાનું પાલન કરે છે. સ્વધર્મની મર્યાદાનું પાલન કરનાર માનવી સુખી થાય છે. રામજી કદી એવું માનતા નથી કે હું સ્વતંત્ર છું. શ્રીરામ સદા પોતાને ધર્મ પરતંત્ર માને છે.એટલે રામનો પ્રત્યેક સદ્ગુણ જીવનમાં ઉતારવો એજ રામની સાચી સેવા છે.

રામજી ખૂબ સરળ હતા. સજ્જન સાથે સરળ અને દુર્જન સાથે પણ તેઓ સરળ બને છે. રામરાજ્યમાં પ્રજા બહુ જ સુખી છે.રામજી બધાની ચિંતા રાખે છે. એક વાર એવું બને છે કે,એક ધોબી સીતા જીની નિંદા કરે છે. આ સાંભળી રામજી લક્ષ્મણને કહે છે કે, લક્ષ્મણ,લોકો ગમે તેમ બોલે તે મને પસંદ નથી. લોકોને એવું બોલવા કારણ ન દેવું જોઈએ. માટે લોકાચારનું પાલન કરવું એ મારી ફરજ છે. એટલે તું સીતાજીને રથમાં બેસાડીને વનમાં મૂકી આવ.

લક્ષ્મણને આ ગમતું નથી. જ્ઞાની થવું સહેલું છે, યોગી થવું પણ સહેલું છે, પણ સેવક થવું સૌથી કઠણ છે. નહીં ગમતું કામ પણ સેવકે પ્રસન્ન મનથી કરવું પડે છે. લક્ષ્મણજીને સીતાજીને વનમાં ત્યાગ કરવાનું કામ ગમતું નથી. છતાં એમને એ કરવું પડે છે. લક્ષ્મણજી સીતાજીને વનમાં છોડી આવે છે.

રામજીએ સીતાજીનો ત્યાગ કર્યો હતો. છતાં સીતાજીનાં મનમાં રામજી માટે જરા પણ કુભાવ નહોતો. રામજીની સેવા કોણ કરશે એની જ તેઓ તો ત્યારે પણ ચિંતા કરતાં હતાં. સીતાજી વાલ્મીકિના આશ્રમમાં જાય છે, ત્યાં લવ-કુશનો જન્મ થાય છે. ભાગવતની રચના ગંગાકિનારે થઈ છે અને રામાયણની રચના તમસા નદીના પવિત્ર કિનારે થઈ છે. રામરાજ્યમાં પ્રજાને આટલું સુખ હતું,છતાં પ્રજાએ રામસીતા ના સુખનો જરા ય વિચાર નથી કર્યો.એક માત્ર વસિષ્ઠજીને આ બધું જોઈ દુઃખ થતું હતું. એટલે એમણે રામજીને સીતાજીને પાછાં બોલાવી લાવવા આગ્રહ કર્યોહતો પણ રામજીએ તેમ કરવાની ના પાડી,ત્યારે વસિષ્ઠજીએ કહ્યું કે,તમને યજ્ઞનો અધિકાર નથી. યજ્ઞમાં ધર્મપત્નીની હાજરી સાથે જોઈએ.ત્યારે રામજીએ સીતાજીની સુવર્ણ પ્રતિમા બનાવીને યજ્ઞમાં પોતાની પડખે બેસાડી.

રામજીના યજ્ઞમાં વાલ્મીકિજીને પણ આમંત્રણ હતું. એટલે લવ કુશની સાથે તેઓ પણ આવ્યા હતા. લવકુશે રામકથા કરી હતી. રામજી જમીન ઉપર બેસીને કથા સાંભળતા હતા. રામજીએ મર્યાદા નું કથામાં પણ પાલન કર્યું હતું. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# અમદાવાદ મંડળમાં આરપીએફની સતર્કતા અને તાત્કાલિક કાર્યવાહીથી યાત્રીઓની સુરક્ષા સુનિશ્ચિત

**અમદાવાદ, તા. 08**

પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળના રેલવે સુરક્ષા બળ (આરપીએફ) ના અધિકારી અને જવાન યાત્રીઓના જીવન, સન્માન અને સંપત્તિની સુરક્ષા માટે સતત સતર્ક અને પ્રતિબદ્ધ રહે છે. પાછલા ત્રણ દિવસો દરમિયાન આરપીએફ દ્વારા સતર્કતા, તાત્કાલિક નિર્ણય અને સંયુક્ત કાર્યવાહી મારફતે કેટલાય પ્રશંસનિય કામ કરવામાં આવ્યા છે, જેમાં યાત્રીઓનો કિમતી સામાન પરત કરવો, ચાલતી ટ્રેનમાં પડવાથી મહિલા યાત્રીનો જીવ બચાવવો, ખોવાયેલી યુવતીને તેના પરિવારજનો સુધી સુરક્ષિત પંહોચાડવી તથા સગીર છોકરીને લલચાવી-પટાવી લઈ જવાના મામલામાં તાત્કાલિક રેસ્ક્યૂ સામેલ છે.

1.ચાલતી ટ્રેનમાંથી પડી જવાથી મહિલા યાત્રીને જીવ બચાવ્યો

તારીખ 06.01.2026 ના રોજ અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં. 01, ગેટ નંબર 04 પર ડ્યૂટી પર ઉપસ્થિત મહિલા હેડ કૉન્સ્ટેબલ જાગૃતિ ચૌધરી દ્વારા સમય લગભગ 09:40 કલાકે પ્લેટફોર્મની વચ્ચે રાઉન્ડ દરમિયાન એક મહિલા યાત્રીને ચાલતી ગાડીમાં ચઢવાથી મનાઈ કરવામાં આવી. એ છતાં મહિલા દ્વારા બેકાળજીપૂર્વક ચાલતી ટ્રેનમાં ચઢવાનો પ્રયત્ન કરવામાં આવ્યો, જેનાથી તેમનું બેલેન્સ બગડી ગયું અને તેણી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેના ગેપમાં પડવા લાગી. સ્થિતિની ગંભીરતાને સમજતાં કૉન્સ્ટેબલ જાગૃતિ ચૌધરીએ તત્પરતા બતાવતાં મહિલા યાત્રીને પકડીને તરત જ ટ્રેનથી દૂર ખેંચી લીધી, જેનાથી મોટી દુર્ઘટના ટળી ગઈ અને મહિલાનો જીવ બચાવી શકાયો. કથિત મહિલા યાત્રીનું નામ પારવાતા બાઈ (ઉંમર 65 વર્ષ), રહેવાસી યેવતમાલ,અમરાવતી (મહારાષ્ટ્ર) જણાવવામાં આવ્યું, જે પેસેન્જર ટ્રેન નંબર 22940 ના S/4 કોચ, સીટ નંબર 64 પર ઠાટ બદનેરાથી જામનગર સુધીની યાત્રા કરી રહી હતી.

2. ચોરાયેલ કિમતી મોબાઈલ અને પર્સ સફળતાપૂર્વક જપ્ત

તારીખ 05.01.2026 ના રોજ સમય 09:07 કલાકે, કન્ટ્રોલ રૂમ મારફતે ગાડી નંબર 22738 સિકંદરાબાદ એક્સપ્રેસ, કોચ S-3, સીટ નંબર 47 માં યાત્રા કરી રહેલી મહિલા યાત્રી શ્રીમતી રિતી કુમારી દ્વારા રેલ મદદ મારફતે સૂચના આપવામાં આવી કે અમદાવાદ સ્ટેશન પર આગમન વખતે ઊંઘમાંથી જાગવા પર તેમનું પિંક કલરનું પર્સ, જેમાં એક iPhone મોબાઈલ (અંદાજિત મૂલ્ય રૂ. 90,000) અને રૂ. 500/- રોકડા હતા, ચોરાઈ ગયું છે. CPDS (ક્રાઈમ પ્રિવેન્શન ડિટેક્શન ટીમ) ઈન્ચાર્જ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર (ASI) માન સિંહે તત્પરતા બતાવતાં ફરીયાદકર્તાના પતિશ્રી કન્હૈયાલાલ શર્માથી સંપર્ક કરીને મોબાઈલનો નંબર અને IMEI ID મેળવી. આધુનિક ટેકનિકનો કુશળતાપૂર્વક ઉપયોગ કરતાં મોબાઈલની લોકેશન ટ્રેસ કરવામાં આવી, જેનાથી મોબાઈલના પાલનપુર સ્ટેશનની પાસે હોવાની માહિતી મળી. આ સૂચનાને તાત્કાલિક DSCR (ડિવિઝનલ સિક્યૂરિટી કન્ટ્રોલ રૂમ) અમદાવાદ અને સંબંધિત ઈન્સપેક્ટરો સાથે શેર કરવામાં આવી. ત્યારબાદ ઈન્સપેક્ટર, પાલનપુર દ્વારા શોધખોળ કરીને મોબાઈલ ફોનને રેલવે ટ્રેકની પાસે એક ગેન્ગમેન પાસેથી મેળવવામાં આવ્યો, જેણે પર્સ અને મોબાઈલને બીનવારસી સ્થિતિમાં મળવાની માહિતી આપી. આ રીતે આરપીએફની સતર્કતા અને ટેકનિકલ કુશળતાથી યાત્રીના કિમતી સામાનને સુરક્ષિત રિકવર કરવામાં આવ્યો.

3.ખોટી ટ્રેનથી પહોંચેલ યુવતીને સુરક્ષિત પરિવારજનો સુધી પહોચાડી

તારીખ 07.01.2026 ના રોજ સમય 12:00 કલાકે, અમદાવાદ સ્ટેશન પ્લેટફોર્મ નંબર 01, ગેટ નંબર 04 પર એક યુવતી મહિલા કૉન્સ્ટેબલ જાગૃતિ ચૌધરી પાસે મદદ માટે આવી. યુવતીએ હિન્દી ન આવડતી હોવાનું જણાવતાં પોતાનું નામ રોસ રવિના (ઉંમર 21 વર્ષ), રહેવાસી ગામ મિરલ, જિલ્લો ગુમલા, ઝારખંડ બતાવ્યું તથા ખોટી ટ્રેનમાં બેસીને અમદાવાદ પહોંચવાની માહિતી આપી. ડેપ્યુટી ઈન્સપેક્ટર (SIPF) બીજેન્દ્ર સિંહ અને સ્ટાફ દ્વારા યુવતીને 1098 ચાઈલ્ડ હેલ્પ લાઈન પ્રોજક્ટના કોઑર્ડિનેટર પાસે લઈ જવામાં આવી, જ્યાં તેના પરિવારજનો સાથે સંપર્ક કરવામાં આવ્યો. પરિવારજનો દ્વારા જણાવવામાં આવ્યું કે તેનો ભાઈ ગૌતમ તેને લેવા અમદાવાદ આવી રહ્યો છે. જરૂરી કાગળોની કાર્યવાહી પૂર્ણ કરીને યુવતીને સુરક્ષિતરૂપે ચાઈલ્ડ હેલ્પ લાઈનને સુપરત કરવામાં આવી.

4. સગીર છોકરીના અપહરણનો મામલો ઉકેલ્યો

તારીખ 07.01.2026 ના રોજ સમય 00:03 કલાકે, DSCR (ડિવિઝનલ સિક્યૂરિટી કન્ટ્રોલ રૂમ) અમદાવાદને સૂચના મળી કે એક 17 વર્ષની સગીર છોકરીનું લલચાવી-પટાવી અપહરણ કરી લેવામાં આવ્યું છે, જે ટ્રેન નંબર 19166 દરભંગા-અમદાવાદ સાબરમતી એક્સપ્રેસ માં યાત્રા કરી રહી છે. મામલાની ગંભીરતા જોતાં ઈન્સપેક્ટર, અમદાવાદના નિર્દેશનમાં રચાયેલ CPDS (ક્રાઈમ પ્રિવેન્શન ડિટેક્શન ટીમ) દ્વારા ટ્રેનના અમદાવાદ આગમન પર ગહન તપાસ કરવામાં આવી. તપાસ દરમિયાન કૉન્સ્ટેબલ રામવતાર સ્વામી અને કૉન્સ્ટેબલ નન્નૂ રામ મીણાએ શંકાસ્પદ છોકરા-છોકરીને રોક્યા, જેમનો મળેલા ફોટો સાથે મેળ આવતો હતો.

## સાબરમતી રેલવે સ્ટેશનથી સ્પેશિયલ ટ્રેનને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવતા સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન

**અમદાવાદ, તા. 08**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી તા. ૮ થી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાઈ રહેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ભવ્ય ઉજવણી થનાર છે. ત્યારે અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન ખાતેથી વેરાવળની સ્પેશિયલ ટ્રેનને સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન તથા શહેર ભાજપા પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ દ્વારા લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું.

ભારતની સનાતન ચેતનાની અડગ આસ્થા અને રાષ્ટ્રીય સ્વાભિમાનની ભાવનાને ઉજાગર કરતા આ અવસરે સાબરમતી રેલવે સ્ટેશન ઢોલ-નગારા, શંખનાદ અને 'હર હર મહાદેવ' તથા જય સોમનાથના નાદથી ગુંજી ઉઠ્યું હતું અને ભક્તિભાવથી ઓતપ્રોત માહોલ સર્જાયો હતો.

આ સ્પેશિયલ ટ્રેનમાં કુલ ૧,૨૯૨ યાત્રાળુઓએ પવિત્ર સોમનાથની યાત્રાનો આરંભ કર્યો હતો. જેમાં વિવિધ વયજૂથના ભક્તો, પરિવારજનો, વડીલો અને યુવાનોનો સમાવેશ થતો હતો. સૌ યાત્રાળુઓમાં સોમનાથ મહાદેવનાં દર્શન માટે અભૂતપૂર્વ ઉત્સાહ અને ભાવનાત્મક ઉમંગ જોવા મળ્યો હતો.

સોમનાથ સ્વાભિમાન પર્વ ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વિરાસતના ગૌરવની ઉજવણીરૂપ કાર્યક્રમ છે. જે રાષ્ટ્રીય સ્વાભિમાનની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. સોમનાથ મહાદેવના મંદિર સાથે જોડાયેલી ઐતિહાસિક ગાથાઓ, ભારતની અડગ શ્રદ્ધા, આક્રમણો સામે અવિચલ રહેલી સંસ્કૃતિ અને રાષ્ટ્રના સ્વાભિમાનની પ્રતીકરૂપ ઓળખને આ પર્વ દ્વારા પુનઃસ્મરણ કરવામાં આવી રહી છે.

## કાંદિવલી-બોરીવલી વિભાગ પર છઠ્ઠી લાઈનના કામ સંદર્ભે પશ્ચિમ રેલવેનો મેજર બ્લોક

**અમદાવાદ, તા. 08**

પશ્ચિમ રેલવે દ્વારા કાંદિવલી અને બોરીવલી વિભાગ વચ્ચે છઠ્ઠી લાઈનના નિર્માણ કાર્યને પૂર્ણ કરવા માટે 20/21 ડિસેમ્બર, 2025ની રાત્રિથી 30 દિવસનો બ્લોક લેવામાં આવી રહ્યો છે, જે 18 જાન્યુઆરી, 2026 સુધી ચાલુ રહેશે. આ બ્લોકના કારણે કેટલીક ટ્રેન સેવાઓ પ્રભાવિત થશે.

આંશિક રીતે રદ થનારી ટ્રેનો:

* 10 જાન્યુઆરી, 2026ની ટ્રેન નંબર 19418 અમદાવાદ-બોરીવલી એક્સપ્રેસ વસઈ રોડ પર શોર્ટ ટર્મિનેટ થશે. આ રીતે આ ટ્રેન વસઈ રોડ-બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ રહેશે. * 11 જાન્યુઆરી, 2026ની ટ્રેન નંબર 19417 બોરીવલી-અમદાવાદ એક્સપ્રેસ વસઈ રોડ પરથી શોર્ટ ઓરિજિનેટ થશે. આ રીતે આ ટ્રેન બોરીવલી-વસઈ રોડ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રી-શેડ્યૂલ થનારી ટ્રેનો:

* 10 જાન્યુઆરી, 2026 ની ટ્રેન નંબર 12902 અમદાવાદ-દાદર એક્સપ્રેસ તેના માર્ગમાં 20 મિનિટ રી-શેડ્યૂલ થશે. * 10 જાન્યુઆરી, 2026 ની ટ્રેન નંબર 19218 વેરાવળ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ 45 મિનિટ રી-શેડ્યૂલ થશે, એટલે કે આ ટ્રેન વેરાવળથી 12:35 વાગ્યે પ્રસ્થાન કરશે. * 11 જાન્યુઆરી, 2026 ની ટ્રેન નંબર 22953 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ 30 મિનિટ રી-શેડ્યૂલ થશે, એટલે કે આ ટ્રેન 06:10 વાગ્યે પ્રસ્થાન કરશે. મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીની યોજના બનાવે. * 10 જાન્યુઆરી, 2026 ની ટ્રેન નંબર 12902 અમદાવાદ-દાદર એક્સપ્રેસ તેના માર્ગમાં 20 મિનિટ રી-શેડ્યૂલ થશે. * 10 જાન્યુઆરી, 2026 ની ટ્રેન નંબર 19218 વેરાવળ-બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ 45 મિનિટ રી-શેડ્યૂલ થશે, એટલે કે આ ટ્રેન વેરાવળથી 12:35 વાગ્યે પ્રસ્થાન કરશે. * 11 જાન્યુઆરી, 2026 ની ટ્રેન નંબર 22953 મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ 30 મિનિટ રી-શેડ્યૂલ થશે, એટલે કે આ ટ્રેન 06:10 વાગ્યે પ્રસ્થાન કરશે. મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીની યોજના બનાવે.

## ગૂગલ ઉપર જ્ઞાન પીપાસુઓ સર્ચ કરી રહ્યા છે સોમનાથ : ધ શ્રાઇન ઈટર્નલ' પુસ્તક

**નડિયાદ, તા. 08**

આતતાયી મહંમદ ગઝનીના સોમનાથ મંદિર પર કરવામાં આવેલા હુમલા ને 1000 વર્ષ પુરા થવામાં આવ્યા છે. આ વિદેશી આક્રમણખોર દ્વારા થયેલો હુમલો ભારતની અસ્મિતા ઉપર કુઠરાઘાત સામાન હતો. આ એક હજાર વર્ષના સંદર્ભે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા લખવામાં આવેલા ખાસ લેખમાં એક વિશેષ પુસ્તકનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ પુસ્તક વિશે જાણવા માટે જિજ્ઞાસુઓ ગૂગલ સર્ચ એન્જિન ચલાવી રહ્યા છે. આ પુસ્તક એટલે કનૈયાલાલ માણેકલાલ મુનશી દ્વારા 1951માં લખાયેલું સોમનાથ: ધ શ્રાઈન ઈટર્નલ' ! આ પુસ્તકમાં ભગવાન શ્રી સોમનાથના મંદિર વિશે ઐતિહાસિક અને ધાર્મિક મહત્વનો પરિચય આપવામાં આવ્યો છે. વડાપ્રધાન શ્રી દ્વારા થયેલા ઉલ્લેખના કારણે હાલમાં આ પુસ્તક ચર્ચા અને વાંચનના કેન્દ્રસ્થાને છે, ત્યારે આ પુસ્તક વિશે જાણવું રસપ્રદ બની રહેશે ગુજરાતની અસ્મિતાના જ્યોતિર્ધર એવા ક. મા. મુનશીનો પરિચય ગુજરાતીઓને આપવો ન પડે. તેઓ રાજકીય પુરુષ ઉપરાંત એક સારા લેખક હતા. તેમના પુસ્તકોના કેન્દ્રસ્થાને ઈતિહાસ અને સાંસ્કૃતિક સહિતના વિષયો રહ્યા છે. ગુજરાતીઓ અંગ્રેજીમાં લખાયેલા પુસ્તકો વાંચવાની બહુ ખાસ આદત ધરાવતા નથી. અંગ્રેજીમાં પણ ગુજરાત અને ગુજરાતના ઈતિહાસ વિશે ઘણું બધું લખાયું છે, તેમાં કનૈયાલાલ મુનશીને પણ શિરમોર ગણી શકાય. તેમણે લખેલા પાટણની પ્રભુતા, જય સોમનાથ, ગુજરાતનો નાથ, ભગ્ન પાદુકા, કૃષ્ણાવતાર ભાગ 1 થી 7 જેવા પુસ્તકો વાંચવાથી ગુજરાતનો ઈતિહાસ ઉપરાંત ધાર્મિક વિભૂતિઓની રસપ્રદ વિગતો સ્થળકાળ સાથે જાણવા મળે છે.

### ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અમદાવાદની મુલાકાતે પધારનાર હોવાથી

## અમદાવાદ પોલીસ કમિશનરશ્રીનું 'નો ડ્રોન ફ્લાય ઝોન' અંગેનું જાહેરનામું બહાર પડાયું

**ગાંધીનગર, તા. 08**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/નો ડ્રોન ફ્લાય ઝોન/૦૨/૨૦૨૬ તા.૦૮/૦૧/૨૦૨૬ ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી નાઓ તા.૧૧,૧૨/૦૧/૨૦૨૬ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM)ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી. આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર,(ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી/૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફ્લાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલૂન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઈ ફરમાવું છું. અપવાદ :પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું. વિસ્તાર :અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર. આ હુકમ તા.૧૧/૦૧/૨૦૨૬ ના કલાક.૧૩/૦૦ થી તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૨૦/૦૦ સુધીનું અમલમાં રહેશે. શિક્ષા: આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેર વિજ્ઞાપન: હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી. આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

### ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે વેચાતા ચાઈનીઝ માંઝા / પ્લાસ્ટિક દોરી / ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુલ) ખરીદ તેમજ વેચાણ કરવા ઉપર

# અમદાવાદ શહેરમાં મકરસંક્રાંતિ (ઉત્તરાયણ) પર્વની ઉજવણી સંદર્ભે અમુક બાબતો પર પ્રતિબંધિત ફરમાવતું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયું

### આમ-જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયો/ પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધ ઉભો કરવા ઉપર

**ગાંધીનગર, તા. 08**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (ખ),૩૩(૧) (ભ) અન્વયે કાઢેલ હુકમ. ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/પરમીટ/ મકરસંક્રાંતી/૦૩/૨૦૨૬ તા.૦૮/૦૧/૨૦૨૬.

વંચાણે લીધા : (૧) ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/ SB2 તા. ૧૭/૦૯/૨૫ તથા (૨) ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : HD/ MIS/e-file/8/2025/0778/SB2 તા.૦૭/૧૧/૨૫ તથા આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ના રોજ અમદાવાદ શહેરમાં મકરસંક્રાંતી (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. અમદાવાદ શહેરમાં મકરસંક્રાંતી (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ચડીને ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતા હોય છે, જેને લઈને વ્યક્તિઓની જાનને જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબજ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમતેમ શેરીઓ, ગલીઓ જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફીકને અવરોધ થતો હોય છે. તેમજ રસ્તા ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેકટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઈલેક્ટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ ઈલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કીટના કારણે તાર તુટી જવાના કારણે અકસ્માતો સર્જાવાના ગંભીર બનાવ બનતા હોય છે. તેમજ આ પર્વના દિવસે શહેર વિસ્તારમાં જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા હોય છે. અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે. જેને અનુલક્ષીને જાહેરમાર્ગો ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે માંઝા અથવા દોરી કે જે, નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરાનો ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઈ વ્યક્તિને શરીરના કોઈ ભાગ ઉપર ઘસાવવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને ક્યારેક અંગો કપાઈ જવાના તેમજ કેટલાક સંજોગોમાં ઈજાગ્રસ્ત વ્યક્તિનું મોત નીપજયા સુધીના ગંભીર બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને તેના મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે અમદાવાદ શહેર વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબજ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી ક્વોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને નુકશાન થાય છે. તેમજ શહેરની મધ્યમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશોને આધિન ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા ઉપર તથા નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરાના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવા ઉપર હંગામી પ્રતિબંધ માટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૩(૧(ખ), ૩૩(૧)(ભ), તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબ મળેલ સત્તા હેઠળ પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવું જરૂરી હોય.

આથી હું જી.એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ના નોટીફીકેશન નં. જીજી/૪૨૨/ સીઆરસી/૧૦૮૨૧૦૮૦/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ /૧૦૮૮/૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૩(૧) (ખ), ૩૩(૧)(ભ), મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં તા.૧૨/૦૧/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૨૧/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ દિન-૧૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો : (૧) કોઈ પણ વ્યક્તિએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફૂટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

(૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ-સ્પીકર વગાડવા ઉપર.

(૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

(૪) શહેરમાં ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબૂઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી આમ-તેમ શેરીઓ,ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર.

(૫) રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાની શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાથી અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતાં હોય છે, જેથી ટેલીફોન કે ઈલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તાર લંગર(દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર.

(૬) જાહેર માર્ગો ઉપર કોઈપણ વ્યક્તિઓ દ્વારા જાહેરમાં ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરવા ઉપર અને આમ-જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયો/ પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધ ઉભો કરવા ઉપર.

(૭) પ્લાસ્ટિક/પાકા સિન્થેટિક મટીરીયલ, ટોક્સિક મટીરીયલ, કાચ પાવડર તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટિક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરાના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાડવા ઉપર.

(૮) દિવાળી તેમજ ઉતરાયણના તહેવાર દરમ્યાન ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન,સ્કાય લેન્ટર્નના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ ઉડાડવા ઉપર.

(૯) ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે વેચાતા ચાઈનીઝ માંઝા / પ્લાસ્ટિક દોરી / ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુલ) ખરીદ તેમજ વેચાણ કરવા ઉપર.

વધુમાં ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક: HD/ MIS/e-file/8/2025/0778/ SB2 તા.૦૭/૧૧/૨૫ આધારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન (PIL) નં. ૨૫૩/૨૦૧૬ ના કેસમાં થયેલ હુકમ અનુસંધાને પતંગ ઉડાવવાના કોટનના દોરા/માંજા બાબતે સ્પષ્ટીકરણ કરવામાં આવેલ હોઈ તે નીચે મુજબ સ્પષ્ટીકરણમાં જણાવેલ છે. જે મુજબના પતંગના દોરા/માંજા ઉતરાયણ પર્વ સબંધે ઉત્પાદન કર્તા તથા વેચાણ કર્તાઓએ ઉત્પાદન/વેચાણ કરવાનું રહેશે.



## તિલક વર્મા ન્યૂઝીલેન્ડ સિરીઝમાંથી બહાર

# ટેસ્ટિક્યુલર ટોર્સનની સર્જરી થઈ, T20 વર્લ્ડકપની ટીમમાં પણ સામેલ છે; ભારતને મોટો ઝટકો?

**મુંબઈ, તા. 08**

એશિયા કપ 2025ની ફાઈનલમાં ભારતને ચેમ્પિયન બનાવનાર તિલક વર્માની સર્જરી થઈ છે. PTIના રિપોર્ટ અનુસાર, તિલક ન્યૂઝીલેન્ડ સામે રમાનારી પાંચ મેચની ટી-20 સિરીઝમાંથી બહાર થઈ ગયો છે, જે 21 જાન્યુઆરીથી શરૂ થશે. જોકે, આ મામલે BCCIએ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી. એશિયા કપ ફાઈનલમાં તિલકે અણનમ 69 રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી અને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેની ઈજાને ટી-20 વર્લ્ડ કપ પહેલા ભારતીય ટીમ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. વર્લ્ડ કપની શરૂઆતની એક-બે મેચમાં પણ તેના રમવા પર શંકા છે. ટેસ્ટિક્યુલર ટોર્સિયનની સમસ્યા 7 જાન્યુઆરીની સવારે રાજકોટમાં નાસ્તો કર્યા પછી તિલકને શરીરના નીચેના ભાગમાં અચાનક તીવ્ર દુખાવો થયો. ત્યારબાદ તેને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં તપાસ પછી તેની સર્જરી કરવામાં આવી. તે સમયે તિલક વિજય હઝારે ટ્રોફી માટે હૈદરાબાદ ટીમ સાથે રાજકોટમાં હતો. BCCIના એક અધિકારીએ PTIને જણાવ્યું કે દુખાવા પછી તેને તરત જ ગોકુલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. તપાસ અને સ્કેનમાં જાણવા મળ્યું કે તિલકને ટેસ્ટિક્યુલર ટોર્સિયનની સમસ્યા હતી, જેમાં અચાનક ખૂબ જ તીવ્ર દુખાવો થાય છે. ડોક્ટરોએ વિલંબ કર્યા વિના સર્જરીની સલાહ આપી. તિલકની સર્જરી સફળ રહી અમે અમારા નિષ્ણાત ડોક્ટરોની સલાહ લીધી અને તે પણ સર્જરીના નિર્ણય સાથે સહમત હતો. તિલકની સર્જરી સફળ રહી છે અને હવે તેની હાલત ઠીક છે. તેણે આગળ જણાવ્યું કે મેડિકલ પેનલ સાથે ચર્ચા કર્યા પછી, તિલકની રિકવરી અને મેદાન પર પાછા ફરવાના સંભવિત સમય વિશે જેવી કોઈ માહિતી મળશે, તે શેર કરવામાં આવશે. આ જ ટીમ T20 વર્લ્ડ કપમાં પણ રમશે ન્યૂઝીલેન્ડ સામે પસંદ કરાયેલી ભારતીય ટીમને જ T20 વર્લ્ડ કપ માટે પણ પસંદ કરવામાં આવી છે. T20 વર્લ્ડ કપની શરૂઆત 7 ફેબ્રુઆરીએ કોલંબોમાં થશે, જ્યાં પ્રથમ મેચ પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે રમાશે. આ જ દિવસે ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચ USA સામે વાનખેડે સ્ટેડિયમમાં રમશે. ટુર્નામેન્ટની ફાઈનલ 8 માર્ચ 2026ના રોજ રમાશે, જ્યાં તપાસ પછી તેની સર્જરી કરવામાં આવી. તે સમયે તિલક વિજય હઝારે ટ્રોફી માટે હૈદરાબાદ ટીમ સાથે રાજકોટમાં હતો. BCCIના એક અધિકારીએ PTIને જણાવ્યું કે દુખાવા પછી તેને તરત જ ગોકુલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. તપાસ અને સ્કેનમાં જાણવા મળ્યું કે તિલકને ટેસ્ટિક્યુલર ટોર્સિયનની સમસ્યા હતી, જેમાં અચાનક ખૂબ જ તીવ્ર દુખાવો થાય છે. ડોક્ટરોએ વિલંબ કર્યા વિના સર્જરીની સલાહ આપી. તિલકની સર્જરી સફળ રહી અમે અમારા નિષ્ણાત ડોક્ટરોની સલાહ લીધી અને તે પણ સર્જરીના નિર્ણય સાથે સહમત હતો. તિલકની સર્જરી સફળ રહી છે અને હવે તેની હાલત ઠીક છે. તેણે આગળ જણાવ્યું કે મેડિકલ પેનલ સાથે ચર્ચા કર્યા પછી, તિલકની રિકવરી અને મેદાન પર પાછા ફરવાના સંભવિત સમય વિશે જેવી કોઈ માહિતી મળશે, તે શેર કરવામાં આવશે. આ જ ટીમ T20 વર્લ્ડ કપમાં પણ રમશે ન્યૂઝીલેન્ડ સામે પસંદ કરાયેલી ભારતીય ટીમને જ T20 વર્લ્ડ કપ માટે પણ પસંદ કરવામાં આવી છે. T20 વર્લ્ડ કપની શરૂઆત 7 ફેબ્રુઆરીએ કોલંબોમાં થશે, જ્યાં પ્રથમ મેચ પાકિસ્તાન અને નેધરલેન્ડ વચ્ચે રમાશે. આ જ દિવસે ભારતીય ટીમ પોતાની પ્રથમ મેચ USA સામે વાનખેડે સ્ટેડિયમમાં રમશે. ટુર્નામેન્ટની ફાઈનલ 8 માર્ચ 2026ના રોજ રમાશે, જ્યારે ફાઈનલનું સ્થળ પછીથી જાહેર કરવામાં આવશે. ન્યૂઝીલેન્ડ ટી-20 સિરીઝ અને ટી-20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ (વાઈસ-કેપ્ટન), ઈશાન કિશન (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, રિન્કુ સિંહ, વોશિંગ્ટન સુંદર. ટી-20 વર્લ્ડ કપમાં ભારતના મેચોનું શેડ્યૂલ ભારત પોતાના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત 7 ફેબ્રુઆરીએ મુંબઈમાં USA સામે કરશે. ત્યારબાદ 12 ફેબ્રુઆરીએ દિલ્હીમાં નામિબિયા સામે, 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન સામે અને 18 ફેબ્રુઆરીએ અમદાવાદમાં નેધરલેન્ડ સામે મેચ રમાશે.

# નાઈટ ક્લબ વિવાદ પર ઈંગ્લિશ કેપ્ટન બ્રુકે માફી માગી



**મુંબઈ, તા. 08**

ઈંગ્લેન્ડના કેપ્ટન હેરી બ્રુકે ન્યૂઝીલેન્ડ પ્રવાસ દરમિયાન એક નાઈટ ક્લબમાં થયેલા વિવાદ બદલ માફી માગી છે. આ ઘટના ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી વન-ડે પહેલાની રાત્રે 31 ઓક્ટોબર 2025ના રોજ બની હતી. આ મામલો ગુરુવારે સામે આવ્યો છે, જ્યારે ઘટનાવાળી રાતનો એક વીડિયો લીક થયો. જેમાં બ્રુક અને જેકબ બેથેલ બંને દારૂ પીતા જોવા મળ્યા. ટેલિગ્રાફના રિપોર્ટ અનુસાર, વેલિંગ્ટન વન-ડેના એક રાત પહેલા હેરી બ્રુકને એક ક્લબમાં એન્ટ્રી આપવામાં આવી ન હતી. ત્યારબાદ બાઉન્સરે તેમને માર માર્યો. આ મામલો એવા સમયે સામે આવ્યો છે, જ્યારે ઈંગ્લેન્ડની ટીમ ઓસ્ટ્રેલિયામાં 4-1થી એશિઝ શ્રેણી હારી ચૂકી છે અને ટીમના કલ્ચર પર સવાલો ઉઠી રહ્યા છે. બ્રુક હાલમાં ઈંગ્લેન્ડની વ્હાઈટ-બોલ ટીમનો કેપ્ટન છે અને ટેસ્ટ ટીમનો વાઈસ-કેપ્ટન પણ છે. જોકે, કેપ્ટનશીપ જાળવી રાખવા છતાં તેના પર લગભગ 30 હજાર પાઉન્ડનો દંડ ફટકારવામાં આવ્યો છે અને છેલ્લી ચેતવણી આપવામાં આવી છે. તે T20 વર્લ્ડ કપ 2026 અને 2 અઠવાડિયા પછી શરૂ થનારી શ્રીલંકા સામેની લિમિટેડ ઓવર્સની સિરીઝ સુધી ઈંગ્લેન્ડની કેપ્ટનશીપ કરતો રહેશે. બ્રુકે નિવેદનમાં કહ્યું- હું તે વર્તન માટે માફી માગુ છું. મારું વર્તન ખોટું હતું. મને અને ઈંગ્લેન્ડ ટીમને શરમજનક સ્થિતિમાં મુકાવું પડ્યું. ઈંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ કરવું એ સૌથી મોટું સન્માન છે. બ્રુકે કહ્યું- હું મારા સાથી ખેલાડીઓ, કોચ અને ચાહકોને નિરાશ કરવા બદલ ખૂબ જ શરમ અનુભવું છું. હું મારી ભૂલમાંથી શીખીને મેદાનની અંદર અને બહાર મારા વર્તનથી ફરીથી વિશ્વાસ જીતવા માટે પ્રતિબદ્ધ છું. ક્રિકેટ ડિરેક્ટરે કહ્યું- બંનેને સમજાવવા જરૂરી હતા ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ જણાવ્યું- 'આ ઘટનાને ઔપચારિક અને ગુપ્ત શિસ્તભંગની પ્રક્રિયા હેઠળ પતાવી દેવામાં આવી છે અને ખેલાડીએ સ્વીકાર્યું છે કે તેનું વર્તન ધોરણો મુજબનું નહોતું.' ECB ના ક્રિકેટ ડિરેક્ટર રોબ કી એ જણાવ્યું કે તેમણે ન્યૂઝીલેન્ડમાં બ્રુક અને બેથેલના વર્તનને લઈને તેમની સાથે વાત કરી હતી. તેમણે કહ્યું કે આ ઔપચારિક ચેતવણી આપવા જેવું નહોતું, પરંતુ અનૌપચારિક રીતે સમજાવવું જરૂરી હતું. ઈંગ્લિશ ખેલાડીઓએ એશિઝ સિરીઝ દરમિયાન પણ દારૂ પીધો હતો ECBના મુખ્ય કાર્યકારી રિચાર્ડ ગોલ્ડે કહ્યું કે એશિઝ સિરીઝમાં ટીમના 'વર્તન'ની પણ તપાસ થશે. BBC અનુસાર, ઈંગ્લિશ ખેલાડીઓએ બીજી અને ત્રીજી ટેસ્ટ વચ્ચે મળેલા બ્રેકમાં વધુ પડતો દારૂ પીધો હતો.

## કેપ્ટન મંધાના લગ્ન તૂટ્યા પછી પ્રથમ ટુર્નામેન્ટ રમશે; પેરી-ડિવાઈનની ખોટ કેવી રીતે પૂરી થશે?

# શું RCB વુમન્સ 2024ની જેમ ટાઈટલ જીતી શકશે?

### પોતાના બેટિંગ ફોર્મને જાળવી રાખીને ટીમને પ્લેઓફ સુધી પહોંચાડવાનો પડકાર પણ રહેશે

**મુંબઈ, તા. 08**

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની વુમન્સ ટીમે 2024 માં મેન્સ ટીમ પહેલા ટ્રોફી જીતી લીધી હતી. ત્યારે સ્મૃતિ મંધાનાની આગેવાનીની RCB એ દિલ્હી કેપિટલ્સને ફાઈનલમાં હરાવી હતી. એલિસ પેરી અને સોફી ડિવાઈન ટુર્નામેન્ટમાં ટીમની મોટી કરોડરજ્જુ સાબિત થઈ હતી, પરંતુ બંને આ વખતે ટીમનો ભાગ નથી. વળી, કેપ્ટન મંધાના પણ લગ્ન તૂટ્યા પછી પહેલી જ ટુર્નામેન્ટ રમવા જઈ રહી છે. 2024માં ટાઈટલ જીત્યા પછી RCB પાસેથી 2025માં પણ પ્લેઓફ સુધી પહોંચવાની અપેક્ષાઓ હતી, પરંતુ ટીમ ચોથા સ્થાન સુધી જ પહોંચી શકી. ટીમ 8માંથી 3 મેચ જ જીતી શકી. RCBએ ગુજરાત અને દિલ્હીને હરાવીને પોતાની સીઝનની શરૂઆત કરી હતી, પરંતુ છેલ્લી 6માંથી 5 મેચ હારીને ટીમ પ્લેઓફમાં સ્થાન પણ બનાવી શકી નહીં. મેગા ઓક્શન પહેલા રિટેન કરાયેલી એલિસ પેરી અંગત કારણોસર ટુર્નામેન્ટ રમી શકશે નહીં. પેરી ટીમની ટૉપ રન સ્કોરર અને ચોથી ટૉપ વિકેટ ટેકર છે. પેરીના રિપ્લેસમેન્ટ તરીકે ટીમે સયાલી સાતઘરેને પસંદ કરી, પરંતુ તેનું પ્લેઈંગ-11માં સામેલ થવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે. ઓક્શનમાં RCBએ પૂજા વસ્ત્રાકર, ગ્રેસ હેરિસ, અરુંધતિ રેડ્ડી, નદીન ડી ક્લાર્ક અને રાધા યાદવ જેવી ઓલરાઉન્ડર્સ સાથે ઈંગ્લેન્ડની ફાસ્ટ બોલર લૌરેન બેલને પણ ખરીદી લીધી. ઓપનિંગ પોઝિશન માટે ટીમમાં ઓસ્ટ્રેલિયાની જ્યોર્જિયા વોલ અને અનકેપ્ડ ગૌતમી નાયકને સામેલ કરવામાં આવી. 2 નવેમ્બર 2025ના રોજ વુમન્સ વન-ડે વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતની વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના લગ્ન કરવાની હતી. 23 નવેમ્બરના રોજ તેના લગ્ન થવાના હતા, પરંતુ કેટલાક કારણોસર તે તૂટી ગયા. 15 દિવસ સુધી તે ક્રિકેટના મેદાનથી દૂર રહી, પછી ડિસેમ્બરમાં શ્રીલંકા સામે T20 સિરીઝની તૈયારી શરૂ કરી દીધી. શ્રીલંકા સામે 5 T20 મેચ 21 ડિસેમ્બરથી શરૂ થઈ. મંધાના શરૂઆતની 3 મેચમાં એક પણ ફિફ્ટી લગાવી શકી નહીં, ચોથી T20થી તેણે વાપસી કરી અને 80 રન બનાવ્યા. તેણે શેફાલી વર્મા સાથે 162 રનની રેકોર્ડ ઓપનિંગ પાર્ટનરશિપ પણ કરી. આગામી મેચમાં તેને આરામ આપવામાં આવ્યો. લગ્ન તૂટ્યા પછી મંધાના હવે પહેલીવાર કોઈ ટુર્નામેન્ટમાં ઉતરવા જઈ રહી છે. તે બેંગલુરુની કેપ્ટનશિપ પણ કરશે. તેની સામે મોટા ખેલાડીઓની કમી પૂરી કરવાનો પડકાર તો રહેશે જ, પોતાના બેટિંગ ફોર્મને જાળવી રાખીને ટીમને પ્લેઓફ સુધી પહોંચાડવાનો પડકાર પણ રહેશે. મંધાના WPLની 3 સીઝનમાં માત્ર 4 જ ફિફ્ટી ફટકારી શકી છે.

# થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મની રિલીઝ ટળી



**મુંબઈ, તા. 08**

સાઉથસ્ટાર થલાપતિ વિજયની ફિલ્મ 'જન નાયગન'ની રિલીઝ હાલ પૂરતી મુલતવી રાખવામાં આવી છે. આ અંગેની માહિતી બુધવારે ફિલ્મના પ્રોડક્શન હાઉસ KVN પ્રોડક્શન્સે આપી છે. પ્રોડક્શન હાઉસે જણાવ્યું કે, 'આ નિર્ણય લેવો સરળ નહોતો.' ફિલ્મની રિલીઝ ડેટ મુલતવી રાખવા અંગે પોતાના નિવેદનમાં પ્રોડક્શન હાઉસે કહ્યું, 'અમને આ માહિતી ભારે હૃદયે શેર કરવી પડી રહી છે. 9 જાન્યુઆરીએ રિલીઝ થનારી ફિલ્મ 'જન નાયગનને કેટલાક એવા કારણોસર મુલતવી રાખવામાં આવી છે, જે અમારા નિયંત્રણમાં નહોતા.' KVN પ્રોડક્શન્સે એમ પણ કહ્યું કે, ફિલ્મની નવી રિલીઝ ડેટ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. આ સાથે દર્શકોને ધીરજ રાખવા અને પ્રેમ આપવા અપીલ કરવામાં આવી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, 'દર્શકોનો સતત ટેકો જ અમારી સૌથી મોટી તાકાત છે અને આખી જન નાયગન ટીમ માટે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.' પ્રોડક્શન હાઉસના નિવેદનમાં ફિલ્મ મોકૂફ રાખવાનું કારણ જણાવવામાં આવ્યું નથી. જોકે, આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો, જ્યારે કેન્દ્રીય ફિલ્મ પ્રમાણન બોર્ડ (CBFC) દ્વારા નિર્ધારિત સમય પર ફિલ્મને સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યું ન હતું. ફિલ્મ 18 ડિસેમ્બર 2025 ના રોજ પ્રમાણપત્ર માટે મોકલવામાં આવી હતી. પ્રારંભિક તપાસ પછી કેટલાક કટ સાથે U/A પ્રમાણપત્ર આપવાની વાત થઈ હતી, પરંતુ અંતિમ પ્રમાણપત્ર જારી થયું ન હતું. પાછળથી ફિલ્મને રિવિઝન કમિટી પાસે મોકલવામાં આવી, જેનાથી પ્રક્રિયા વધુ લાંબી થઈ ગઈ. CBFC એ જણાવ્યું હતું કે, 'ફિલ્મને લઈને એક ફરિયાદ મળી હતી, જેમાં ધાર્મિક ભાવનાઓ અને સેનાના ચિત્રણ સંબંધિત મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.' જેના પર ફિલ્મના નિર્માતાઓનું કહેવું હતું કે, 'આ ફરિયાદ સ્પષ્ટ નથી અને તેમાં કોઈનું નામ પણ નથી.' આ જ કારણોસર તેમણે આ નિર્ણયને પડકાર્યો. પ્રમાણપત્રમાં વિલંબને કારણે મામલો મદ્રાસ હાઈકોર્ટ પહોંચ્યો. નિર્માતાઓએ કોર્ટ પાસેથી તાત્કાલિક રાહતની માંગ કરી હતી. જોકે, બુધવારે કોર્ટે આ મામલે પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો, જેનાથી ફિલ્મની સમયરેખા વધુ ગૂંચવાઈ ગઈ. નોંધનીય છે કે, આ વિજયની છેલ્લી ફિલ્મ માનવામાં આવી રહી છે. વિજય તમિલગા વેટ્રી કઝગમ (TVK) પાર્ટીનો પ્રમુખ છે. તેની પાર્ટીએ માર્ચ-એપ્રિલમાં યોજાનારી તમિલનાડુ વિધાનસભા ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. તાજેતરમાં વિજયે પોતાની એક્ટિંગ કારકિર્દીમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી હતી. તેણે 33 વર્ષના લાંબા ફિલ્મી કરિયર પછી ફિલ્મોને અલવિદા કહેવાનો નિર્ણય કર્યો. તેણે આ જાહેરાત મલેશિયામાં ફિલ્મના ઓડિયો લોન્ચ દરમિયાન કરી હતી.

## બોયફ્રેન્ડ કબીર પણ સાથે દેખાયો; 11 જાન્યુઆરીએ નૂપુર અને સ્ટેબિન પ્રભુતામાં પગલાં પાડશે

# ક્રિતી સેનન નાની બહેનના લગ્ન માટે ઉદયપુર પહોંચી



**મુંબઈ, તા. 08**

બોલિવૂડ એક્ટ્રેસ ક્રિતી સેનન પોતાની બહેનના લગ્ન માટે બુધવારે ઉદયપુર પહોંચી. તેનો રૂમર્ડ બોયફ્રેન્ડ કબીર પણ સાથે જોવા મળ્યો. કૃતિની બહેન એક્ટ્રેસ નૂપુર સેનન અને સિંગર સ્ટેબિનના લગ્ન હોટેલ ફેરમોન્ટ પેલેસમાં 11 જાન્યુઆરીએ થશે. લગ્નને લઈને કપલ અને સંબંધીઓ બુધવારે સાંજે ચાર્ટરથી ડબોક એરપોર્ટ પહોંચ્યા. લગ્નના ફંક્શન 9 જાન્યુઆરીથી શરૂ થશે. જ્યારે 11 જાન્યુઆરીએ બંને લગ્નના બંધનમાં બંધાશે. લગ્ન શાહી રીતે થશે. આમાં બંનેના નજીકના મિત્રો અને પરિવારના સભ્યો જ સામેલ થશે. ક્રિતી સેનન, તેની બહેન નૂપુર અને સ્ટેબિનના એરપોર્ટ પહોંચવા પર ઢોલ-નગારાથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું. તેમની સાથે ફોટો ક્લિક કરાવવા માટે ચાહકો ખૂબ ઉત્સાહિત દેખાયા. અહીંથી બધાં હોટલ માટે રવાના થયા. ફિલ્મ અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાંથી પણ પસંદગીના નામો જ આ લગ્નમાં આવશે. નૂપુર સેનને પોતે 3 જાન્યુઆરીએ બોયફ્રેન્ડ સ્ટેબિન સાથે સગાઈની જાહેરાત કરી હતી. નૂપુરે સુંદર તસવીરો સાથે સગાઈની જાહેરાત કરી હતી. લગ્નની જાહેરાત પછી કૃતિ સેનને ભાવુક પોસ્ટ શેર કરી હતી.

# બસ-ડ્રાઈવરનો દીકરો સાઉથનો સુપરસ્ટાર બન્યો

## એક્ટિંગનું ઘેલું લાગતાં 16 વર્ષે ઘર છોડ્યું, દરરોજ ₹50 કમાતા યશની ફિલ્મે ₹1200 કરોડથી વધુની કમાણી કરી

**મુંબઈ, તા. 08**

સાઉથ સુપરસ્ટાર યશે પોતાના સંઘર્ષ, મહેનત અને શક્તિશાળી અભિનય દ્વારા ભારતીય સિનેમામાં એક ખાસ સ્થાન મેળવ્યું છે. 'KGF' અને 'KGF 2' જેવી ફિલ્મોએ માત્ર નવા બોક્સ ઓફિસ રેકોર્ડ જ નહીં, પરંતુ લાખો દર્શકોનાં દિલ પણ જીતી લીધાં, જોકે યશની આટલી મોટી સફળતાની સફર સરળ નહોતી. ફિલ્મી પરિવાર સિવાયના પરિવારમાંથી આવતા યશના પિતા ડ્રાઈવર હતા અને ફિલ્મોમાં તેમનો માર્ગ થિયેટર દ્વારા હતો. સંઘર્ષના દિવસોમાં, તેમણે ચા વેચવાનું પણ કામ કર્યું. આજે યશના જન્મદિવસના ખાસ પ્રસંગે ચાલો આપણે તેમના જીવન પર નજીકથી નજર કરીએ. કર્ણાટકના હાસનમાં જન્મેલા યશનું સાચું નામ નવીન કુમાર ગૌડા છે. તેમના પરિવાર દ્વારા તેમને બે નામ આપવામાં આવ્યા હતા. તેમનું કાનૂની નામ નવીન હતું, જ્યારે તેમની માતાના પરિવારે તેમનું નામ યશવંત રાખ્યું હતું. જ્યોતિષીય કારણોસર 'Y' અક્ષરથી નામ આપવાની પરંપરાને કારણે આ નામ પસંદ કરવામાં આવ્યું હતું. બાદમાં તેમણે પોતાનું નામ અલગ અને યાદ રાખવામાં સરળ બનાવવા માટે 'યશ' રાખ્યું. યશના પિતા અરુણ કુમાર, કર્ણાટક રાજ્ય માર્ગ પરિવહન નિગમ અને પછી બેંગલુરુ મેટ્રોપોલિટન ટ્રાન્સપોર્ટ નિગમમાં ડ્રાઈવર હતા.



તેમની માતા પુષ્પા ગૃહિણી હતી. યશને એક નાની બહેન નંદિની છે, જેના લગ્ન એક કોમ્પ્યુટર એન્જિનિયર સાથે થયા છે. બાળપણમાં યશ તેના પરિવાર સાથે એક નાની કરિયાણાની દુકાન પણ ચલાવતો હતો. યશને બાળપણથી જ અભિનયમાં રસ હતો. તેણે શાળાના દિવસોમાં થિયેટર અને નૃત્ય સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. તેણે મૈસૂરની મહાજન એજ્યુકેશન સોસાયટીમાંથી પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું. 10મા ધોરણ પછી, યશ પોતાનો અભ્યાસ છોડીને અભિનય ક્ષેત્રમાં જવા માગતો હતો, પરંતુ તેનાં માતાપિતાના આગ્રહથી તેણે 12મા ધોરણ સુધીનો અભ્યાસ પૂર્ણ કરવો પડ્યો. પછી 2003માં 16 વર્ષની ઉંમરે યશ બેંગલુરુ આવ્યો. એ સમયે તેની પાસે ફક્ત 300 રૂપિયા હતા. એ એક ફિલ્મમાં સહાયક ડિરેક્ટર તરીકે કામ કરવા આવ્યો હતો, પરંતુ બે દિવસમાં જ આ પ્રોજેક્ટ પડતો મૂકવામાં આવ્યો. આમ છતાં તે બેંગલુરુમાં રહ્યો અને થિયેટર ઉદ્યોગમાં જોડાયો, જ્યાં તેણે ચા પીરસવાથી લઈને ભોજન પીરસવા સુધીનાં વિવિધ નાનાં-મોટાં કામો કર્યાં. તેણે બી.વી. કરંથ દ્વારા સ્થાપિત બેનકા થિયેટર ગ્રુપ સાથે કામ કરવાનું શરૂ કર્યું. તે બેકસ્ટેજ વર્કર તરીકે કામ કરતો હતો અને દરરોજ 50 રૂપિયા કમાતો હતો. ધીમે ધીમે તેણે થિયેટરમાં એક્ટિંગ કરવાનું શરૂ કર્યું. આ સમય દરમિયાન તેણે બેંગલુરુની કે.એલ.ઈ. કોલેજમાંથી આર્ટ્સમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી. બી.વી. કરંથે ગિરીશ કર્નાડના 'હયાવદન', વિજય તેંડુલકરના 'ઘાસીરામ કોટવાલ' અને શેક્સપિયરનાં નાટકોનાં રૂપાંતરણો સહિત સો કરતાં વધુ નાટકોનું ડિરેક્શન કર્યું હતું. 2022માં અનુપમા ચોપરાને આપેલા ઈન્ટરવ્યુમાં યશે કહ્યું હતું કે, રંગભૂમિએ તેની અંદરના અહંકારને તોડી નાખ્યો.

# ચાંદીના ભાવ ઊંધા માથે પટકાયા: ઓલટાઇમ હાઇ થયા પછી કડાકો, એક કિલોના ₹2.36 લાખ, સોનું પણ સસ્તું થયું.....

નવી દિલ્હી, તા.08

સોના-ચાંદીના ભાવમાં 8 જાન્યુઆરીએ ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, 24 કેરેટ 10 ગ્રામ સોનાનો ભાવ 1,232 રૂપિયા ઘટીને 1,35,443 રૂપિયા પર આવી ગયો છે. આ પહેલાં એ 1,36,675 રૂપિયા પર હતો. 1 કિલો ચાંદીની કિંમત 12,225 રૂપિયા ઓછી થઈને 2,35,775 રૂપિયા પર આવી ગઈ છે. આ પહેલાં ગઈકાલે એ 2,48,000 રૂપિયા પર હતી, જે તેની ઓલટાઈમ હાઈ પણ છે.



કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ચાંદીના ભાવ ગઈકાલે ઓલટાઈમ હાઈ પર પહોંચી ગયા હતા, આવા સમયે ઘણા રોકાણકારો પ્રોફિટ બુક કરી રહ્યા છે. એના કારણે આજે ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે સોનામાં પણ રોકાણકારો પ્રોફિટ બુક કરી રહ્યા છે, જોકે આ ઘટાડો લાંબો નહીં ચાલે. આવનારા દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં ફરી તેજી જોવા મળી શકે છે. ચાંદી આ વર્ષે 2.75 લાખ સુધી જઈ શકે છે, જ્યારે સોનાની વાત કરીએ તો એની માગમાં પણ તેજી જળવાઈ રહી છે. આવા સમયે આ વર્ષના અંત સુધીમાં એ 1.50 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામને પાર જઈ શકે છે.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતું, તેથી શહેરોના ભાવ એનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

ગયા વર્ષે એટલે કે 2025માં સોનાની કિંમત 57,033 રૂપિયા (75%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1,33,195 રૂપિયા થઈ ગયું.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,44,403 રૂપિયા (167%) વધ્યો. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે આ વર્ષના છેલ્લા દિવસે 2,30,420 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ.

ડોલર નબળો- અમેરિકા દ્વારા વ્યાજદરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ- રશિયા-યુક્રેન યુદ્ધ અને વિશ્વમાં તણાવ વધવાને કારણે રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક- ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ વધી રહ્યા છે.

ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફનો ડર- અમેરિકન કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાને કારણે કિંમતો વધી છે.

ઉત્પાદકોની સ્પર્ધા- ઉત્પાદન અટકી જવાની ભીતિથી બધા અગાઉથી ખરીદી રહ્યા છે, આ જ કારણ છે કે આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક, એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

જો તમે ઓછી રકમ સાથે સોના કે ચાંદીમાં રોકાણ કરવા માગો છો, તો ગોલ્ડ કે સિલ્વર એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ્સ (ETF) દ્વારા એમાં રોકાણ કરી શકો છો. એક્સચેન્જ ટ્રેડેડ ફંડ સોનાના વધતા-ઘટતા ભાવો પર આધારિત હોય છે.

ગોલ્ડ કે સિલ્વર ETFsની ખરીદ-વેચાણ શેરની જેમ જ BSE અને NSE પર કરી શકાય છે. જોકે એમાં તમને સોના-ચાંદી મળતાં નથી. તમે જ્યારે એમાંથી બહાર નીકળવા માગો ત્યારે તમને એ સમયના સોના-ચાંદીના ભાવ બરાબર પૈસા મળી જશે.

# સેન્સેક્સ 780 પોઈન્ટ ઘટીને 84,181 પર બંધ: નિફ્ટી 25,877 પર બંધ થયો, મેટલ, બેંકિંગ અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં વેચવાલી

મુંબઈ, તા.08

8 જાન્યુઆરીએ શેરબજારમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ 780 પોઈન્ટ ઘટીને 84,181 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 264 પોઈન્ટ ઘટીને 25,877 પર બંધ થયો હતો.




સવારે બજારની શરૂઆત નેગેટિવ રહી હતી. શરૂઆતના કેટલાક કલાકોમાં બજારે રિકવર થવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અંતિમ કલાકોમાં મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને બેંકિંગ શેરોમાં વેચવાલી વધુ તેજ બની હતી.

કોલ ઈન્ડિયાની પેટાકંપની ભારત કોકિંગ કોલ લિમિટેડ (BCCL)નો IPO આવતીકાલે એટલે કે 9 જાન્યુઆરીથી ખુલશે. આ ઈશ્યુ 13 જાન્યુઆરી સુધી ખુલ્લો રહેશે. કંપની આ દ્વારા 1,071.11 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે.

એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.75% ઉપર 4,585 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.58% નીચે 51,660 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.12% નીચે 26,161 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.04% વધીને 4,087 પર કારોબાર કરી રહ્યો છે.

7 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.94% ઘટીને 48,996 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.16% નો વધારો અને S&P 500માં 0.34% નો ઘટાડો રહ્યો.

7 જાન્યુઆરીએ FIIs એ 1,669 કરોડના શેર વેચ્યા હતા. જ્યારે DIIs એ 2,992 કરોડના શેર ખરીદ્યા હતા.

ડિસેમ્બર 2025માં FIIsએ કુલ 34,350 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા.

નવેમ્બર મહિનામાં FIIsએ કુલ 17,500 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,084 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

આ પહેલા ગઈકાલે એટલે કે 7 જાન્યુઆરીએ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ લગભગ 102 પોઈન્ટના ઘટાડા સાથે 84,961ના સ્તરે બંધ થયો હતો. નિફ્ટીમાં પણ 37 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 26,140ના સ્તરે બંધ થયો હતો.

# ચાંદીની જ્વેલરી તથા કલાકૃતિઓને ફરજિયાત હોલમાર્કિંગની વિચારણા

મુંબઈ, તા.08

ચાંદીના વિક્રમી ભાવને ધ્યાનમાં રાખી ચાંદીની જ્વેલરી તથા કલાકૃતિઓને ફરજિયાત હોલમાર્કિંગ પદ્ધતિ હેઠળ આવરી લેવા સરકાર વિચારી રહી છે. આ કિંમતી ધાતુના ખરીદદારોની સલામતિને વધુ મજબૂત બનાવવાના ભાગરૂપ આ વિચારણા થઈ રહી છે, એમ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાડર્ડસ (બીઆઈએસ)ના સુત્રોએ જણાવ્યું હતું. હાલમાં ચાંદીના હોલમાર્ક સ્વૈચ્છીક છે જ્યારે સોના પર હોલમાર્ક ફરજિયાત છે. ચાંદીના હોલમાર્કિંગને ફરજિયાત બનાવવા ઉદ્યોગ તરફથી જ માગણી કરવામાં આવી છે.



હોલમાર્કિંગને ફરજિયાત બનાવવા પહેલા નિયમનકારી તથા માળખાકીય આવશ્યકતાઓનો બીઆઈએસ અંદાજ મેળવી લેવા માગે છે.

ચાંદીની શુદ્ધતા તપાસવા માટેની ક્ષમતા તથા તેની પરખના ધોરણો પણ ચકાસવાના રહેશે. હાલની સ્વૈચ્છીક પદ્ધતિ હેઠળ હોલમાર્ક કરાયેલા ચાંદીની ચીજવસ્તુઓ પર હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન (એચયુઆઈડી) નંબર હોય છે, જેના આધારે ખરીદદાર બીઆઈએસના ડેટાબેઝ મારફત જે તે ચાંદીની શુદ્ધતા ચકાસી શકે છે.

તાજેતરમાં ચાંદીના ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો છે અને તેની માગ પણ વધી રહી છે. આવી સ્થિતિમાં ચાંદીની શુદ્ધતા મહત્વની બની રહે છે અન્યથા ખરીદદારો સામે છેતરાઈ જવાના જોખમ રહેલા છે, એમ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

સોનામાં હોલમાર્કિંગને ફરજિયાત બનાવાયા બાદ તેમાં થયેલા અનુભવોનો હાલમાં અભ્યાસ થઈ રહ્યો છે અને કોઈપણ ક્ષતિઓ જણાશે તો તેને દૂર કરાશે અને પછી જ ચાંદી બાબતે નિર્ણય લેવાશે, એમ બીઆઈએસના સુત્રોએ ઉમેર્યું હતું.

વિશ્વમાં ભારત ચાંદીનો મોટો વપરાશકાર દેશ છે. સોનાની ૭૫૦થી ૮૦૦ ટન સામે ચાંદીની વાર્ષિક માગ ભારતમાં ૬૦૦૦થી ૭૦૦૦ ટનની વચ્ચે જોવા મળે છે.

ભારતે પોતાની ચાંદીની માગને પહોંચી વળવા મોટેપાયે આયાત કરવી પડે છે.

ચાંદીમાં હોલમાર્કિંગને ફરજિયાત બનાવવાનો મુદ્દો હાલમાં પ્રાથમિક તબક્કામાં છે અને તેના પર હિસ્સેદારોના મત મેળવાયા બાદ જ ચોક્કસ નિર્ણય લેવાશે એમ બીઆઈએસના સુત્રોએ વધુમાં જણાવ્યું હતું.

# દીકરાએ પિતા પહેલાં દુનિયા ના છોડવી જોઈએ: અગ્નિવેશના નિધનથી ભાંગી પડ્યા વેદાંતાના ચેરમેન અનિલ અગ્રવાલ, ટ્વીટમાં લખ્યું, તે મારી દુનિયા હતો, કમાણીના 75% હિસ્સાનું દાન કરશે

પટના, તા.08

વેદાંતા ગ્રુપના ચેરમેન અનિલ અગ્રવાલના પુત્ર અગ્નિવેશનું નિધન થયું છે. તેમની ઉંમર માત્ર 49 વર્ષ હતી. અનિલ અગ્રવાલે સોશિયલ મીડિયા પોસ્ટમાં આ માહિતી આપી. અનિલ અગ્રવાલે જણાવ્યું છે કે તેમના પુત્ર અગ્નિવેશનો જન્મ 3 જૂન 1976ના રોજ પટનામાં થયો હતો. તેમણે પોતાના પુત્રને એક ખેલાડી, સંગીતકાર અને લીડર ગણાવ્યો, જે તેમની નમ્રતા અને દયાળુતા માટે જાણીતા હતા.

અગ્રવાલે X પર એક પોસ્ટમાં લખ્યું- આજ મારા જીવનનો સૌથી દુ:ખદ દિવસ છે. મારા પ્રિય પુત્ર અગ્નિવેશે અમને ખૂબ જ જલદી અલવિદા કહી દીધું. તેઓ માત્ર 49 વર્ષના હતા, સ્વસ્થ હતા, જીવનથી ભરપૂર હતા અને તેમનાં સપનાં પણ ઘણાં હતાં.

અમેરિકામાં સ્કીઈંગ દુર્ઘટના પછી ન્યૂયોર્કના માઉન્ટ સિનાઈ હોસ્પિટલમાં તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો હતો. અમને લાગ્યું હતું કે હવે બધું બરાબર થઈ ગયું છે, પરંતુ કિસ્મતને કંઈક બીજું જ મંજૂર હતું. અચાનક હૃદય બંધ થયું ને અમારા પુત્રને અમારી પાસેથી છીનવી લીધો.

મારા માટે, તે માત્ર મારો પુત્ર નહોતો, તે મારો મિત્ર હતો, મારું ગૌરવ હતો, મારી દુનિયા હતો, પરિવાર આ ક્ષતિથી વ્યાકુળ છે. કિરણ અને હું તૂટી ગયા છીએ. મેં અગ્નિને વચન આપ્યું હતું કે અમે જે પણ કમાઈશું એનો 75%થી વધુ હિસ્સો સમાજને પરત કરીશું.

કોમર્સમાં ગ્રેજ્યુએટ અગ્નિવેશ ઝિંક ઉત્પાદક કંપની હિન્દુસ્તાન ઝિંક લિમિટેડના 2019 સુધી ચેરમેન રહ્યા. તેમણે ભારતમાં માઈનિંગમાં એ સમયે પ્રચલિત ટેક્નિકને મોડર્ન બનાવી, જેને ઈન્ટરનેશનલ બેન્ચમાર્ક માનવામાં આવી. તેમણે હિન્દુસ્તાન ઝિંકને વિશ્વની ટોચની કંપનીઓમાં સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

તેમની સાથે જ તેઓ ફુજૈરાહ ગોલ્ડના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર રહ્યા છે, જેની સ્થાપના 2009માં થઈ હતી અને ત્યારથી તેઓ અલુવર્કસ લિમિટેડના બોર્ડમાં સામેલ હતા, સાથે જ વેદાંતા સાથે જોડાયેલી પાવર કંપનીના બોર્ડમાં પણ સામેલ હતા.

તેઓ 1995થી 2013 સુધી મદ્રાસ એલ્યુમિનિયમ કંપની લિમિટેડના ડાયરેક્ટર રહ્યા, સાથે જ 2009થી સ્ટર્લાઈટ એનર્જી લિમિટેડના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર પણ હતા.

મેટલકિંગના નામે જાણીતા અનિલ અગ્રવાલના પરિવારના મૂળ રાજસ્થાનમાં રહ્યા છે. તેમના પિતા મારવાડી સમાજમાંથી હતા, જેઓ વ્યવસાયના અર્થે બિહાર ગયા હતા. અનિલ અગ્રવાલનો જન્મ 1954માં પટનામાં થયો હતો. અનિલનું પ્રારંભિક શિક્ષણ પટનામાં જ થયું હતું.



અનિલ અગ્રવાલના પિતા દ્વારકા પ્રસાદ અગ્રવાલ પટનામાં એલ્યુમિનિયમ કંડક્ટરની એક નાની દુકાન ચલાવતા હતા. પિતાની આવક બહુ વધારે નહોતી. અનિલ અગ્રવાલ ચાર ભાઈ-બહેન હતા. તેઓ સરકારી શાળામાં ભણ્યા, ત્યાર બાદ આગળના અભ્યાસ માટે તેમને પટનાથી બહાર જવાનું હતું, પરંતુ તેમણે નક્કી કર્યું કે તેઓ પિતાના બિઝનેસમાં મદદ કરશે.

પટનામાં પિતા સાથે થોડાં વર્ષો કામ કર્યા પછી અનિલને બહાર જવાનું મન થયું. 19 વર્ષની ઉંમરે તેઓ પટનાથી મુંબઈ આવ્યા. સાથે એક ટિફિન બોક્સ અને પથારી હતી. અનિલએ પિતાને બિઝનેસ કરતા જોયા હતા, તેથી તેમને નોકરીની દુનિયા પસંદ ન આવી. મુંબઈમાં તેમણે ૯ બિઝનેસ શરૂ કર્યા, પરંતુ તમામ નિષ્ફળ રહ્યા. ત્યાર બાદ તેમણે વેદાંતાની સ્થાપના કરી. વેદાંતા આજે ઝિંક, લેડ, એલ્યુમિનિયમ અને સિલ્વર બનાવનારી દુનિયાની સૌથી મોટી કંપનીઓ પૈકીની એક છે. તેના ફાઉન્ડર અનિલ અગ્રવાલ ભારતના 'મેટલમેન' તરીકે ઓળખાય છે, પરંતુ તેમની સફર પડકારોથી ભરેલી રહી છે.

મુંબઈ આવ્યા પછી કેટલાંક વર્ષો સુધી અનિલ અલગ-અલગ ધંધામાં હાથ અજમાવતા રહ્યા. કેટલોક સમય તેમણે કબાડીનો બિઝનેસ પણ કર્યો હતો.

કેમ્બ્રિજમાં એકવાર તેમણે જણાવ્યું હતું કે 'મારા શરૂઆતનાં 30 વર્ષ સંઘર્ષમાં વીત્યાં. વર્ષો સુધી ડિપ્રેશનમાં રહ્યો. એ પછી મુંબઈમાં એક ઘર લીધું અને પત્ની તથા પુત્રને પણ બોલાવી લીધાં.' કેમ્બ્રિજમાં સ્પીચ દરમિયાન અનિલ અગ્રવાલે પત્નીનાં વખાણ કરતાં કહ્યું હતું કે તેમણે એ નાનકડા મકાનને ઘર બનાવી દીધું.

એકવાર સોશિયલ મીડિયા પર અનિલ અગ્રવાલે જણાવ્યું હતું કે 'મેં ઘણી આશાઓ સાથે પહેલી કંપની ખરીદી, પરંતુ કોઈ ખાસ ફાયદો થયો નહીં. દસ વર્ષ ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાં વીત્યાં. ત્યાર બાદ 1976માં શમશેર સ્ટર્લિંગ કેબલ કંપની ખરીદી. ત્યારે મારી પાસે વર્ક્સને સેલરી આપવા અને રો-મટીરિયલ ખરીદવા માટે પણ પૈસા નહોતા.'

'આખો દિવસ હું પેમેન્ટ ક્લિયર કરાવવા માટે બેંકોનાં ચક્કર કાપતો હતો. ત્યાર બાદ મેં અલગ-અલગ ફિલ્ડમાં ૯ બિઝનેસ શરૂ કર્યા. દરેક બિઝનેસમાં નિષ્ફળતા મળી, પરંતુ મેં હાર ન માની.'

ત્યાર બાદ 1976માં અનિલે એક નવી કંપની શરૂ કરી અને નામ રાખ્યું વેદાંતા રિસોર્સીસ. શરૂઆતમાં જ આ બિઝનેસમાં તેમને ફાયદો થવા લાગ્યો. આ નફાનો ઉપયોગ તેમણે બીજી કંપનીઓનું અધિગ્રહણ કરવામાં કર્યો. 1993માં તેમણે ઔરંગાબાદમાં એલ્યુમિનિયમ શીટ્સ અને ફોઈલ્સ બનાવવાનો પ્લાન્ટ નાખ્યો, સાથે જ વેદાંતા ભારતની પહેલી કોપર રિફાઈનરી ખાનગી કંપની બની ગઈ.

2001માં ભારત સરકારે ખાનગી કંપનીઓને સરકારી કંપનીઓમાં હિસ્સેદારીની ઓફર આપી હતી. ત્યારે વેદાંતા રિસોર્સીસે ભારત એલ્યુમિનિયમ કંપની (BALCO)માં 51% શેર ખરીદી લીધા હતા. આ સોદો 551.50 કરોડ રૂપિયામાં થયો હતો.

એના પછીના જ વર્ષે વેદાંતાએ હિન્દુસ્તાન ઝિંક લિમિટેડમાં 65% હિસ્સેદારી ખરીદી લીધી. આ રીતે વેદાંતા રિસોર્સીસ જાહેર ક્ષેત્રની બે કંપનીમાં અડધાથી વધુ શેરની ભાગીદાર બની ગઈ. એવું કહેવાય છે કે જ્યારે આ બંને કંપનીઓમાં વેદાંતાએ હિસ્સો ખરીદ્યો ત્યારે તેમની હાલત સારી નહોતી.

આ બંને માઈનિંગ કંપનીઓ હતી. વેદાંતાનો પણ આ જ સેક્ટરમાં બિઝનેસ હતો. એવામાં અનિલ અગ્રવાલના આ નિર્ણયથી વેદાંતાને પુષ્કળ ફાયદો થયો. અહીંથી જ મેટલ પ્રોડક્શન સેક્ટરમાં અનિલ અગ્રવાલ સ્થાપિત થઈ ગયા. તેમને ભારતના 'મેટલમેન' કહેવામાં આવ્યા.

# સરકારે એરલાઇન્સને પૂછ્યું ડિસેમ્બરમાં કેટલું ભાડું વસૂલ્યું: ઇન્ડિગોની 4500 ફ્લાઇટ્સ રદ થવા પર મુસાફરોને અનેક ગણું ભાડું ચૂકવવું પડ્યું હતું

નવી દિલ્હી, તા.08

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA)એ ઇન્ડિગો સહિત એર ઇન્ડિયા, સ્પાઇસજેટ અને આકાસા એર પાસેથી ડિસેમ્બર મહિના દરમિયાન વસૂલવામાં આવેલા સરેરાશ ભાડાનો સંપૂર્ણ ડેટા માગ્યો છે. કેન્દ્ર સરકારે આ પગલું ત્યારે ભર્યું જ્યારે ગયા મહિને પાઇલટોની અછતને કારણે ઇન્ડિગોએ હજારો ફ્લાઇટ્સ રદ કરી હતી. જેના કારણે મુસાફરોને ભારે મુશ્કેલી પડી હતી અને તેમને અનેક ગણું ભાડું ચૂકવવું પડ્યું હતું.



ભારતના એવિએશન માર્કેટમાં લગભગ 63% હિસ્સો ધરાવતી ઇન્ડિગોએ એકલા ડિસેમ્બરમાં લગભગ 4,500 ફ્લાઇટ્સ રદ કરી હતી. કંપની પાસે પાઇલટોની ભારે અછત હતી, જેના કારણે તેને તેના દૈનિક 2,300 ઓપરેશન્સમાંથી મોટી સંખ્યામાં ફ્લાઇટ્સ રોકવી પડી હતી.

આ સંકટની અસર સમગ્ર દેશના હવાઈ ટ્રાફિક પર પડી અને મજબૂરીમાં મુસાફરી કરનારા યાત્રીઓ પાસેથી એરલાઇન્સે મોટું ભાડું વસૂલ્યું.

કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI)એ ઈન્ડિગો વિરુદ્ધ તપાસ શરૂ કરી દીધી છે. કમિશન આ વાતની તપાસ કરી રહ્યું છે કે શું ઈન્ડિગોએ પોતાની મજબૂત સ્થિતિનો ફાયદો ઉઠાવીને ભાડામાં અયોગ્ય વધારો કર્યો છે.

નિયમો અનુસાર, કોઈ પણ કંપની બજારમાં પોતાની મોટી ભાગીદારીનો ઉપયોગ ગ્રાહકોના શોષણ માટે કરી શકતી નથી. ફ્લાઇટ્સ કેન્સલ થવા પાછળનું મુખ્ય કારણ DGCA દ્વારા પાઇલટોના ડ્યુટી અને રેસ્ટ (FDTL) નિયમોને સખત રીતે લાગુ કરવાનું જણાવવામાં આવી રહ્યું છે.

નવા નિયમો હેઠળ પાઇલટો માટે સાપ્તાહિક આરામ વધારી દેવામાં આવ્યો છે અને રાત્રે ઉડાન ભરવાના કલાકો ઘટાડવામાં આવ્યા છે.

# 2025-26માં ભારતનો જીડીપી 7.4 ટકા રહેવાનો અંદાજ

નવી દિલ્હી, તા.08

ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭.૪ ટકાના દરથી વધવાનો અંદાજ છે એટલે કે ૨૦૨૫-૨૬માં ભારતનો જીડીપી ૭.૪ ટકા રહેવાની આશા છે. અમેરિકાના ટેરિફ અને વૈશ્વિક અનિશ્ચિતતા છતાં ભારત સમગ્ર વિશ્વમાં સૌથી ઝડપથી વિકાસ પામતા અર્થતંત્રનું સ્ટેટ્સ જાળવી રાખશે.

સ્ટેટિસ્ટિક્સ એન્ડ પ્રોગ્રામ ઈમ્પ્લિમેન્ટેશન મંત્રાલય દ્વારા જારી ફર્સ્ટ એડવાન્સ એસ્ટિમેટ મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ એટલે કે એપ્રિલ, ૨૦૨૫થી માર્ચ, ૨૦૨૬ દરમિયાન જીડીપી ૭.૪ ટકા રહેશે. આ અંદાજ આરબીઆઇના ૭.૩ ટકાના અંદાજ અને સરકારના અગાઉના ૬.૩ થી ૬.૮ ટકાના અંદાજ કરતા વધારે છે.

ઉલ્લેખનીય છે કે ગત નાણાકીય વર્ષમાં ભારતનો જીડીપી ૬.૫ ટકા રહ્યો હતો. અમેરિકા દ્વારા ભારતીય વસ્તુઓ પર ૫૦ ટકા ટેરિફ, વેપાર તંગદિલી વધવા અને મહત્ત્વપૂર્ણ નિકાસ સેક્ટરોમાં અવરોધનો ખતરો જેવા પડકારો છતાં ભારતીય અર્થતંત્ર ૭.૪ ટકાનાં દરે વિકાસ કરી રહ્યું છે તે એક મહત્ત્વપૂર્ણ બાબત છે.

સરકારે જીએસટીના દરોમાં ઘટાડો કરતા અનેક વસ્તુઓ પરના ટેક્સમાં ઘટાડો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે ગયા મહિને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (આઈએમએફ)એ જણાવ્યું હતું કે અમેરિકા-ભારત વેપાર સમજૂતીમાં થઈ રહેલા વિલંબને કારણે ભારતનો જીડીપી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૬.૬ ટકા અને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં ૬.૨ ટકા રહેવાનો અંદાજ છે.

# વેનેઝુએલાના 'ખજાના' અંગે વધુ એક ઘટસ્ફોટ, 5.40 લાખ કરોડના બિટકોઈન છુપાવાયા

વોશિંગ્ટન, તા.08

ડોનાલ્ડ ટ્રમ્પના હુમલા અને પ્રમુખની ધરપકડ બાદ હવે અમેરિકા અને વિશ્વની નજર વેનેઝુએલાના ઓઈલ ભંડારો અને આ રિઝર્વમાંથી કરોડો ડોલરની કમાણી પર મંડાયેલી છે. જોકે રસપ્રદ વાત એ છે કે વેનેઝુએલાના તાજેતરના ઘટનાક્રમમાં વૈશ્વિક નાણાકીય બજારો ફક્ત દેશના વિશાળ ઓઈલ ભંડાર (આશરે 303 અબજ બેરલ) પર ધ્યાન જ કેન્દ્રિત કરી રહ્યા નથી, પરંતુ સંભવિત બિટકોઈન હોલ્ડિંગ અંગે પણ ચર્ચાઓ તીવ્ર બની છે. કેટલાક નિષ્ણાતોનો દાવો છે કે વેનેઝુએલામાં માદુરો સરકાર પાસે મોટી માત્રામાં બિટકોઈન હોઈ શકે છે, જેની કિંમત આશરે 60 અબજ ડોલર એટલે કે ભારતીય ચલણમાં આશરે રૂ. 5.40 લાખ કરોડ સુધી હોવાનો અંદાજ છે. નિષ્ણાતોનું માનવું છે કે જો વેનેઝુએલાના આ કથિત બિટકોઈન જપ્ત કરવામાં આવે અથવા બજારમાં વેચવામાં આવે, તો વૈશ્વિક ક્રિપ્ટોકરન્સી અને નાણાકીય બજારોમાં ભારે હલચલ મચી શકે છે. જોકે, હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી. લેટિન અમેરિકન ક્રિપ્ટો ફર્મ 'ઓરાન્જેબીટીસી'ના સીઈઓ ગુઈ ગોમ્સના જણાવ્યા અનુસાર, અમેરિકન પ્રતિબંધોને કારણે વેનેઝુએલા લાંબા સમયથી આંતરરાષ્ટ્રીય



બેન્કિંગ સિસ્ટમથી કપાયેલું છે. આથી, માદુરો સરકારે પોતાની અર્થવ્યવસ્થા ટકાવી રાખવા માટે સોનું અને ડોલરની સાથે બિટકોઈન જેવી વૈકલ્પિક સંપત્તિઓનો આશરો લીધો હોય તેવી પ્રબળ શક્યતા છે. બિટકોઈન બ્લોકચેન ટેકનોલોજી પર કામ કરતું હોવાથી તેના વ્યવહારો પારદર્શક તો છે, પરંતુ માલિકની ઓળખ ગુપ્ત રહે છે. આ જ કારણ છે કે સરકાર કે કોઈ વ્યક્તિ પાસે કેટલા બિટકોઈન છે અને તે ક્યાં છુપાવેલા છે, તે શોધવું અત્યંત જટિલ કાર્ય છે. રિપોર્ટ્સ અનુસાર વેનેઝુએલા પાસે 60 અબજ ડોલરના બિટકોઈન હોવાનો દાવો કરવામાં આવ્યો છે, પરંતુ બ્લોકચેન એક્સપર્ટ્સ આ આંકડાને લઈને હજુ સાવધ છે. ગોમ્સના મતે, જો આ ડિજિટલ ખજાનો અસ્તિત્વમાં હોય, તો તે કોઈ એક જગ્યાએ નહીં પરંતુ હજારો અલગ-અલગ વોલેટ્સમાં વહેંચાયેલો હશે.


## પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

### વિવિધ એન્જીનિયરીંગ કામ

| ક્રમ નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૫૦-૨૦૨૫-૨૬ | ગ્રુપ કામ (૧) રાજકોટ - જેતલસર સેક્શન - TRR(P) ૫.૩૨૦ TKM ના મંજૂર થયેલા કામની સામે ટ્રેક રિન્યુઅલ કામ (૨) ભાવનગર ડિવિઝન : સિનિ. DEN(C) અધિકારક્ષેત્ર હેઠળ ૨.૦૦ કિ.મી. રેલનું કેઝ્યુઅલ રિન્યુઅલ. | ૧,૩૨,૯૮,૫૩૬.૬૫ | ૨,૧૬,૫૦૦.૦૦ |
| ૦૨ | ૨૫૧-૨૦૨૫-૨૬ | માર્ગ અને મકાન તરફથી થયેલ માંગણી મુજબ રોડ સપાટીના વિસ્તરણ માટે સાસણગીર - તલાલા વચ્ચે કિ.મી. ૧૩૬/૨-૩ ખાતે પ્રસ્તાવિત LC નં. ૧૧૮/C | ૭૫,૨૩,૯૮૮.૪૯ | ૧,૫૦,૫૦૦.૦૦ |
| ૦૩ | ૨૫૨-૨૦૨૫-૨૬ | MLB થી ELB માટે ડબલ ઈલેક્ટ્રિકલ લિફ્ટીંગ બેરીયરની જોગવાઈ અને LC ગેટ નં. ૩ Spl (સિહોર-પાલીતાણા) અને 82X (જૂનાગઢ-શાપુર) નું વિસ્તરણ. | ૬૭,૫૯,૨૬૭.૪૯ | ૧,૩૫,૨૦૦.૦૦ |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે :- બિડિંગ પ્રારંભ થવાની તારીખ : ૧૬-૦૧-૨૦૨૬ અને બિડિંગ બંધ થવાની તારીખ: 30-૦૧-૨૦૨૬
વેબસાઈટ વિગત: www.ireps.gov.in

BVP-237

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# બીટકોઈન કેસમાં પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયાના જામીન મંજૂર

## અમદાવાદ એસીબી કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી, અગાઉ 8 પોલીસ કર્મચારીને જામીન મળ્યા હતા

**અમદાવાદ, તા.08**

સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટનું અપહરણ કરી 176 બિટકોઈન ટ્રાન્સફર કરવા અને 32 કરોડની ખંડણી માગવાના ગુન્હામાં ભાજપના પૂર્વ MLA નલિન કોટડિયા સહિત 14 આરોપીને દોષિત ઠરાવી અમદાવાદ ACB કોર્ટે આજીવન કેદની સજા કરવામાં આવી હતી. જે મામલે તમામ દોષિતોએ ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી ચુકાદાને પડકાર્યો છે. સાથે જ જામીન અરજી મૂકી હતી. જે પૈકી ગુજરાત હાઈકોર્ટે પહેલા અધિકારીઓના આદેશ ઉપર કામ કરનારા 9 પોલીસ કોન્સ્ટેબલને જામીન આપ્યા હતા. જો કે હવે પૂર્વ MLA નલિન કોટડિયાને પણ 50 હજારના બોન્ડ ઉપર જામીન આપવામાં આવ્યા છે.

આ મામલે ગત ઓગસ્ટ મહીનામાં અમદાવાદ ACB કોર્ટે નલિન કોટડિયા સહિત અમરેલીના તત્કાલિન પોલીસ અધિક્ષક જગદીશ પટેલ અને PI અનંત પટેલ, કોન્સ્ટેબલો સહિત 14 આરોપીને દોષિત ઠેરવીને આજીવન કેદની સજા ફટકારી હતી. આ કેસમાં ગુજરાત પોલીસ અને રાજકીય નેતાઓની સંડોવણી અત્યંત વિવાદીત અને ચર્ચાસ્પદ બની હતી. ACBની કોર્ટે આરોપીઓને સજા જાહેર કરવાની સાથે હોસ્ટાઈલ થયેલા 25 વ્યક્તિ



સામે કાનૂની કાર્યવાહી કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો. તે ઉપરાંત એક આરોપીને પુરાવાના અભાવે નિર્દોષ છોડવામાં આવ્યો હતો.

આ કેસની વિગતો જોતા વર્ષ 2018માં સુરતના બિલ્ડર શૈલેષ ભટ્ટ પાસેથી ખંડણીના મામલે કેસ નોંધાયો હતો. એક ફાયનાન્સ કંપનીમાં શૈલેષ ભટ્ટે બિટકોઇનમાં રોકાણ કર્યું હતું, જેના રૂપિયા ડૂબી ગયા હતા. તેથી તેણે કંપનીના માલિક અને કર્મચારીઓનું અપહરણ કરીને પૈસા પાછા માગ્યા હતા. શૈલેષ ભટ્ટે પોતાના મળતિયાઓને સાથે રાખીને બીટ કનેક્ટ લિમિટેડના કર્મચારી અને હોદ્દેદારનું અપહરણ કર્યું હતું અને તેમની પાસેથી બીટકોઈન, લાઈટ કોઈન તેમજ કરોડો રૂપિયા પડાવી લીધા હતા

ત્યાર પછી આ કેસમાં અમરેલી લોકલ ક્રાઈમ બ્રાન્ચના તત્કાલિન PI અનંત પટેલની ટીમે સરકારી વાહનમાં શૈલેષ ભટ્ટનું 11મી ફેબ્રુઆરી, 2018માં અપહરણ કરીને ખંડણી વસૂલી હતી. અપહરણ કરનારાઓએ શૈલેષ ભટ્ટને ગાંધીનગર નજીક લઈ જઈને 9 કરોડની કિંમતના 176 બિટકોઈન ટ્રાન્સફર કરીને 34 બિટકોઈન વેચાણ કરીને રૂ.2.35 કરોડ રોકડમાં આંગડિયામાં ટ્રાન્સફર કર્યા હતા. આ મામલે શૈલેષ ભટ્ટે ગાંધીનગરમાં ફરિયાદ કરતા CID ક્રાઈમને તપાસ સોંપાઈ હતી. CID ક્રાઈમે તપાસ કરીને અમરેલીના પૂર્વ LCBના PI અનંત પટેલ, SP જગદીશ પટેલ, ભાજપના પૂર્વ ધારાસભ્ય નલિન કોટડિયા સહિત 15 આરોપીની ધરપકડ કરીને કોર્ટમાં તબક્કાવાર કુલ 06 ચાર્જશીટ દાખલ કરી હતી.

# શાકભાજીની આડમાં MD ડ્રગ્સના વેચાણનો પર્દાફાશ: તાડવાડી માર્કેટના વેપારી પાસેથી 17 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળ્યું, બેને વોન્ટેડ જાહેર કરાયા....

**સુરત, તા.08**

સુરત શહેરમાં નશાના કારોબાર સામે પોલીસે લાલ આંખ કરી છે. શહેરના રાંદેર વિસ્તારમાં આવેલી તાડવાડી શાકમાર્કેટમાં શાકભાજીના વેપારની આડમાં ડ્રગ્સનું વેચાણ થતું હોવાની ચોંકાવનારી વિગત સામે આવી છે. રાંદેર પોલીસે બાતમીના આધારે ઓપરેશન હાથ ધરીને એક શખ્સને મેફેડ્રોન ડ્રગ્સના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે.

રાંદેર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, તાડવાડી શાકભાજી માર્કેટ પાસે એક શખ્સ નશાકારક પદાર્થ સાથે ઉભો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને નઝીલ રસીદ સૈયદ (ઉ.વ. 30) નામના ઈસમને પકડી પાડ્યો હતો. આરોપી



વ્યવસાયે શાકભાજીનો વેપાર કરે છે, પરંતુ તેની પાસેથી પોલીસને શાકભાજીને બદલે જીવલેણ ડ્રગ્સનો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસ તપાસમાં આરોપી નઝીલ સૈયદ પાસેથી કુલ 17.70 ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ મળી આવ્યું છે, જેની બજાર કિંમત આશરે રૂ. 53,100 જેટલી થાય છે. આ ઉપરાંત પોલીસે તેની પાસેથી રોકડા રૂ. 3,880 પણ જપ્ત કર્યા છે. સામાન્ય રીતે ભીડભાડવાળા વિસ્તાર એવા શાકમાર્કેટમાં ડ્રગ્સનું વેચાણ કરીને આરોપી પોલીસની નજરથી બચવાનો પ્રયત્ન કરતો હતો. ઝડપાયેલા આરોપીની પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું છે કે આ ડ્રગ્સનો જથ્થો પૂરો પાડવામાં ઉઝેફ શેખ અને શોયેબ નામના બે શખ્સોની સંડોવણી છે. હાલમાં પોલીસે આ બંને શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે અને તેમની શોધખોળ તેજ કરી છે. આરોપી નઝીલ સૈયદ અગાઉ પણ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળના ગુનામાં સંડોવાયેલો હોવાનું બહાર આવ્યું છે. શહેરના ગીચ વિસ્તારોમાં શાકભાજી જેવા વ્યવસાયની આડમાં ચાલતા આ નશાના કાળા કારોબારને ખુલ્લો પાડીને રાંદેર પોલીસે સરાહનીય કામગીરી કરી છે.

# એરપોર્ટ સર્કલ પાસે આઈસર, કાર અને બે બાઈક વચ્ચે અકસ્માત: એકનું ઘટનાસ્થળ પર જ મોત...

**વડોદરા, તા.08**

વડોદરા શહેરના એરપોર્ટ સર્કલ પાસે આઈસર અને બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજાઓને લઈ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટનામાં એક રાહદારીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું . આ ઘટનામાં આઈસર ચાલકે પહેલા એક ઝાડને ટક્કર મારી હતી અને બાદમાં નીકળી પર જતા રાહદારીને ઉડાવાયા અને બાદમાં બે બાઈક અને એક કાર ને ટક્કર મારી હતી. આ અકસ્માત અમિતનગર સર્કલથી પુરપાટ ઝડપે આવી રહેલ આઈસર ચાલકે અમિતનગર સર્કલથી એરપોર્ટ સર્કલ તરફ જતા પહેલા ઝાડને ટક્કર મારી હતી. બાદમાં આ આઈસર 60 થી 70 ફૂટ આગળ સુધી એક રાહદારી, બે બાઈક અને એક કારને અડફેટે લીધી હતી. જેમાં રાહદારી મૃતક હસમુખભાઈ સોમાભાઈ વણકર (ઉંમર વર્ષ 69) નું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું જ્યારે અન્ય એક બાઈક ચાલક દિલીપભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ ઘટના સ્થળે દિવ્ય ભાસ્કર પોહચ્યું હતું જ્યાં ઝાડના છોતરા નીકળી ગયા હતા એટલી ભયાનક આઈસર ચાલકે ટક્કર મારી હતી. આ ઘટનામાં આઈસર ચાલક



આગળ વધતા રાહદારીને ટક્કર મારતા ગંભીર ઈજાઓ ને લઈ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકનું એક પગરખું પણ ઘટના સ્થળે જોવા મળ્યું હતું. આ આખી ઘટનામાં કાર અને બે બાઈકને નુકસાન પોહચ્યું છે. આ ઘટનામાં મૃતકને સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. આ મામલે હરણી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટના અંગે જી બી બાંભણીયાએ જણાવ્યું હતું કે, આજે સવારે 10 વાગ્યે એક આઈસર ફોર-વ્હીલ હતું. આ આઈસર L&T બાજુથી એરપોર્ટ બાજુ આવતું હતું. કોઈપણ કારણોસર ડ્રાઈવરે તેનો કાબુ ગુમાવી બેસતા રાહદારી હસમુખભાઈ સોમાભાઈ 69 વર્ષના દાદા હતા તેને અડફેટે લીધા હતા. એક પેશનના ચાલક હતા પ્રશાંતભાઈ તેને પણ અને બીજા એક દિલીપભાઈ હતા. ત્રણ જણાને અડફેટે લીધા હતા. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. આ ઘટના અંગે વધુમાં કહ્યુંકે, આ ઘટનામાં ચાલક ફરાર થઈ ગયો છે પરંતુ તેમ ત્રણ મજૂરો હતા એ ત્રણ મજૂરોને લઈ આવ્યા છે.

# મુસ્લિમ ટોપી પહેરેલા AAP નેતાઓનાં પોસ્ટરથી હોબાળો: સુરતમાં VHPએ ઈસુદાન, ઈટાલિયા અને ચૈતર વસાવાના ચહેરા પર શાહી લગાવી

**સુરત, તા.08**

સુરતના ગોડાદરા વિસ્તારમાં આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત જાહેરસભા વિવાદોના વમળમાં ફસાઈ છે. સભા શરૂ થાય એ પહેલાં જ વિસ્તારમાં પક્ષના મુખ્ય નેતાઓના વિરોધમાં પોસ્ટરો લાગતાં રાજકારણ ગરમાયું છે. વિશ્વ હિન્દુ પરિષદ (VHP) દ્વારા આ નેતાઓને 'હિન્દુવિરોધી' ગણાવી ઉગ્ર વિરોધપ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સાથે મુસ્લિમ ટોપી પહેરેલા AAPના નેતાઓના ફોટા પર શાહી લગાવવામાં આવી હતી અને ફોટા ફાડવામાં પણ આવ્યા હતા.

VHPના કાર્યકર્તાએ કહ્યું, સાંજે 8 વાગ્યે ગોડાદરા વિસ્તારમાં 'મુઘલો'ની એક આમસભા છે. જેમ બાબર અને ઔરંગઝેબ અહીં આવીને ધીરે-ધીરે પોતાના પગ પેસારો કરતા હતા, એવી જ રીતે આમ આદમી પાર્ટી પોતાનો પગ પેસારો કરવાની કોશિશ કરી રહી છે. આજે આ આવ્યા છે, કાલે તેમની પાછળ વિધર્મીઓ આવશે, પછી અહીં લવ-જેહાદના કિસ્સાઓ ચાલુ થઈ જશે. ચેઈન-સ્નેચિંગ જેવી અનેક ઘટનાઓ વધશે.

આજે (8 જાન્યુઆરી) ગોડાદરા વિસ્તારમાં આમ આદમી પાર્ટીની પરિવર્તન સભા યોજવાની છે. ગોડાદરામાં ઠેર-ઠેર લગાવવામાં આવેલાં આ પોસ્ટરોમાં આમ




આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ગોપાલ ઈટાલિયા, ચૈતર વસાવા અને મનોજ સોરઠિયાના ફોટા મૂકવામાં આવ્યા હતા. આ પોસ્ટરોમાં ખાસ કરીને નેતાઓના ફોટા પર મુસ્લિમ ટોપી પહેરેલી હોય એવું એડિટિંગ કરવામાં આવ્યું હતું. પોસ્ટર પર નિમંત્રક તરીકે 'મુસ્લિમ સમાજ-મીઠી ખાડી' એવું લખાણ લખવામાં આવ્યું હતું. વિરોધકર્તાઓ દ્વારા આ નેતાઓનાં મોઢાં પર કાળી શાહી પણ ચોપડવામાં આવી હતી.

આ પોસ્ટરો સામે આવતાં જ વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો મોટી સંખ્યામાં રસ્તા પર ઊતરી આવ્યા હતા. VHP કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે આ નેતાઓ હિન્દુવિરોધી માનસિકતા ધરાવે છે. કાર્યકરોએ 'હિન્દુવિરોધી નેતાઓને અમારા વિસ્તારમાં નહીં આવવા દઈએ' એવા સૂત્રોચ્ચાર કરીને વાતાવરણ ગજવ્યું હતું. વિરોધપ્રદર્શન દરમિયાન ગોપાલ ઈટાલિયાનાં પોસ્ટરો ફાડી નાખવામાં આવ્યાં હતા અને અન્ય નેતાઓના ફોટા પર શાહી લગાવી રોષ વ્યક્ત કરાયો હતો.

સભા પૂર્વે થયેલા આ વિરોધપ્રદર્શનને પગલે ગોડાદરા વિસ્તારમાં વાતાવરણ તંગ બની ગયું છે. એક તરફ રાત્રે AAP પોતાની સભાને સફળ બનાવવા પ્રયાસ કરી રહી છે, તો બીજી તરફ હિન્દુ સંગઠનોના વિરોધને કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવી એ પોલીસ માટે પડકાર બની રહ્યો છે.

વીએચપીના કાર્યકર્તા જય શર્માએ જણાવ્યું હતું કે ગોડાદરા વિસ્તારમાં 'મુઘલો'ની એક આમસભા છે. આ આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલિયા, જે સનાતન ધર્મ વિરોધી માણસ છે, જે હંમેશાં ધર્મનો દુષ્પ્રચાર કરતો રહ્યો છે. ક્યારેક આપણી ભગવદ્ ગીતાનું અપમાન કરે છે, તો ક્યારેક આપણા કથાવાચકોનું અપમાન કરે છે. આવી વ્યક્તિ કાલે ગોડાદરામાં આવીને પોતાની પાર્ટીને લઈને અહીં રાજનીતિ ચમકાવવા માટે આમસભા કરવાનાં બેનરો અમે અત્યારે જોયાં. તમે જોઈ શકો છો કે કેવી રીતે ટોપી પહેરીને આ લોકોએ બેનર લગાવ્યાં છે. આનો આખા ગોડાદરા વિસ્તારના સનાતની ભાઈઓ વિરોધ કરે છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે અમે ઈચ્છીએ છીએ કે આ હિન્દુ બહુમતી ધરાવતો વિસ્તાર છે. અમે પ્રશાસનને વિનંતી કરીએ છીએ કે આ આમસભા બંધ કરાવે અને આ વિધર્મીઓને અહીંથી ધક્કો મારીને બહાર કાઢે. અમારા હિન્દુ બહુમતી વિસ્તારમાં તેમની 'નો એન્ટ્રી' છે.

આપ શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે ભાજપના નેતા સાથે ઘરોબો ધરાવનારા લોકોએ સભા પૂર્વે તોફાનો થાય, એવું વાતાવરણ કરવાની કોશિશ કરી એની સામે આજે મધરાતે ગોડાદરા પોલીસ સ્ટેશનના પી.આઇ.ને રૂબરૂ મળી આ તમામ અસામાજિક તત્ત્વો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા માટે ફરિયાદ કરી છે.

# સુરતથી કોળી સમાજ 100 ગાડીઓના કાફલા સાથે ભાવનગર પહોંચ્યા....

## ઋષિભારતી બાપુની આગેવાનીમાં પીડિત નવનીતની મુલાકાત લીધી

**સુરત, તા.08**

બગદાણાના નવનીતભાઈ બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના વિરોધમાં હવે કોળી સમાજમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ મામલે ન્યાયની માંગ સાથે સુરતથી કોળી સમાજનો મોટો કાફલો ભાવનગર પહોંચતા મામલો ગરમાયો છે. બગદાણાના સેવક નવનીતભાઈ બાલધિયા પર થયેલા જીવલેણ હુમલાના પડઘા હવે સમગ્ર રાજ્યમાં પડી રહ્યા છે. આ ઘટનાના વિરોધમાં સુરતનો કોળી સમાજ મેદાને આવ્યો છે. આજે સુરતથી 100 જેટલી ગાડીઓના કાફલા સાથે કોળી સમાજના અગ્રણીઓ ભાવનગરની નારી ચોકડી ખાતે આવી પહોંચ્યા હતા. નારી ચોકડી ખાતે કોળી સમાજના યુવા અગ્રણી ચિરાગ ઝાલા, પિન્ટુ કોળી, શૈલેષભાઈ મેર અને સાધુ-સંતોમાં ઋષિ ભારતી બાપુની આગેવાનીમાં વિશાળ સંખ્યામાં સમાજના લોકો એકઠા થયા હતા. અહીંથી આ કાફલો સીધો મહુવા હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો, જ્યાં સારવાર લઈ રહેલા પીડિત નવનીતભાઈની મુલાકાત લીધી હતી અને તેમના ખબર-અંતર પૂછ્યા હતા. નવનીતભાઈ બાલધિયા કેસની ગંભીરતાને જોતા પોલીસ વિભાગ



દ્વારા SITની રચના કરવામાં આવી છે. SIT દ્વારા હાલ તપાસનો ધમધમાટ તેજ કરી દેવામાં આવ્યો છે, પરંતુ કોળી સમાજ આ તપાસથી સંતુષ્ટ નથી. સમાજના આગેવાનોનો આક્ષેપ છે કે, હજુ સુધી મુખ્ય સૂત્રધારનું નામ પોલીસ ફરિયાદમાં દાખલ કરવામાં આવ્યું નથી. જ્યાં સુધી મુખ્ય આરોપીની ધરપકડ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની ચીમકી અપાઈ છે. આ પ્રસંગે ઋષિભારતી બાપુએ સરકારની કામગીરી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે નામ લીધા વગર નિશાન સાધતા જણાવ્યું હતું કે, સમાજને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી આ લડત ચાલુ રહેશે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, જો ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ થશે તો આગામી સમયમાં આ આંદોલન વધુ ઉગ્ર બની શકે છે. હાલ મહુવા અને આસપાસના વિસ્તારમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

# વડોદરામાં વિરાટ-રોહિતની ઝલક જોવા ફેન્સની ભાગમભાગ: હોટલ હયાત પેલેસ વિરાટ... વિરાટ...ના નારા લગાવ્યા

**વડોદરા, તા.08**

11 જાન્યુઆરીના રોજ વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે સિરીઝની પ્રથમ વન-ડે મેચ રમાવાની છે. જેને લઈને ભારત અને ન્યૂઝીલેન્ડની ટીમ ગઈકાલે વડોદરા આવી પહોંચી હતી. ટીમ ઈન્ડિયા શહેરની હાયત પેલેસ હોટલમાં રોકાઈ છે. જ્યાં વિરાટ કહોલી અને રોહિત શર્મા સહિતના ક્રિકેટર્સની એક ઝલક જોવા ચાહકો ઉમટી પડ્યા હતા. હાલ ટીમ ઈન્ડિયા હયાત પેલેસથી કોટંબી સ્ટેડિયમ પ્રેક્ટિસ કરવા પહોંચી ગઈ છે. તો બીજી તરફ હોટલ વેલકમમાં રોકાયેલી ન્યૂઝીલેન્ડની ટીમ આજે સવારે કોટંબી સ્ટેડિયમ પર પ્રેક્ટિસ માટે રવાના થઈ હતી. કિવિઝ ખેલાડીઓ સાથે ફોટો પડાવવા ચાહકો પડાપડી કરતા જોવા મળ્યા હતા. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ સ્ટેડિયમ ખાતે પ્રેક્ટિસ કરવા રવાના થયા તે સમયે હોટલ હયાત પેલેસ બહાર મોટી સંખ્યામાં ચાહકોએ વિરાટ... વિરાટ... કોહલી... કોહલી...ના નારા લગાવ્યા હતા. કેટલાક ચાહકો વિરાટ અને રોહિતના પેઈન્ટિંગ લઈને તેમને આપવા માટે આવ્યા હતા. તો બીજી તરફ ટીમ ઈન્ડિયા ક્રિકેટરોને જોવા ફેન્સ ટેરેસ પર



પણ ચડી ગયા હતા. લોકોએ ટીમ ઈન્ડિયાની એક ઝલક મેળવવા ભાગદોડ કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સાંજે 7 વાગ્યાથી રાત્રે 1 વાગ્યા સુધી હોટલની બહાર વિરાટ કોહલીનો ફોટો અને ઓટોગ્રાફ મેળવવા ફેન્સ ઉભા રહ્યા હતા. જ્યારે આજે સવારે 8 વાગ્યાથી ફરી ફેન્સ હોટલ બહાર પહોંચી ગયા હતા. કેટલાક ફેન્સ તો પોતાની નોકરીમાં રજા મૂકીને વિરાટ કોહલીની ઝલક જોવા પહોંચ્યા હતા. વિરાટ કોહલીના ચાહક અર્જુનભાઈ બજાણીયાએ જણાવ્યું હતું કે, હું અહીં વિરાટ સરનો એક ફોટો લઈને આવ્યો છું, જેના પર મારે એમની સાઈન (ઓટોગ્રાફ) જોઈએ છે. હું વિરાટ સરનો બહુ મોટો ફેન છું અને એમને મારા આદર્શ માનું છું, એટલે જ આજે અહીં આવ્યો છું. આ ફોટો મને મારા મિત્રએ મારા જન્મદિવસે ગિફ્ટમાં આપ્યો હતો. જ્યારે હું પોતે ટેનિસ ક્રિકેટ રમતો હતો અને મેં ટેનિસ બોલથી રન બનાવ્યા હતા, ત્યારે મિત્રએ મને આ ભેટ આપી હતી. જોકે, ક્રિકેટમાં મારું કરિયર ન બની શક્યો, પણ વિરાટ સર પ્રત્યેનો મારો પ્રેમ અકબંધ છે. હું એક મધ્યમ વર્ગના પરિવારમાંથી આવું છું એટલે મેદાન પર જઈને મેચ જોવાનું હંમેશા શક્ય નથી હોતું. હું એમને હંમેશા ટીવી પર જ જોઉં છું. પણ અત્યારે જ્યારે તેઓ વડોદરા આવ્યા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599




